RNI NO GUJGUJ/2005/23814

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

JAMNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ


● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા | શિવમ બિલ્ડીંગ, અનુપમ ટોકીઝ પાસે, જામનગર ૯૭૨૭૯૧૧૦૮૭

● સંવત ૨૦૮૨ ભાદરવા સુદ - ૧૩ | ગુરૂવાર તા.૨૪-૦૯-૨૦૨૬ | અંક : ૨૨૬ વર્ષ : ૨૧ | jamnagar@aaspassaindia.com | કિંમત રૂા. ૨-૫૦ | પાના - ૮

# આંધ્ર પ્રદેશના દરિયાકાંઠે ચક્રવાત અર્નબ ટકરાયું

### ઓડિશામાં ભારે વરસાદથી અનેક પુલ ધોવાયા, ૫૦૦૦ લોકોને સુરક્ષિત સ્થળે ખસેડાયા; બંગાળમાં પણ એલર્ટ






નવી દિલ્હીઃ બંગાળની ખાડીમાંથી સર્જાયેલું અર્નબ ચક્રવાત ઉત્તર આંધ્ર પ્રદેશ અને દક્ષિણ ઓડિશાના દરિયાકાંઠે મોડી રાત્રે ૧૧થી ૧ વાગ્યાની વચ્ચે ટકરાયું. તેના કારણે બંને રાજ્યોના અનેક વિસ્તારોમાં ભારે વરસાદ પડી રહ્યો છે. ઓડિશામાં આશરે ૫ હજાર લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા છે. દક્ષિણ જિલ્લાઓમાં ૪થી વધુ પુલ અને રસ્તાઓ ધોવાઈ ગયા છે.આંધ્ર પ્રદેશના શ્રીકાકુલમ જિલ્લાના કલિંગપટ્ટનમના અનેક વિસ્તારોમાં ભારે વરસાદ સાથે ૭૫ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાયો. વિજયવાડામાં સવારથી સતત વરસાદ પડી રહ્યો છે, જેના કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયું છે. શહેરની અનેક શાળાઓમાં સતત બીજા દિવસે રજા જાહેર કરવામાં આવી છે.હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આ સિસ્ટમ છેલ્લા ૬ કલાકમાં ૩ કિમી પ્રતિ કલાકની ઝડપે પશ્ચિમ-ઉત્તરપશ્ચિમ દિશામાં આગળ વધી છે.બીજી તરફ, પશ્ચિમ બંગાળના કેટલાક ભાગોમાં પણ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. દાર્જિલિંગ અને કાલિમ્પોંગમાં ભૂસ્ખલનની ચેતવણી જાહેર કરવામાં આવી છે.

## સરકારી કર્મચારીઓને ઘી-કેળાંઃ નવા પગાર પંચમાં ૧૮ લાખ સુધી એરીયર, બેઝિક સીધો અઢી ગણો

નવી દિલ્હીઃ કેન્દ્ર સરકારના કર્મચારીઓ આઠમા પગારપંચની કાગડોળે રાહ જોઈ રહ્યા છે. આ સાથે કેન્દ્ર સરકારના કર્મચારીઓની કેટલીક માગ પણ છે. વાત મૂળ એવી છે કે, ફિટમેન્ટ ફેક્ટરના તેના દ્વારા બેઝિક પગાર, DA અને એરિયર્સ નક્કી કરવામાં આવે છે. હાલમાં આ ફેક્ટર પર શું નવો નિર્ણય છે એ સ્પષ્ટ નથી પણ કેન્દ્ર સરકારના જ અનેક એવા કર્મચારીઓની એવી માગ છે કે, ફિટમેન્ટ ફેક્ટરમાં ફેરફાર કરવામાં આવે. આની સીધી અસર કર્મચારીના એરિયસ પર થઈ શકે છે. આઠમાં પગારપંચને લઈને હાલમાં ગ્રાઉન્ડ લેવલ પર કામ ચાલી રહ્યું છે, દેશના અનેક શહેરમાં કર્મચારી તથા કેન્દ્રના ઉચ્ચ અધિકારીઓની ટીમ જે તે કચેરીની મુલાકાત લઈ રહ્યા છે. આઠમા પગારપંચને લઈ હજુ કેટલીક સ્પષ્ટતાઓ બાકી છે. હવે વાવડ એ મળી રહ્યા છે કે, વેતન આયોગ લાગુ થવામાં મોડું થઈ શકે છે. હવે મોડું થશે તો કેટલાક કર્મચારી વર્ગને ૧૮ લાખ રૂપિયાનું એરિયસ મળી શકે છે.

## આંધ્રપ્રદેશના શ્રીકાકુલમમાં ટ્રેનની અડફેટે આવતા ચાર યુવકોના મોત

શ્રીકાકુલમઃ આંધ્રપ્રદેશના શ્રીકાકુલમ જિલ્લામાં એક ટ્રેન અકસ્માત સર્જાયો હતો. જેમાં રાજ રાની એક્સપ્રેસ ટ્રેનની અડફેટે આવેલા પાંચ યુવાનોમાંથી ચાર યુવકના મોત થયા છે. જ્યારે એકની હાલત ગંભીર છે. આ અકસ્માતની માહિતી

આભાર - નિહારીકા રવિયા મળતાં જ પોલીસ અને રેલવેના અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા અને રાહત તથા બચાવ કામગીરી શરૂ કરી હતી. શ્રીકાકુલમના પોલીસ અધિક્ષક કે.વી. મહેશ્વર રેડ્ડીએ જણાવ્યું હતું કે આ અકસ્માતમાં ચાર વિદ્યાર્થીઓના મોત થયા છે અને એક વિદ્યાર્થી ઘાયલ થયો છે. તેમણે જણાવ્યું કે તમામ વિદ્યાર્થીઓ ૨૦ વર્ષથી ઓછી વયના હતા અને નજીકના ગામના રહેવાસી હતા. તેમજ અકસ્માત અંગે પોલીસના જણાવ્યા અનુસાર, રેલવે ટ્રેક ઓળંગતી વખતે વિદ્યાર્થીઓને ટ્રેનની ટક્કર વાગી હતી. આ અકસ્માત બાદ ઘટનાસ્થળે અફરાતફરી મચી ગઈ હતી. આ ઘટનામાં બચી ગયેલા વિદ્યાર્થી સોલોમન રાજે જણાવ્યું હતું કે યુવકો શૌચક્રિયા કરી પરત કરી રહ્યા હતા. આ વખતે અકસ્માત સર્જાયો હતો.

## રામ મંદિર દાન ચોરીઃ SITએ દાખલ કરી ૭,૦૦૦ પાનાની ચાર્જશીટ, ૮ આરોપી સામે કેસ નોંધાયો

### મંદિરના દાન કેન્દ્રમાં રોકડ ગણતરી અને હેન્ડલિંગ દરમિયાન વ્યાપક સ્તરે ગોલમાલ કરવામાં આવી હતી

અયોધ્યાઃ આ કૌભાંડમાં સામેલ તમામ ૮ આરોપીઓની ધરપકડ કરી લેવામાં આવી છે. તેમની સામે ભારતીય ન્યાય સંહિતા (BNS) ની વિવિધ કલમો તેમજ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમની કલમ ૧૩(૧)(a) હેઠળ ગુનો નોંધી કાર્યવાહી કરવામાં આવી છે. આરોપી તરીકે અવિનાશ શુક્લા, અનુકલ્પ મિશ્રા, લવકુશ મિશ્રા, મનીષ કુમાર યાદવ, કરુણેશ પાંડે, રમાશંકર મિશ્રા, સુભાષ શ્રીવાસ્તવ અને રામ શંકર યાદવ (ઉર્ફે ટીન્નૂ) સામે કેસ નોંધવામાં આવ્યો છે.

આ સાથે એફઆઈઆરમાં કેટલાક અન્ય નામો પણ સામેલ છે.ભવ્ય રામ મંદિરમાં શ્રદ્ધાળુઓ દ્વારા આપવામાં આવતા દાનની રકમમાં ગેરરીતિ અને ચંદા ચોરીના વિવાદાસ્પદ કેસમાં સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT) દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. તપાસકર્તા ટીમે ધરપકડ કરાયેલા આઠ આરોપી સામે અદાલતમાં ૭,૦૦૦ પાનાની ચાર્જશીટ રજૂ કરી છે. તપાસ દરમિયાન ખુલાસો થયો છે કે મંદિરના દાન કેન્દ્રમાં રોકડ ગણતરી અને હેન્ડલિંગ દરમિયાન વ્યાપક સ્તરે ગોલમાલ કરવામાં આવી હતી. જોકે, સૂત્રોના જણાવ્યા અનુસાર આ ચાર્જશીટમાં શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના પૂર્વ મહાસચિવ ચંપત રાય કે પૂર્વ ટ્રસ્ટી અનિલ મિશ્રાનું નામ આરોપી તરીકે સામેલ કરવામાં આવ્યું નથી. લખનઉ ડિવિઝનલ કમિશનર વિજય વિશ્વાસ પંતના અધ્યક્ષપણા હેઠળની ૩ સભ્યોની એસઆઈટીએ આ મામલે ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરી હતી. એસઆઈટી દ્વારા આ કેસ સાથે જોડાયેલા ૧૭૩ સાક્ષીના નિવેદનો નોંધવામાં આવ્યાં છે.

## ઈલેક્શન કમિશનમાં ઑલ ઈઝ નૉટ વેલ?

### ચૂંટણીપંચે કહ્યું કે બધા જ નિર્ણયો સર્વાનુમતિથી લેવામાં આવ્યા, વિરોધ નોંધાવવો એ સામાન્ય નિર્ણયપ્રક્રિયા છે

નવી દિલ્હી : ચૂંટણીપંચમાં બે ચૂંટણી-કમિશનરો સુખબીર સિંહ સંધુ અને વિવેક જોશી તથા મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર વચ્ચેના મતભેદોને લઈને ગઈ કાલે એક અંગ્રેજી ન્યુઝપેપરમાં પ્રકાશિત થયેલા ઈન્વેસ્ટિગેટિવ અહેવાલ પછી મોટો રાજકીય વિવાદ ફાટી નીકળ્યો હતો અને વિપક્ષોએ પણ આ મુદ્દે તીખી પ્રતિક્રિયા આપી હતી. આ સંદર્ભમાં કૉન્ગ્રેસના નેતા અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ એક વિડિયો રિલીઝ કરીને વોટ-ચોરીને બંધારણ વિરુદ્ધ ગણાવીને કહ્યું હતું કે 'હું ચૂંટણીપંચ અને એના ઑફિસરોને સાફ કહેવા માગું છું કે તમે જે કરી રહ્યા છો એ ખોટું કરી રહ્યા છો, રાજદ્રોહ કરો છો, દેશના વિરોધમાં છે. એ ભૂલશો નહીં કે સમય આવશે ત્યારે અમે તમને પકડીશું, તમે બચશો નહીં.' આ વિવાદ ૨૦૨૫ના જૂનમાં બિહારમાંથી શરૂ થયેલા મતદાર યાદીના સ્પેશ્યલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) વચ્ચે બહાર આવ્યો છે.

## અમેરિકામાં જિનપિંગનું ભવ્ય સ્વાગતઃ પ્રોટોકોલ તોડીને ટ્રમ્પે કર્યું સ્વાગત

### ૧૦ જાન્યુઆરી સુધી 'વેપાર યુદ્ધવિરામ'



નવી દિલ્હી : ચીનના પ્રમુખ શી જિનપિંગ બુધવારે ૩ દિવસની સત્તાવાર યાત્રાએ વોશિંગ્ટન પહોંચ્યા છે. આ મુલાકાતની શરૂઆત સાથે જ અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વર્ષો જૂની રાજદ્વારી પરંપરાઓ બાજુ પર મૂકીને સૌને ચોંકાવી દીધા હતા. મેરીલેન્ડ સ્થિત 'જોઈન્ટ બેઝ એન્ડ્રુઝ' લશ્કરી મથક પર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ફર્સ્ટ લેડી મેલાનિયા ટ્રમ્પ રૂબરૂ હાજર રહ્યા હતા અને વિમાન પાસે જઈને શી જિનપિંગ તથા તેમની પત્ની પેંગ લિયુઆનનું સ્વાગત કર્યું હતું.

C-SPANના પ્રમુખ કાર્યક્રમોના ઐતિહાસિક રેકોર્ડ મુજબ, છેલ્લે વર્ષ ૨૦૧૫માં તત્કાલીન પ્રમુખ બરાક ઓબામાએ પોપ ફ્રાન્સિસનું એરપોર્ટ પર જાતે જઈને સ્વાગત કર્યું હતું. ત્યારપછી કોઈ વિદેશી નેતાનું વિમાન પાસે જઈને સ્વાગત કરવાનો આ પ્રથમ બનાવ છે.

લગભગ ૩ વર્ષ પછી અમેરિકા પહોંચેલા ચીની પ્રમુખના આગમન વેળાએ મિલિટ્રી બેન્ડે ધૂન વગાડી હતી અને તોપોની સલામી આપવામાં આવી હતી. આ દરમિયાન ઉપરથી એક B-1 બોમ્બર વિમાન પસાર થતાં ટ્રમ્પ સહેજ ચોંકી ગયા હોય તેવું જણાયું હતું. બંને નેતાઓએ હાથ મિલાવ્યા અને ટૂંકી વાતચીત કરી હતી.

## રાજકોટમાં ગણપતિ વિસર્જન સમયે એક જ પરિવારના ત્રણ સભ્યોના ડૂબી જવાથી મૃત્યુ

### કુવાડવા-વાંકાનેર રોડ પર ખોડિયાર મંદિર પાસેના તળાવમાં વિસર્જન કરવા આવેલા રાણપુરના ચૌહાણ પરિવારના પ્રૌઢ, યુવાન અને કિશોરના ડૂબી જવાથી કરુણ મૃત્યુ; રેસ્ક્યુ ટીમે ભારે જહેમત બાદ મૃતદેહ બહાર કાઢ્યા



રાજકોટ, રાજકોટના કુવાડવા-વાંકાનેર રોડ પર આવેલા ખોડિયાર મંદિર અને અજય વે બ્રિજ સામેના તળાવમાં ગણપતિ વિસર્જન કરવા આવેલા રાણપુરના એક પરિવાર સાથે એક અત્યંત હચમચાવનારી અને દુઃખદ દુર્ઘટના સર્જાઈ છે. વિસર્જન દરમિયાન પાણીમાં ડૂબી જવાથી એક જ પરિવારના ત્રણ સભ્યોના કરુણ મૃત્યુ નીપજતા સમગ્ર વિસ્તારમાં અને પરિવારજનોમાં ભારે અરેરાટી સાથે શોકનું મોજું ફરી વળ્યું છે.

ઘટનાની વિગતો મુજબ, રાણપુરની શિવધારા રેસિડેન્સી, શેરી નં.૬ ખાતે રહેતા પરિવારના સભ્યો ગણપતિ વિસર્જન માટે અહી આવ્યા હતા. આ દરમિયાન અકસ્માતે પાણીમાં ડૂબી જવાથી પ્રૌઢ ધીરુભાઈ ભલાભાઈ ચૌહાણ (ઉ.વ.૫૦) યુવાન નરેન્દ્રભાઈ મગનભાઈ ચૌહાણ (ઉ.વ. ૩૦) અને કિશોર નયનભાઈ ધીરુભાઈ ચૌહાણ (ઉ.વ. ૧૩) નાં મૃત્યુ થયા હતા. આ ગંભીર દુર્ઘટનાની જાણ થતાં જ ફાયર વિભાગની રેસ્ક્યુ-સર્ચ ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી અને કલાકોની ભારે જહેમત બાદ ત્રણેયના મૃતદેહ પાણીમાંથી બહાર કાઢ્યા હતા.

પાણીમાંથી મૃતદેહ બહાર કાઢતી વખતે મૃતકોના સંબંધી દિલીપભાઈ સોમાભાઈ તથા ગામના સરપંચ લાલભાઈ પણ ઉપસ્થિત રહ્યા હતા. ફાયર સ્ટાફ દ્વારા ત્રણેયના મૃતદેહ સરપંચની હાજરીમાં એરપોર્ટ પોલીસને સોંપવામાં આવ્યા હતા, ત્યારબાદ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરીને ત્રણેય મૃતદેહોને પોસ્ટમોર્ટમ અર્થે સિવિલ હોસ્પિટલ

## ભારતનું સંરક્ષણ ક્ષેત્રે ઉત્પાદન રૂ. ૧.૮ લાખ કરોડની નવી ટોચે, નિકાસ ૬૩ ટકા વધી

### સેટેલાઈટ સ્માર્ટ એન્ટી એરફીલ્ડ વેપન્સ એરફોર્સને સોંપાશે, ખરીદી પાછળ આશરે ૮૧૦ કરોડનો ખર્ચ થશે



નવી દિલ્હી : સંરક્ષણ મંત્રાલયે બુધવારે દિલ્હીમાં ભારત ડાયનામિક્સ લિમિટેડ એટલે કે બીડીએલ સાથે મહત્વપૂર્ણ ડીલ કરી છે. જે અંતર્ગત ભારતીય એરફોર્સ માટે ૧૬૦ સેટેલાઈટ સ્માર્ટ એન્ટી એરફીલ્ડ વેપન્સ એટલે કે એસએટી-એસએએડબલ્યુ અને અન્ય ઉપકરણોની ખરીદી કરવામાં આવશે. જેની પાછળ આશરે ૮૧૦.૭૯ કરોડ રૂપિયાનો ખર્ચ થવાની શક્યતાઓ છે. બીજી તરફ ભારતનું સંરક્ષણ ક્ષેત્રે ઉત્પાદન વધીને ૧.૮ લાખ કરોડે પહોંચ્યું છે. જ્યારે નિકાસ પણ ૬૩ ટકા વધી છે.

નોંધનીય છે કે એસએટી-એસએએડબલ્યું એર ટૂ ગ્રાઉન્ડ પ્રિસિજન ગાઈડેડ બોમ્બ છે. જેને જગુઆર, હોક અને સુ-૩૦ એમકેઆઈ જેવા વિમાનો દ્વારા લોન્ચ કરી શકાય છે. તેની ખાસિયત છે કે તે લાંબા સ્ટેન્ડ ઓફ રેન્જથી દુશ્મનોના એરફીલ્ડને નિષ્ક્રિય કરવાની ક્ષમતા ધરાવે છે. એટલે કે વિમાને દુશ્મનના વાયુ રક્ષણની હદમાં વધુ અંદર સુધી જવાની જરૂર નહીં રહે. ડીઆરડીઓ દ્વારા આ સિસ્ટમને વિકસાવાઈ છે જેનાથી એરફોર્સની ક્ષમતા વધારશે. આ હથિયારમાં ૬૦ ટકા સ્વદેશી સામગ્રી છે જેમ કે મેજરમેન્ટ યુનિટ, લોન્ગ ઈફેક્ટ ડિજે ફ્યૂઝ અને ટ્વિન સ્ટોર કેરિયર વગેરેનો સમાવેશ થાય છે. ભારતનું સંરક્ષણ ક્ષેત્ર વિકાસ પામી રહ્યું છે, નાણાકીય વર્ષ ૨૦૨૬માં ઘરેલુ સંરક્ષણ ઉત્પાદન રેકોર્ડ ૧.૮ લાખ કરોડ રૂપિયા સુધી પહોંચી ગયું હતું. જે ગયા વર્ષની સરખામણીમાં ૧૫.૬ ટકા વધુ છે અને નાણાકીય વર્ષ ૨૦૨૧થી લગભગ ૧૮ ટકાની વાર્ષિક વૃદ્ધિ દર્શાવે છે. સંરક્ષણ આયાતમાં પણ ૬૩ ટકાનો વધારો જોવા મળ્યો છે અને લગભગ ૩૮,૦૦૦ કરોડ રૂપિયા સુધી પહોંચી ગયું છે. ભારત હાલ વૈશ્વિક સ્તરે સંરક્ષણ ક્ષેત્રમાં નિકાસ કરી રહ્યું છે. જેમાં યુદ્ધમાં ઉપયોગી હથિયારો સહિતની સામગ્રીનો સમાવેશ થાય છે. ભારત હાલ ૮૦થી વધુ દેશોમાં નિકાસ કરે છે. જેમાં અમેરિકા, ફ્રાન્સ, આર્મેનિયા મુખ્ય ખરીદનારા દેશો છે.

## યમુના એક્સપ્રેસવે પર સ્લીપર બસમાં અચાનક આગ ભભૂકી ઉઠતા ૯ મુસાફરોના કરુણ મોત



નવી દિલ્હી : ઉત્તર પ્રદેશના ગ્રેટર નોઈડામાંથી એક અત્યંત દર્દનાક અકસ્માતના સમાચાર સામે આવ્યા છે. યમુના એક્સપ્રેસવે પર દોડતી એક સ્લીપર બસમાં અચાનક ભીષણ આગ ભભૂકી ઊઠતાં ક્ષણભરમાં અફરાતફરી મચી ગઈ હતી. આ ભયાનક દુર્ઘટનામાં ૯ મુસાફરોના મોત નીપજ્યા છે, જ્યારે કેટલાક મુસાફરોએ ચાલુ બસમાંથી નીચે કૂદીને પોતાનો જીવ બચાવ્યો હતો. આ બસમાં આશરે ૪૦થી ૫૦ જેટલા મુસાફરો સવાર હતા. આ ભયાનક ઘટના યમુના એક્સપ્રેસવેના ઝીરો પોઈન્ટથી આશરે ૩૨ કિલોમીટર આગળ બની હતી, જે વિસ્તાર જેવર પોલીસ સ્ટેશન હેઠળ આવે છે. જોઈન્ટ સીપી રાજીવ નારાયણ મિશ્રાએ જણાવ્યું હતું કે, બસમાં આગ લાગતાં જ મુસાફરોમાં ભારે નાસભાગ મચી હતી. લોકો પોતાનો જીવ બચાવવા માટે બસમાંથી બહાર કૂદવા લાગ્યા હતા. જોતજોતામાં આગની જ્વાળાઓએ આખી બસને પોતાની ઝપેટમાં લીધી અને ૯ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે.

# ગુજરાતમાં સરકારી તંત્રને મળશે AIનો 'GPU પાવર'

## સરકારી વિભાગો, સંસ્થાઓ અને પસંદગીના AI સ્ટાર્ટઅપ્સને હાઈ-પરફૉર્મન્સ કમ્પ્યુટિંગની સુવિધા

ગાંધીનગર,

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત સરકારે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) આધારિત ગવર્નન્સ અને નવીનતાને વેગ આપવા માટે વધુ એક મહત્વનું પગલું ભર્યું છે અને State-wide GPU-as-a-Service (GPUaaS) Frameworkને તાત્કાલિક અસરથી અમલમાં મૂકવાનો નિર્ણય કર્યો છે. આ વ્યવસ્થા હેઠળ સરકારી વિભાગો અને સંલગ્ન સંસ્થાઓને હાઈ-પરફૉર્મન્સ ૈં કમ્પ્યુટિંગ રિસોર્સિસની સામૂહિક અને કેન્દ્રિત સુવિધા ઉપલબ્ધ બનશે.

વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાના નેતૃત્વ હેઠળ કરાયેલા આ નિર્ણય મુજબ રાજ્ય સરકાર છૈંનો ઉપયોગ માત્ર ટેક્નોલોજી સુધી મર્યાદિત ન રાખીને સુશાસન, જાહેર સેવા વિતરણ અને નવીનતામાં તેનો વ્યાપ વધારવા માગે છે. આ માટે અમલમાં મુકાયેલા AI Action Planના છ મુખ્ય સ્તંભોમાં Data, Infrastructure, Capacity Building, Foundational R&D and Use Case Development, Deeptech Startup Facilitation તથા Safe & Trusted AIનો સમાવેશ થાય છે. આ જ યોજનાના બીજા સ્તંભ એટલે કે Infrastructureને મજબૂત કરવા માટે હવે GPUaaS માળખું કાર્યરત કરાયું છે.

આ નવા માળખા હેઠળ ગુજરાત ઈન્ફૉર્મેટિક્સ લિમિટેડ (GIL) દ્વારા કેન્દ્રિત GPU ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું સંચાલન કરવામાં આવશે. આથી અલગ-અલગ સરકારી વિભાગોને પોતાના સ્તરે મોંઘા હાઈ-પરફૉર્મન્સ કમ્પ્યુટિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરવાની જરૂરિયાતમાં ઘટાડો થઈ શકે છે અને ઉપલબ્ધ સંસાધનોનો કેન્દ્રિત રીતે ઉપયોગ શક્ય બનશે.

સરકારી વિભાગો ઉપરાંત સરકારી સંસ્થાઓ, બોર્ડ-કૉર્પોરેશન, સ્વાયત્ત સંસ્થાઓ અને વિજ્ઞાન-ટેક્નોલોજી વિભાગ દ્વારા સમયાંતરે મંજૂર કરવામાં આવતી અન્ય સંસ્થાઓ પણ મંજૂર છૈં તથા ડેટા આધારિત ઉપયોગના કિસ્સાઓ માટે આ GPU સુવિધાનો લાભ લઈ શકશે. GPU રિસોર્સિસની ફાળવણી કેન્દ્રિય વ્યવસ્થા મારફતે થશે. તેમાં ટેક્નિકલ શક્યતા, ઉપલબ્ધ સંસાધનો, મંજૂર ઉપયોગ-કેસ, જરૂરિયાતની પ્રાથમિકતા અને લાગુ પડતી સરકારી નીતિઓ જેવા માપદંડોને ધ્યાનમાં લેવામાં આવશે. GIL GPU ઈન્ફ્રાસ્ટ્રક્ચરની પ્રોવિઝનિંગ, ઓપરેશન, મોનિટરિંગ અને મેનેજમેન્ટ સહિતની જવાબદારી સંભાળશે. પરિણામે છૈં આધારિત પ્રોજેક્ટ્સ માટે જરૂરી કમ્પ્યુટિંગ ક્ષમતાનું વ્યવસ્થિત સંચાલન થઈ શકશે. સરકારી વિભાગો અને AI સ્ટાર્ટઅપ્સ માટે ૧૦૦% સબસિડી.

# ગુજરાતમાં કોમ્પ્રેસ્ડ બાયો ગેસ પ્લાન્ટનો વ્યાપ વધારવા જાપાન નાણાકીય અને ટેકનિકલ સહાય પૂરી પાડશે

## ગુજરાત સરકાર, સુઝુકી અને જાઈકા વચ્ચે ટૂંક સમયમાં થશે સમજૂતી કરાર

ગાંધીનગર,

ગુજરાતમાં સહકારી ક્ષેત્રને વધુ સુદ્રઢ બનાવવા અને પર્યાવરણપ્રિય ઉર્જા ઉત્પાદનને પ્રોત્સાહન આપવાના ભાગરૂપે સહકારી ડેરીઓ દ્વારા સરકારની સહાયથી કોમ્પ્રેસ્ડ બાયો ગેસ પ્લાન્ટ સ્થાપવાનું એક ભગીરથ કાર્ય હાથ ધરવામાં આવ્યું છે.

આ સંદર્ભે ગાંધીનગર ખાતે નાણા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, સહકાર મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી તેમજ મહેસૂલ રાજ્ય મંત્રી શ્રી સંજયસિંહ મહીડા અને જાપાનના પ્રતિનિધિમંડળ વચ્ચે એક અત્યંત મહત્વપૂર્ણ સંયુક્ત બેઠક યોજાઈ હતી. જાપાનના વિશિષ્ટ ડેલિગેશનમાં જાપાન સરકારના વેપાર અને ઉદ્યોગ મંત્રાલયના પ્રાદેશિક પ્રતિનિધિ શ્રી ટોયોકાઝુ નાગામુને, સુઝુકી મોટર કોર્પોરેશનના મેનેજિંગ ઓફિસર શ્રી કેનિચિરો ટોયોફુકુ, JICA ઈન્ડિયાના ચીફ રિપ્રેઝન્ટેટિવ શ્રી ટાકુરો તાકેઉચી તથા સીનિયર રિપ્રેઝન્ટેટિવ શ્રી સોટા કોઈડે ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાતમાં બાયો ગેસ પ્લાન્ટનો વ્યાપ વધારવા તેમજ બાયોગેસની સાથે-સાથે ગુણવત્તાયુક્ત ઓર્ગેનિક ફર્ટિલાઈઝરનું ઉત્પાદન વધારવાના હેતુથી સુઝુકી અને ત્નૈંઝછના પ્રતિનિધિઓ દ્વારા નાણાકીય અને ટેકનિકલ સહાય પૂરી પાડવા અંગેનો એક વિસ્તૃત પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હતો. બેઠક દરમિયાન આ પ્રસ્તાવ પર પ્રાથમિક અને સકારાત્મક ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

પ્રાપ્ત થયેલા પ્રસ્તાવ અંગે થયેલી ચર્ચાના આધારે આગામી સમયમાં ગુજરાત સરકાર, સુઝુકી અને JICA વચ્ચે વિધિવત રીતે સમજૂતી કરાર (MoU) કરવામાં આવશે, જે રાજ્યના હરિયાળા ભવિષ્ય માટે એક મોટું કદમ સાબિત થશે.

આ બેઠકમાં સહકાર વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી અરૂણકુમાર સોલંકી, મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ ડૉ. જયંતિ રવિ, નાણા વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી ટી. નટરાજન તેમજ સહકારી મંડળીઓના રજિસ્ટ્રાર શ્રી ભરત જોષી સહિત રાજ્ય સરકારના વિવિધ વિભાગોના ઉચ્ચ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ ઉપરાંત, બનાસ ડેરી તેમજ નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ (NDDB)ના ઉચ્ચ અધિકારીઓ પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને ચર્ચામાં સક્રિય ભાગ લીધો હતો.

# અમદાવાદ : સગીરાના અપહરણ, દુષ્કર્મ કેસમાં આરોપીને ૨૦ વર્ષની સખત કેદની સજા

અમદાવાદ,

શહેરમાં આવેલ સિટી સેશન્સ કોર્ટ પરિસરમાં આવેલી પોક્સોની વિશેષ અદાલતે એક મહત્વનો ચુકાદો આપ્યો છે જેમાં, ૧૭ વર્ષ અને ૨ મહિનાની સગીરાનું અપહરણ કરી તેને ધમકી આપીને અજમેર લઈ જવા અને તેની મરજી વિરુદ્ધ વારંવાર દુષ્કર્મ આચરવાના કેસમાં ૨૮ વર્ષીય આરોપીને ૨૦ વર્ષની સખત કેદની સજા ફટકારી છે. આ કેસમાં સરકારી વકીલ દિલીપસિંહ એમ. ઠાકોરની દલીલો, ૧૦ સાક્ષીઓના નિવેદનો અને ૨૮ જેટલા દસ્તાવેજી તથા અન્ય પુરાવાઓને ધ્યાને લઈ વિશેષ ન્યાયાધીશ એચ.એન. દેસાઈએ ચુકાદો આપ્યો હતો.

આ કેસની વાત કરીએ તો, વર્ષ ૨૦૨૪માં ફરિયાદી પોતાની પત્નીની સારવાર માટે હોસ્પિટલ ગયા હતા. તે દરમિયાન તેમની ૧૭ વર્ષ અને ૨ મહિનાની સગીર દીકરી ઘરેથી ગુમ થઈ હતી. પરિવારજનોએ તેની શોધખોળ કરી હતી, પરંતુ કોઈ પત્તો નહીં મળતા સમગ્ર મામલે રામોલ પોલીસ સ્ટેશનમાં અપહરણની ફરિયાદ નોંધાવવામાં આવી હતી. પોલીસની તપાસ દરમિયાન સામે આવ્યું હતું કે, આરોપી સગીરાને બસ અને ટ્રેન મારફતે વડોદરા અને સુરત થઈને અજમેર લઈ ગયો હતો. અજમેર પહોંચ્યા બાદ તેને સમીર ગેસ્ટ હાઉસમાં રાખી હતી.

કોર્ટ સમક્ષ પીડિતાએ જણાવ્યું હતું કે, આરોપીએ માતા-પિતાને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી અને તેને અજમેર લઈ જઈને તેની મરજી વિરુદ્ધ દુષ્કર્મ આચર્યું હતું. પીડિતાની ઉંમર ૧૮ વર્ષથી ઓછી હોવાથી તેની કોઈપણ કથિત સંમતિને કાયદાકીય સંમતિ તરીકે માન્ય ગણાવી શકાય નહીં, તેવી કાયદાકીય સ્થિતિને પણ કોર્ટે ધ્યાનમાં લીધી હતી.

# ગુજરાત ભાજપના સહ-પ્રભારી તરીકે ગોમતી સાઈ અને અજય મહાવરની કરાઈ નિમણૂક

## ભાજપે આદિવાસી જુવાળ રોકવા આદિવાસી સમુદાયના નેતાને જવાબદારી સોંપી હોવાની ચર્ચા

ગાંધીગનર,

ગુજરાત વિધાનસભાની ચૂંટણી નજીક આવી રહી છે. તેમ તેમ નિમણૂકો પણ પૂરજોશમાં કરવામાં આવી રહી છે. કેમકે ભારતીય જનતા પાર્ટીના કેન્દ્રીય નેતૃત્વ દ્વારા દેશના ૩૪ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો માટે પ્રભારીઓ અને સહ-પ્રભારીઓની નવી યાદી જાહેર કરવામાં આવી છે. આ નવી સંગઠનાત્મક વરણીઓ અંતર્ગત ગુજરાત ભાજપના પ્રભારી તરીકે અગાઉ નિમાયેલા તરુણ ચૂઘ બાદ હવે બે નવા સહ-પ્રભારીઓની સત્તાવાર નિમણૂક કરવામાં આવી છે. એટલે કે ભાજપે સહ પ્રભારી





તરીકે છત્તીસગઢના આદિવાસી નેતા ગોમતી સાઈ અને દિલ્હીના ધારાસભ્ય અજય મહાવરને ગુજરાત ભાજપના સહ-પ્રભારી તરીકેની મહત્ત્વની જવાબદારી સોંપવામાં આવી છે.

ભાજપે આદિવાસી જુવાળ રોકવા આદિવાસી સમુદાયના નેતા જવાબદારી સોંપી હોવાની ચર્ચા છે. કેમ કે ગુજરાત ભાજપના નવનીયુક્ત સહ-પ્રભારી ગોમતી સાઈનો છત્તીસગઢના જાણીતા નેતા છે અને હાલમાં છત્તીસગઢ વિધાનસભાની પથલગાંવ બેઠક પરથી ધારાસભ્ય પણ છે. આ ઉપરાંત ગોમતી સાઈ સંગઠન અને સંસદીય રાજકારણમાં વિશાળ અનુભવિ છે. એટલું જ નહિ તેઓ અગાઉ ૨૦૧૯ થી ૨૦૨૪ દરમિયાન છત્તીસગઢની રાયગઢ લોકસભા બેઠકના સાંસદ પણ રહી ચૂક્યા છે. આદિવાસી ક્ષેત્રોમાં તેમની સક્રિયતા અને સંગઠનાત્મક ક્ષમતાઓને ધ્યાનમાં રાખીને કેન્દ્રીય નેતૃત્વ દ્વારા તેમને ગુજરાત જેવા મહત્ત્વના રાજ્યમાં પક્ષના કાર્યો આગળ ધપાવવાની જવાબદારી સોંપાઈ હોવાની ચર્ચા છે.

# સાયલા-લીંબડી હાઈવે પર એસટી બસમાં મુસાફર પાસેથી ૨.૨૬ લાખનો ગાંજો પકડાયો

સુરેન્દ્રનગર,

સાયલા-લીંબડી હાઈવે પર એસટી બસમાંથી ગાંજો પકડાયો છે. અકસ્માત બાદ મુસાફરોને અન્ય બસમાં ટ્રાન્સફર કરતા ગાંજો પકડાયો છે. કંડક્ટરને શંકા જતાં મુસાફરને અટકાવી પોલીસને જાણ કરી હતી. સાયલા પોલીસે મુસાફર પાસેથી ૨.૨૬ લાખનો ગાંજો જપ્ત કર્યો હતો. પોલીસે મધ્યપ્રદેશના આરોપી જોહન રામસંગ ભુરિયાની ધરપકડ કરી છે.

અમદાવાદ કસ્ટમ્સના એર ઈન્ટેલિજન્સ યુનિટ દ્વારા અમદાવાદ એરપોર્ટ પર કાર્યવાહી કરી ગાંજાનો મોટો જથ્થો કબ્જે કર્યો હતો. બેંગકોકથી અમદાવાદ આવેલા એક મુસાફરની ચેક-ઈન બેગેજમાંથી આશરે ૮.૯ કિલો હાઈડ્રોપોનિક ગાંજો મળી આવતા કસ્ટમ્સ વિભાગે તેની ધરપકડ કરી હતી. ૨૧ સપ્ટેમ્બરના રોજ બેંગકોકથી ફલાઈટ નંબર ટીજી ૩૪૩ અમદાવાદ આવી હતી. પેસેન્જર પ્રોફાઈલિંગના આધારે અમદાવાદ કસ્ટમ્સની એઆઈયુ ટીમે મુંબઈના રહેવાસી એક પુરુષ મુસાફરને શંકાના આધારે અટકાવી તેની બેગેજની તપાસ હાથ ધરી હતી. બેગેજની તપાસ દરમિયાન કપડાં વચ્ચે છુપાવવામાં આવેલા ૧૪ એરટાઈટ પ્લાસ્ટિક પેકેટ મળી આવ્યા હતા. પેકેટમાંથી લીલા રંગનો પદાર્થ મળી આવતા અધિકારીઓને શંકા ગઈ હતી. ત્યારબાદ એનડીપીએસ ફિલ્ડ ટેસ્ટિંગ કિટથી પદાર્થની પ્રાથમિક તપાસ કરવામાં આવતા તે ગાંજો એટલે કે મેરિજુઆના હોવાનું સામે આવ્યું હતું. અમદાવાદ કસ્ટમ્સ દ્વારા એનડીપીએસ એક્ટ ૧૯૮૫ની સંબંધિત જોગવાઈઓ હેઠળ હાઈડ્રોપોનિક ગાંજાનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે.

# નરોડામાં ગેરકાયદે કોલ સેન્ટરનો પર્દાફાશ, અમેરિકન નાગરિકોને લોન સેટલમેન્ટના નામે ઠગતા ૭ ઝડપાયા

## નરોડા પોલીસે લેપટોપ, મોબાઈલ ફોન, રાઉટર સહિતનો મુદ્દામાલ કબજે કર્યો

અમદાવાદ,

નરોડા વિસ્તારમાં અમેરિકન નાગરિકોને લોન સેટલમેન્ટના નામે છેતરપિંડી કરતા ગેરકાયદે કોલ સેન્ટરનો પોલીસે પર્દાફાશ કર્યો છે. નરોડા હંસપુરા રાજચંદ્ર સર્કલ પાસે આવેલા સાહિત્ય આર્કેડના પ્રથમ માળે દુકાન નંબર ૧૧૨માં છેલ્લા ત્રણ મહિનાથી આ કોલ સેન્ટર ચલાવવામાં આવતું હોવાની માહિતીના આધારે પોલીસે રેડ કરી હતી. કાર્યવાહી દરમિયાન બે મહિલા સહિત કુલ સાત આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા છે.

પોલીસના જણાવ્યા મુજબ આરોપીઓ અમેરિકન નાગરિકોના બેંક એકાઉન્ટ સંબંધિત લીડ ડેટા મેળવી તેનો ઉપયોગ કરતા હતા. આ ડેટા કોલ સેન્ટરમાં કામ કરતા કર્મચારીઓને આપવામાં આવતો હતો. ત્યારબાદ અમેરિકાની અલગ-અલગ બેંકોના વકીલ હોવાની ખોટી ઓળખ આપી લોન સસ્તામાં સેટલ કરાવવાની લાલચ આપતી સ્ક્રિપ્ટ મુજબ ઈ-મેલ મોકલવામાં આવતા હતા. કોઈ અમેરિકન નાગરિક તરફથી ઈ-મેલનો જવાબ મળ્યા બાદ તેને લોન સેટલમેન્ટના નામે વિશ્વાસમાં લેતા ત્યારબાદ આરોપીઓ કથિત રીતે ક્રેડિટ કાર્ડની સંપૂર્ણ વિગતો મેળવી આ માહિતી ટેલિગ્રામ અને વોટ્સએપ મારફતે અન્ય પેમેન્ટ હેન્ડલર્સને મોકલતા હતા. મળેલી વિગતોના આધારે અમેરિકન નાગરિકોના બેંક ખાતામાંથી નક્કી કરેલી રકમ કપાવવામાં આવતી. પોલીસ તપાસમાં વધુમાં સામે આવ્યું છે કે આ રીતે મેળવેલી રકમમાંથી એક હિસ્સો કથિત રીતે ક્રિપ્ટોકરન્સી એટલે કે બિટકોઈન મારફતે મેળવવામાં આવતો હતો. ત્યારબાદ અલગ-અલગ ટેલિગ્રામ ગ્રુપના સંપર્કથી બિટકોઈનને ભારતીય ચલણમાં રૂપાંતરિત કરી હવાલા/આંગડિયા મારફતે નાણાં મેળવવામાં આવતા હોવાની માહિતી સામે આવી છે.

નરોડા પોલીસે રેડ દરમિયાન સ્થળ પરથી લેપટોપ, મોબાઈલ ફોન, રાઉટર સહિતનો મુદ્દામાલ કબજે કર્યો છે. પ્રાથમિક તપાસમાં આરોપીઓ પાસેથી અલગ-અલગ ઈ-મેલ એકાઉન્ટમાં લોગિન અને લોન સેટલમેન્ટ સંબંધિત સ્ક્રિપ્ટનો ઉપયોગ થતો હોવાનું પોલીસને જાણવા મળ્યું છે.

# વિદ્યાર્થીઓએ તેમના શિક્ષણ અને કાર્યનો ઉપયોગ રાષ્ટ્ર અને સમાજના હિત માટે કરવો જોઈએ : દ્રૌપદી મુર્મુ

## મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી બરોડાનો ૭૫મો દીક્ષાંત સમારોહ યોજાયો

વડોદરા,

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ વિદ્યાર્થીઓને તેમના કાર્યમાં રાષ્ટ્ર અને સમાજના હિતોને પ્રાથમિકતા આપવા વિનંતી કરી. આમ કરવાથી દેશ અને સમાજ બંને માટે તેમજ પોતાના માટે પણ પ્રગતિ થશે. રાષ્ટ્રપતિ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, બરોડાના ૭૫મા દીક્ષાંત સમારોહમાં વિદ્યાર્થીઓને સંબોધિત કરી રહ્યા હતા. તેમણે કહ્યું કે શિક્ષણ ખરેખર ત્યારે જ અર્થપૂર્ણ બને છે જ્યારે તે દેશ અને સમાજને લાભ આપે.

તેમણે કહ્યું કે વિદ્યાર્થીઓએ તેમના શિક્ષણનો ઉપયોગ ફક્ત પોતાના અને પોતાના પરિવાર માટે જ ન કરવો જોઈએ. તેમણે વિચારવું જોઈએ કે તેઓ સમાજના વ્યાપક હિતમાં કેવી રીતે યોગદાન આપી શકે છે. તેમણે વધુમાં કહ્યું, "જો વિદ્યાર્થીઓ તેમના કાર્યમાં દેશ અને સમાજના હિતોને પ્રાથમિકતા આપે છે, તો તેઓ દેશ અને સમાજની સાથે પ્રગતિ કરશે."

તેણીએ કહ્યું કે આવી પ્રગતિ તેમને અપાર સંતોષ લાવશે. તેઓ તેમના શિક્ષણનું મહત્વ સમજશે. જો તમે એન્જિનિયર બની રહ્યા છો, તો એવી ટેકનોલોજીઓ વિકસાવો જે લોકોના જીવનમાં સુધારો લાવે. જો તમે ડૉક્ટર બની રહ્યા છો, તો દવાને ફક્ત એક વ્યવસાય ન માનો. તેને સેવા ગણો.તેમણે કહ્યું, "સેવા એ માનવતા અને શાંતિનો પાયો છે. તે સંતોષ લાવે છે. જીવવા માટે સંસાધનોની જરૂર છે, પરંતુ પૈસા જ બધું નથી." સાચો સંતોષ બીજાઓની સેવા કરવાથી મળે છે." રાષ્ટ્રપતિએ કહ્યું કે વૈજ્ઞાનિકોએ માનવતાના હિત માટે સમસ્યાઓના ઉકેલ પર કામ કરવું જોઈએ.

# ગુજરાતમાં ડેમોની સ્થિતિ: રાજ્યના કુલ ૨૦૭માંથી માત્ર ૩૨ ડેમ જ સંપૂર્ણ ભરાયેલા

## કચ્છ, ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં પાણીની સ્થિતિ ચિંતાજનક

ગાંધીનગર,

ગુજરાતમાં ચોમાસાના વિદાયની ઘડીઓ ગણાઈ રહી છે. બીજી તરફ ગુજરાતના ડેમોમાં સંગ્રહિત પાણીની સ્થિતિ ચિંતાજનક નજરે પડી રહી છે. આજે, ૨૩ સપ્ટેમ્બરની સ્થિતિએ ગુજરાતમાં કુલ ૨૦૭ ડેમમાંથી માત્ર ૩૨ ડેમ સંપૂર્ણ ભરાયેલા છે. ડેમોમાં સંગ્રહિત પાણીના જથ્થા મામલે કચ્છ, ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રની હાલત સૌથી ખરાબ છે. સરદાર સરોવર નર્મદા ડેમને બાદ કરવામાં આવે તો ગુજરાતના ૨૦૬ ડેમમાં સરેરાશ ૭૧.૬૦% પાણી છે. જો સરદાર સરોવરને ધ્યાનમાં લઈએ તો ગુજરાતના ૨૦૭ ડેમમાં સરેરાશ ૮૧.૭૮% પાણીનો સંગ્રહ છે. ખાસ કરીને દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં આવેલા ડેમોમાં સરેરાશ ૧૦ ટકાથી પણ ઓછો પાણીનો સંગ્રહ છે. બનાસકાંઠાના ડેમોમાં સરેરાશ ૨૦.૧૭ ટકા તો પોરબંદર ડેમોમાં સરેરાશ ૧૭.૭૨% પાણી છે. જૂનાગઢ જિલ્લાના ડેમોમાં પણ સરેરાશ ૨૭.૦૭% પાણી છે. વિસ્તાર પ્રમાણે ડેમોની સ્થિતિ જોઈએ તો...

૧) ઉત્તર ગુજરાતઃ કુલ ૧૫ ડેમમાંથી ફક્ત ૨ ડેમ સંપૂર્ણ ભરાયેલા છે. ૧૫ ડેમમાં કુલ સરેરાશ ૪૬.૬૭ ટકા પાણીનો સંગ્રહ છે.અરવલ્લી ૬૮.૨૫%,બનાસકાંઠા ૨૦.૧૭%,મહેસાણા ૫૩.૨૧% સાબરકાંઠા ૫૭.૬૪%

૨) મધ્ય ગુજરાતઃ કુલ ૧૭ ડેમમાંથી ફક્ત ૩ ડેમ સંપૂર્ણ ભરાયેલા છે. ૧૭ ડેમમાં કુલ સરેરાશ ૭૧.૧૬ ટકા પાણીનો સંગ્રહ છે.: છોટાઉદેપુર ૮૮.૭૦%,દાહોદ ૮૦.૦૮%,ખેડા ૪૮.૧૫%,મહીસાગર ૬૯.૨૬% પંચમહાલ ૬૩.૫૯%

૩) દક્ષિણ ગુજરાતઃ કુલ ૧૩ ડેમમાંથી ૮ ડેમ સંપૂર્ણ ભરાયેલા છે. ૧૩ ડેમમાં કુલ સરેરાશ ૮૪.૮૬ ટકા પાણીનો સંગ્રહ છે.ભરૂચ ૯૯.૯૭%,નર્મદા ૯૦.૬૫%,નવસારી ૧૦૦.૦૦%,સુરત ૮૭.૦૫%,તાપી ૮૩.૩૩%, વલસાડ૯૮.૧૦%,

# ધોલેરા સ્વામિનારાયણ ધામમાં મદનમોહનજી મહારાજનો અલૌકિક ૨૦૦મો દ્વિશતાબ્દી મહોત્સવ ગૂંજશે

## વૈરાગ્યમૂર્તિ સદગુરુ નિષ્કુળાનંદ સ્વામી દ્વારા કંડારાયેલા ઐતિહાસિક તીર્થધામમાં ૨૩ થી ૩૧ ડિસેમ્બર દરમિયાન લાખો ભક્તોની ઉપસ્થિતિમાં ઐતિહાસિક ઉત્સવ ઉજવાશે

અમદાવાદ,

સ્વામિનારાયણ સંપ્રદાયના સુપ્રસિદ્ધ અને પવિત્ર તીર્થક્ષેત્ર ધોલેરાધામ ખાતે બિરાજમાન આરાધ્ય દેવ મદનમોહનજી મહારાજના સાનિધ્યમાં સંવત ૧૮૮૨થી સંવત ૨૦૮૨ સુધીના ગૌરવપૂર્ણ ૨૦૦ વર્ષ પૂર્ણ થવાના અવસરે એક ઐતિહાસિક દ્વિશતાબ્દી મહોત્સવનું ભવ્યાતિભવ્ય આયોજન હાથ ધરવામાં આવ્યું છે. બરાબર બસો વર્ષ પૂર્વે વૈરાગ્યમૂર્તિ સદગુરુ શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ પોતાના અનન્ય સમર્પણ અને અથાગ પરિશ્રમ થકી આ દિવ્ય ધામનું સર્જન




કરી ભવ્ય મંદિરનું નિર્માણ કર્યું હતું. એ જ તપોભૂમિ અને અલૌકિક ધામમાં આગામી ૨૩ ડિસેમ્બરથી ૩૧ ડિસેમ્બર દરમિયાન પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય રાકેશપ્રસાદજી મહારાજશ્રીના દિવ્ય આશીર્વાદ અને પાવન અધ્યક્ષસ્થાને આ મહોત્સવ અત્યંત હર્ષોલ્લાસપૂર્વક ઉજવાશે. આ અલૌકિક ઉત્સવને સફળ અને યાદગાર બનાવવા માટે મંદિર સંકુલમાં અત્યારથી જ વ્યાપક સ્તરે તડામાર પૂર્વતૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. દેશ-વિદેશમાંથી લાખો ભાવિક ભક્તો, સંત મંડળ અને હરિભક્તો આ ઐતિહાસિક પળના સાક્ષી બનવા અને દિવ્ય દર્શન-સેવાનો લાભ લેવા ધોલેરાની પવિત્ર ધરા પર ઉમટી પડશે.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરમાં GSFCના સાત નવા ઈનોવેટીવ ઉત્પાદનોનું લોંચીંગ કર્યુ

ગાંધીનગર,

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સરકારના સાહસ ગુજરાત સ્ટેટ ફર્ટિલાઈઝર એન્ડ કેમિકલ લિમિટેડના ઈનોવેટીવ ઉત્પાદનોનું ગાંધીનગર ખાતેથી લોન્ચિંગ કર્યુ હતું. કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણી, ઊર્જા મંત્રી ઋષિકેશ પટેલ, રાજ્યમંત્રી કૌશિક વેકરિયા તેમજ કૃષિ રાજ્યમંત્રી રમેશ કટારા આ અવસરે ઉપસ્થિતિ રહ્યાં હતા.



પાક સંરક્ષણના આ સાત શક્તિશાળી નિવારણ વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં વિકસિત કૃષિથી વિકસિત ગુજરાતનું પ્રતિબિંબ છે એમ જણાવી મુખ્યમંત્રીશ્રીએ ટેક્નોલોજી આધારિત, કાર્યક્ષમ અને સસ્ટેનેબલ એગ્રીકલ્ચરની દિશામાં GSFCની ભૂમિકાની સરાહના કરી હતી.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જાહેરજીવનની સેવા સાધનાના ૨૫ વર્ષ પૂર્ણ થવાની ઉજવણી રાજ્યવ્યાપી સેવા સંકલ્પ અભિયાનથી થઈ રહી છે ત્યારે GSFCની આ પહેલોના લોંચીંગને મુખ્યમંત્રીશ્રીએ સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત કૃષિ અને ગ્રામીણ અર્થતંત્રને વધુ સમૃદ્ધ બનાવનારી ગણાવી હતી.

તેમણે કહ્યુ કે, વડાપ્રધાનશ્રીએ વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવામાં ગરીબ, અન્નદાતા, યુવા અને નારીશક્તિને મુખ્ય પિલ્લર કહ્યાં છે. આ ચાર પિલ્લરમાં મહત્વપૂર્ણ એવા અન્નદાતા ખેડૂતના ઉત્પાદનોને ક્વોલિટી, વેલ્યુ એડીશન, પ્રોસેસિંગ અને વર્લ્ડ માર્કેટે સુધીની પહોંચ આપવા GSFCની આ સાત પહેલો ઉપયુક્ત બનશે એવો વિશ્વાસ મુખ્યમંત્રીશ્રીએ દર્શાવ્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ GSFCની 'સરદાર' બ્રાન્ડ નેમથી પ્રખ્યાત થયેલી પ્રોડક્ટ્સની શ્રૃંખલામાં આ નવી સાત પહેલો પાકને જરૂરી સંરક્ષણ પુરું પાડવામાં ખેડૂતોને શ્રેષ્ઠ વિકલ્પ પૂરો પાડશે એમ પણ ઉમેર્યુ હતું. તેમણે જણાવ્યું કે, ગુણવત્તા સભર પાક સંરક્ષણ ઉકેલો ખેડૂતો સુધી સમયસર, સરળતાથી અને વિશ્વસનીય રીતે પહોંચે તે માટે GSFC કૃષિ ઉત્પાદનોની વ્યાપક શ્રેણીમાં સંતુલિત પોષણ, બાયો ફર્ટીલાઈઝર અને અન્ય કૃષિ ઈનપુટ્સ પર કામ કરે છે.

# માતાજીના જયઘોષ સાથે જામનગરથી સિદસરની પદયાત્રાનો ભક્તિમય પ્રારંભ





તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર શહેરમાં બુધવારે વહેલી સવારથી ભક્તિમય માહોલ વચ્ચે શ્રી ઉમિયા માતાજી સિદસરની ૪૦મી પદયાત્રાનું પ્રસ્થાન કરાવાયું હતું. જેને લઈને ઉમિયા માતાજીના ભક્તોમાં ભારે ઉત્સાહ અને શ્રદ્ધાનો માહોલ છવાયો હતો. ગોકુલનગર સર્કલ પાસે આવેલા ઉમા ખોડલ મંદિરના પરિસરથી યાત્રા શરૂ થઈ હતી. માતાજી પ્રત્યેની અખૂટ શ્રદ્ધા અને હૃદયમાં ઉમિયા માતાજીના દર્શનની લાગણી સાથે મોટી સંખ્યામાં ભક્તો પદયાત્રાના પ્રસ્થાન માટે ઉમટી પડ્યા હતા. પ્રસ્થાન પૂર્વે મંદિર પરિસરમાં ભક્તોએ ઉમિયા માતાજીના દર્શન કરી આશીર્વાદ મેળવ્યા હતા. ત્યારબાદ ધ્વજ સાથે પદયાત્રીનો સંઘ આગળ વધતા સમગ્ર વાતાવરણમાં ભક્તિની લહેર પ્રસરી ગઈ હોય તેવો માહોલ સર્જાયો હતો. વડીલોથી લઈને યુવાનો અને મહિલાઓ સહિત વિવિધ વયજૂથના શ્રદ્ધાળુઓ પદયાત્રામાં જોડાયા હતા. જામનગરથી સિદસર સુધીની આ પદયાત્રા વાયા સમાણા માર્ગે આગળ વધશે. ૪૦મી પદયાત્રા હોવાથી આ પ્રસંગનું વિશેષ ધાર્મિક અને સામાજિક મહત્વ પણ જોવા મળ્યું હતું.

# જામનગરમાં વિજ તંત્રની મેગા ડ્રાઈવમાં એક જ દિવસમાં દોઢ કરોડની પાવરચોરી પકડાઈ

**નાગનાથ ગેઈટ, તંબોલી માર્કેટ, નદીપાર રોડ, અંબાજીનો ચોક અને પટેલ કોલીની સહિતના વિસ્તારોમાં ૫૧ ટીમો ત્રાટકી**

જામનગર : જામનગર શહેરમાં વિજ ચોરીના દૂષણને ડામવા માટે વિજ તંત્ર દ્વારા વધૂ એક વખત લાલ આંખ કરી શહેરના જુદા-જુદા વિસ્તારમાં ગઈકાલ તા. ૨૩ના રોજ વહેલી સવારથી જ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. જુદી જુદી ટીમોએ સપાટો બોલાવી એક જ દિવસમાં અંદાજિત દોઢ કરોડ જેટલી જંગી પાવર ચોરી પકડી પાડતા વિજ ચોરોમાં સોંપો પડી ગયો હતો.

જામનગર વીજ તંત્રની કુલ ૫૧ ટીમો દ્વારા પોલીસ અને સુરક્ષા જવાનોને સાથે રાખી શહેરી વિસ્તારમાં ચેકિંગ હાથ ધરાયું હતું. શહેરના નાગનાથ ગેઈટ, તંબોલી માર્કેટ, નદીપાર રોડ, અંબાજી ચોક, પટેલ કોલોની સહિતના જુદા-જુદા વિસ્તારોને આવરી લઈ વીજ કનેક્શનોનું સઘન ચેકિંગ કરવામાં આવ્યું હતું. વહેલી સવારથી જ વીજ તંત્રની ટીમોએ વિવિધ વિસ્તારોમાં ધામા નાખી રહેણાંક વિસ્તારમાં વીજ કનેક્શનોની ચકાસણી કરી હતી. મેગા ડ્રાઈવ દરમિયાન આશરે અંદાજિત ૭૫૦ જેટલા વીજ કનેક્શનોની તપાસ કરવામાં આવી હતી. આ દરમિયાન સંખ્યાબંધ કનેક્શનોમાં વીજચોરીનું દૂષણ સામે આવ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે. વીજચોરી ઝડપાયા બાદ નિયમ મુજબની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. એક જ દિવસમાં મોટી માત્રામાં વીજચોરી ઝડપાતા વીજચોરી કરતા તત્વોમાં ફફડાટ ફેલાયો છે.

# જામનગર જિલ્લામાં જુગારના ત્રણ દરોડા ૬ શખ્સો ઝડપાયા, એક ફરાર

જામનગર : જામનગર જિલ્લામાં પોલીસે જુગારની પ્રવૃત્તિ સામે કાર્યવાહી હાથ ધરી ત્રણ અલગ-અલગ સ્થળે દરોડા પાડી ૬ શખ્સોને ઝડપી લઈ તેઓ પાસેથી રોકડ રકમ તથા જુગારનું સાહિત્ય સહિતનો મુદ્દામાલ કબજે કર્યો હતો. જ્યારે એક શખ્સ ફરાર થઈ ગયો હતો.

જામજોધપુર પોલીસને સીદસર ગામની નવી સોસાયટીમાં જાહેરમાં જુગાર રમાતો હોવાની બાતમી મળતાં સ્થળ પર જઈ દરોડો પાડવામાં આવ્યો હતો. જ્યાં જુગાર રમતા સુનીલભાઈ છગનભાઈ સોલંકી, રમણીકભાઈ દેવાભાઈ ઝીઝુવાડીયા, ગોપાલભાઈ સામજીભાઈ ઝીઝુવાડીયા અને ભરતભાઈ ભીખુભાઈ ડાભીને ઝડપી લઈ તેઓ પાસેથી રોકડ રૂ.૧૦,૨૩૦ કબજે કર્યા હતા.

આ ઉપરાંત કાલાવડ ટાઉન પોલીસે બસ સ્ટેન્ડ પાસે રોડ ઉપર વરલી મટકાના આંકડા લખી પૈસાની હારજીતનો જુગાર રમતા ઓસમાણભાઈ બસીરભાઈ આદમાણીને ઝડપી લઈ તેની પાસેથી વરલી મટકાના આંકડા લખેલી ચિઠ્ઠી, પેન અને રોકડા રૂ.૧૨૦ મળી આવ્યા હતા.

જ્યારે જામનગરના ગુલાબનગર સામે નારાયણનગર વિસ્તારમાં સીટી-એ ડિવિઝન પોલીસે દરોડો પડી સંજયભાઈ રામચંદ્રભાઈ જગદાણી વરલી મટકાના આંકડા લખી-લખાવી પૈસાની હારજીતનો જુગાર રમાડતા ૭ઝડપાયા હતા. તેની પાસેથી રોકડા રૂ.૪,૧૫૦, વરલી મટકાનું સાહિત્ય અને રૂ.૫,૦૦૦નો મોબાઈલ ફોન મળી કુલ રૂ.૯,૧૫૦નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. જ્યારે કપાત લેનાર કાસમભાઈ સતારભાઈ ગોરી ફરારી જાહેર કરી શોધખોળ હાથ ધરી છે.

# જામનગરના રણજીતસાગર રોડ પરના દબાણો સામે તંત્રની કડક કાર્યવાહી




તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર શહેરને સ્વચ્છ અને દબાણમુક્ત બનાવવા માટે મહાનગરપાલિકા તંત્ર દ્વારા હવે મેદાનમાં ઉતરીને કામગીરી શરૂ કરવામાં આવી છે. મહાનગરપાલિકાના ડીએમસી દેવેન્દ્રસિંહ ઝાલાના માર્ગદર્શન હેઠળ ગઈકાલે વિવિધ શાખાના અધિકારીઓ અને કર્મચારીઓની સંયુક્ત ટીમ દ્વારા શહેરના રણજીત સાગર રોડ સહિતના વિસ્તારોમાં દબાણો અને સફાઈ અંગે સ્થળ નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.

ગઈકાલે ડીએમસી દેવેન્દ્રસિંહ ઝાલા, કાર્યપાલક ઈજનેર પાઠક તેમજ ગાર્ડન શાખા, સિવિલ શાખા, ટીપીઓ શાખા, ઘન કચરા વ્યવસ્થાપન શાખા અને એસ્ટેટ શાખાના સંયુક્ત ઉપક્રમે પવનચક્કીથી લાલપુર બાયપાસ સુધી તથા લાલપુર બાયપાસથી પવનચક્કી સુધી બંને તરફની કામગીરી હાથ ધરવામાં આવી હતી. મહાનગરપાલિકાની ટીમે રોડની બંને બાજુ આવેલા દુકાનદારો તેમજ રેકડી ધારકોને કડક સૂચનાઓ આપી હતી. રોડ પર માલસામાન, રેકડી કે અન્ય સામગ્રી એવી રીતે ન રાખવા જણાવાયું હતું કે જેના કારણે સફાઈ કામગીરીમાં અડચણ ઊભી થાય અથવા વાહનવ્યવહારને મુશ્કેલી પડે.

મનપા તંત્ર દ્વારા ખાસ કરીને મુખ્ય માર્ગ પર સફાઈ જળવાઈ રહે અને દુકાનો કે રેકડીના કારણે ટ્રાફિક અવરોધાય નહીં તેની તકેદારી રાખવા સૂચના આપવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, જામનગર શહેરને સ્વચ્છ તથા દબાણમુક્ત બનાવવા માટે મહાનગરપાલિકાના અધિકારીઓ દ્વારા છેલ્લા બે દિવસથી સતત સ્થળ નિરીક્ષણ અને કામગીરી કરવામાં આવી રહી છે. ગઈકાલે રાત્રે પણ મ્યુનિસિપલ કમિશનર વિશાળ કાફલા સહિતના અધિકારીઓએ શહેરના ગીચ વિસ્તારો, રાત્રિ બજાર સહિતના વિસ્તારોમાં સફાઈ અને દબાણના પ્રશ્નો અંગે સ્થળ નિરીક્ષણ કરી સંબંધિત વિભાગના સ્ટાફને જરૂરી સૂચનાઓ આપી હતી.

# કુરંગા અને ભાટિયામાં જુગારના બે દરોડામાં ૧૨ શખ્સોની અટકાયત

દ્વારકા : દ્વારકા પંથકના કુરંગા ગામે વાડી વિસ્તારમાં ચાલતા જુગારના અખાડા ઉપર પોલીસે દરોડો પાડી સંચાલક સહિત સાત શખ્સને રૂ. સવા બે લાખની મતા સાથે પકડી પાડ્યા હતા જ્યારે ભાટીયા ગામમાંથી ૫ જુગારીની રૂ. ૬ હજાર ઉપરાંતની રોકડ રકમ સાથે અટકાયત કરી હતી.

મળતી માહિતી પ્રમાણે દ્વારકા તાલુકાના કુરંગા ગામમાં રહેતો જોધાભાઈ વાલાભાઈ લુણા નામનો શખ્સ પોતાની ગામમાં આવેલી કબ્જા ભોગવટાની વાડીએ બહારથી માણસો બોલાવી નાલ ઉઘરાવી અંગત ફાયદા માટે જુગારનો અખાડો ચલાવતો હોય તેવી બાતમીના આધારે દ્વારકા જિલ્લા એલસીબી પોલીસે ત્યાં દરોડો પાડ્યો હતો દરમિયાન અત્રે ગંજીપાના પાના વડે તીનપતી નામનો જુગાર રમતા સંચાલક જોધાભાઈ લુણા સહિત સુભાષભાઈ મનસુખલાલ પીઠીયા, જીવાભાઈ નાગાજણભાઈ મુન, ખીમાભાઈ મેઘાભાઈ વારસાકીયા, હમીરભાઈ સામતભાઈ ચાવડા, બાલુભાઈ ધીરાભાઈ ગુજ્જર અને દેશુરભાઈ અરજણભાઈ ચાવડા નામના ૭ શખ્સને પકડી પાડી સ્થળપરથી રૂ.૫૪૪૦૦ ની રોકડ રકમ અને રૂ. ૨૧ હજારની કિંમતના ૬ નંગ મોબાઈલ ફોન તેમજ એક સ્વિફ્ટ કાર જેની કિંમત રૂ. ૧.૫૦ લાખ હોઈ આમ કુલમળી રૂ. ૨.૨૫ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

ઉપરાંત કલ્યાણપુર તાલુકાના ભાટીયા ગામમાં જાહેરમાં ગંજીપાના પાના વડે તીનપતી નામનો જુગાર રમતા નાથાભાઈ ઘેલાભાઈ ફફલ, જયદાન પાલાભાઈ વરમલ, ભરતભાઈ બાબુભાઈ ગોંડલીયા, રમેશભાઈ ગોપાલભાઈ કારીયા અને હમીરભાઈ નુંઘાભાઈ ધમા નામના ૫ શખ્સને સ્થાનિક પોલીસે ઝડપી લઈ સ્થળપરથી રૂ. ૬૨૭૦ ની રોકડ રકમ કબ્જે કરી હતી.

# જામનગરમાં સૌની યોજના દ્વારા પીવાના પાણીનું વિતરણ જળવાશે : કમિશનર



જામનગર : જામનગરમાં ચાલુ વર્ષે અપૂરતા વરસાદને કારણે જળાશયોમાં પાણીની આવક ઓછી થઈ છે. જેને પગલે પીવાના પાણીની વ્યવસ્થા જળવાઈ રહે તે માટે મહાનગરપાલિકા દ્વારા સૌની યોજના હેઠળ પાણી મેળવવામાં આવી રહ્યું છે. હાલમાં જામનગરના જળાશયોમાં દરરોજ આશરે ૧૦થી ૧૨ એમસીએફટી પાણી ઠાલવવામાં આવી રહ્યું છે.

મ્યુનિ. કમિશનર દીપેશ કેડિયાએ જણાવ્યું હતું કે, શહેરમાં હાલ પાણીનું નિયમિત વિતરણ થઈ રહ્યું છે અને આગામી સમયમાં પણ વ્યવસ્થા જળવાઈ રહે તે માટે મહાનગરપાલિકા દ્વારા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. રંગમતિ ડેમમાં પણ સૌની યોજનાનું પાણી ઠાલવવાની કામગીરી હાથ ધરવામાં આવશે. આ સમગ્ર વ્યવસ્થામાં સરકારનો સંપૂર્ણ સહયોગ મળી રહ્યો હોવાનું તેમણે જણાવ્યું હતું.

હાલ રણજીતસાગર ડેમમાં ૨૭.૨૭ ટકા, સસોઈ ડેમમાં ૬.૨૮ ટકા, ઊંડ-૧માં ૧૦.૭૮ ટકા અને આજી-૩માં ૫૯.૮૩ ટકા પાણીનો જથ્થો ઉપલબ્ધ હોવાનું જણાવાયું છે. દરમિયાન નગરજનોને પીવાના પાણીનો બગાડ નહીં કરવા અને કરકસરપૂર્વક પાણીનો ઉપયોગ કરવા કમિશનરે અપીલ કરી છે.

# સિક્કામાં લીવરની બિમારીને લીધે પરપ્રાંતિય યુવાનનું મોત નીપજ્યું

જામનગર : જામનગર તાલુકાના સિક્કા ખાતે રહેતા એક પરપ્રાંતીય યુવાનનું લીવરની બીમારીથી મૃત્યુ નિપજયાનો બનાવ પોલીસ ચોપડે ઉઠવા પામ્યો છે.

પ્રાપ્ત વિગત મુજબ સિક્કા ખાતે શ્રીજી સોસાયટીમાં મેટલ ક્રાફ્ટ કંપનીના મકાનમાં રહેતા મૂળ ઉત્તરપ્રદેશના વતની રામપ્રવેશ શ્રીધામા યાદવ (ઉ.વ.૩૪)ને લીવરની બીમારી હોય જે તકલીફને કારણે તેઓનું મોત થતાં મોટીખાવડી ગામે આંબાવાડી વિસ્તાર નદીના કાંઠેથી રામપ્રવેશનો મૃતદેહ મળ્યો હતો. જે મામલે મેઘપર પોલીસે મોતની નોંધ કરીને તપાસ હાથ ધરી છે.

# વિદ્યાભારતી અખિલ ભારતીય શિક્ષા સંસ્થાન દ્વારા કાલે રાષ્ટ્રવ્યાપી કાર્યક્રમ

દ્વારકા : અખિલ ભારતીય વિદ્યા ભારતીય શિક્ષણ સંસ્થાન દ્વારા આયોજિત રાષ્ટ્રવ્યાપી આવતીકાલ તા. ૨૫ના રોજ નમામી ભારતમ કાર્યક્રમ અંતર્ગત ભારત દેશમાં આવેલા સંલગ્ન શિશુ મંદિરમાં એક કરોડથી પણ વધારે લોકો એક સાથે આગામી શુક્રવારે સવારે ૧૧ વાગે પૂર્ણ વંદે માતરમનું સામુહિક ગાયન કરશે.

આ કાર્યક્રમ વિશ્વ વિક્રમ બનવા જઈ રહ્યો છે વંદે માતરમ ગીત આપણા રાષ્ટ્રનો ધબકાર છે કાંતિની જ્વાળા છે અને ક્રાંતિવીરોના બલિદાનનો જીવન મંત્ર છે. આ ગીતને ૧૫૦ વર્ષ પૂરા થયા છે ત્યારે આપણે સૌ સાથે મળીને માં ભારતીની વંદના કરીએ દ્વારકાના લોકોને આ આ ગૌરવ સારી ક્ષણમાં હાજર રહેવા આમંત્રણ આપવામાં આવે છે. સ્થાન ધ દ્વારિકા હોટલ સામે હાઈવે રોડ શિશુ મંદિર દ્વારકા જે લોકો આ કાર્યક્રમમાં હાજર રહેવા માંગતા હોય તેઓ પોતાનું નામ તારીખ ૨૪ સપ્ટેમ્બર સાંજ સુધીમાં મોબાઈલ નંબર ૯૭ ૨૬ ૭૯ ૨૭ ૭૭ પર નોંધાવી શકશે.

# જામનગરમાં ઘર પાસે પાર્ક કરેલું બાઈક ચોરાયું

જામનગર : જામનગરના સરૂ સેકશન રોડ પર રાજનગર વિસ્તારમાં મકાન બહાર પાર્ક બાઈક કોઈ અજાણ્યો તસ્કર ચોરી કરીને લઈ જતાં સીટી-સી ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે.

શહેરના રાજનગર શેરી નંબર-૩માં રહેતા ૫૨ વર્ષીય વેપારી રાજેશભાઈ નથુભાઈ રાંકજા પટેલે પોતાની કાળા રંગની હીરો હોન્ડા કંપનીની સ્પ્લેન્ડર બાઈક નંબર જીજે-૧૦-એએલ-૪૮૯૮ મકાન બહાર રોડ ઉપર દરવાજા પાસે પાર્ક કરી હતી. દરમિયાનના કોઈ અજાણ્યો તસ્કર બાઈક ચોરી કરીને ફરાર થઈ ગયો હતો.

આ બનાવ અંગે રાકેશભાઈ રાકજાએ ફરિયાદ નોંધાવતા સીટી-સી ડિવિઝન પોલીસે અજાણ્યા શખ્સ સામે ગુનો નોંધી શોધખોળ શરૂ કરી છે.

# જામનગરમાં ગીતાંજલિ પાર્કની શેરીઓમાંથી અનધિકૃત સ્પીડ બ્રેકર દૂર કરવામાં આવ્યા



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર શહેરમાં જાહેર રસ્તાઓ પર મંજૂરી વિના ઊભા કરવામાં આવેલા અને વાહનચાલકો માટે જોખમી બની રહેલા સ્પીડ બ્રેકરો સામે જામનગર મહાનગરપાલિકાની એસ્ટેટ શાખા દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ન્યૂ જામનગર વિસ્તારમાં આવેલા ગીતાંજલિ પાર્કની આશરે ચાર શેરીઓમાંથી એકસાથે ૧૫થી ૧૬ જેટલા અનધિકૃત સ્પીડ બ્રેકરો જેસીબીની મદદથી તોડી દૂર કરી રસ્તાઓને ફરી સમતલ કરવામાં આવ્યા હતા.

એસ્ટેટ શાખામાં ગીતાંજલિ પાર્ક વિસ્તારમાં વિવિધ સ્થળોએ અનધિકૃત રીતે સ્પીડ બ્રેકર બનાવી દેવામાં આવ્યા હોવા અંગે અરજી મળી હતી. આ સ્પીડ બ્રેકરોના ફોટોગ્રાફ સહિતની વિગતો પણ એસ્ટેટ શાખા સમક્ષ રજૂ કરવામાં આવી હતી. અરજીના આધારે સ્થળ પરિસ્થિતિની તપાસ કરવામાં આવી હતી. આ મામલે મહાનગરપાલિકાની સિવિલ શાખાનો અભિપ્રાય મેળવ્યા બાદ સ્પીડ બ્રેકરો નિયમ મુજબના ન હોવાની બાબતને ધ્યાને લઈ એસ્ટેટ શાખાની ટીમ દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી. ગઈકાલે ન્યૂ જામનગરના ગીતાંજલિ પાર્ક વિસ્તારમાં આવેલી ચારેય શેરીઓમાં અલગ અલગ સ્થળે બનાવવામાં આવેલા આશરે ૧૫થી ૧૬ અનધિકૃત સ્પીડ બ્રેકરો જેસીબી સહિતના સાધનોની મદદથી તોડી નાખવામાં આવ્યા હતા.


જામનગર મહાનગરપાલિકા
જામનગર

:: ટેન્ડર નિવિદા ::

જામનગર મહાનગરપાલિકા, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા નીચે મુજબના કામ માટે ઓફ લાઈન ટેન્ડરીંગથી ભાવ મંગાવવામાં આવે છે. ઓફર ફોર્મ તા.૨૮/૦૯/૨૦૨૬ ના ૧૧-૦૦ કલાકથી સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા, ત્રીજો માળ, વહીવટી ભવન, , લાલ બંગલા જામનગર ખાતેથી મળી શકશે.

| ક્રમ | કામનું નામ | અંદાજીત રકમ |
|---|---|---|
| ૧ | જામનગર મહાનગરપાલિકા હદ વિસ્તારમાં રખડતા શ્વાનોની ગણતરી કરવાનું કામ | રૂા.૪.૮૨ લાખ |

ઓફ લાઈન ઓફર ફોર્મ સમબીટ કરવાની અંતિમ તા.૧૭/૧૦/૨૦૨૬ ના ૧૮-૦૦ કલાક સુધીની રહેશે.

કમિશ્નર
જામનગર મહાનગરપાલિકા

નં.જેએમસી/સો.વે/૩૮/ટેન્ડર નિવિદા/૪૦૪/૨૬-૨૭. તા.૨૩/૦૯/૨૦૨૬


# રાષ્ટ્રીય કક્ષાની અન્ડર-૧૪ બાસ્કેટબોલ ટુર્નામેન્ટમાં જામનગરના ત્રણ ખેલાડીઓ ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે






જામનગર : આંધ્રપ્રદેશ રાજ્યના વિજયવાડા ખાતે આગામી તા.૨૬ના રોજ નેશનલ લેવલની અન્ડર-૧૪ બાસ્કેટ બોલ ટુર્નામેન્ટ યોજાશે. જ્યાં સમગ્ર દેશ માંથી ૬૦ જેટલી ટીમો ભાગ લેશે. તે પૈકી ગુજરાત રાજ્યની ૨ ટીમ (ગર્લ્સ/બોયઝ)ની પસંદગી કરવામાં આવી છે. આ ટીમો માટે કોચિંગ કેમ્પનું આયોજન જામનગર ખાતે ૧૦ દિવસ માટે કરવામાં આવ્યું હતું. જેમાંથી જામનગરના ત્રણ ખેલાડીઓ પસંદગી પામ્યા છે. આ ટીમોના કુલ ૨૪ ખેલાડીઓ વિજયવાડા ખાતે ગુજરાતનું પ્રતિનિધિત્વ કરવા રવાના થશે. ત્યારે જિલ્લા કલેકટર પી.બી.પંડ્યાએ ડીસ્ટ્રીકટ સ્પોર્ટ્સ કોચિંગ સેન્ટર ખાતે રાષ્ટ્રીય કક્ષાએ રમવા જઈ રહેલ ટીમો સાથે મુલાકાત કરી અભિનંદન પાઠવ્યા હતા.

કલેકટરએ ખેલાડીઓને પ્રોત્સાહન પૂરું પડતા જણાવ્યું હતું કે, જામનગર જિલ્લાના યુવાનો રમતગમત ક્ષેત્રે ખૂબ સારું પ્રદર્શન કરી રહ્યા છે તે ગૌરવની વાત છે. ખેલાડીઓ નેશનલ લેવલે જિલ્લા અને રાજ્યનું નામ રોશન કરી, ટીમ વર્ક અને શિસ્ત સાથે રમવા અને ઉત્કૃષ્ટ પ્રદર્શન કરે તેવી શુભકામનાઓ પાઠવી હતી. કલેક્ટરએ ખેલાડીઓને ફિટનેસ, મહેનત અને સતત પ્રેક્ટિસ પર ભાર મુકવા અનુરોધ કર્યો હતો અને જિલ્લા વહીવટી તંત્ર તરફથી તમામ જરૂરી સહયોગ આપવાની ખાતરી આપી હતી.

આ તકે ખેલાડીઓ દ્વારા સરકાર દ્વારા પૂરી પાડવામાં આવતી સુવિધાઓ બદલ તેમજ જામનગર રમત પ્રશિક્ષણ કેન્દ્ર અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આપવામાં આવેલ સુવિધાઓ બદલ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે જિલ્લા રમત વિકાસ અધિકારી બી.જે રાવલીયા, જિલ્લા શિક્ષણ અધિકારી વિપુલ મહેતા, કોચ, ખેલાડીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.


ઓનલાઈન ટેન્ડરીંગ

માર્ગ અને મકાન (પંચાયત) વિભાગ,દેવભૂમિ દ્વારકા

જાહેર નિવિદા નં.૨૪/૨૦૨૬-૨૭

જિલ્લા પંચાયત દેવભૂમિ દ્વારકા વતી કાર્યપાલક ઈજનેરશ્રી પંચાયત માર્ગ અને મકાન વિભાગ દેવભૂમિ દ્વારકા દ્વારા સરકારશ્રીની વિવિધ યોજના લગત દેવભૂમિ દ્વારકા જિલ્લામાં રસ્તાના જુદા જુદા કામ માટે ગુજરાત રાજ્યમાં માર્ગ અને મકાનવિભાગ તેમજ નર્મદા જળસંપત્તિ,પાણી પુરવઠા અને કલ્પસર વિભાગમાં જરૂરી કક્ષામાં નોંધાયેલ ઈજારદારો પાસેથી સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર ઓનલાઈન ટેન્ડર માંગવામાં આવેલ છે.જેની અંદાજીત રકમ રૂ.| ૫૦.૮૫ થી ૧૮૧.૪૫ લાખ સુધીની છે. આ કામના ટેન્ડરો વેબ સાઈટ https://tender.nprocure.com પર ઉપલબ્ધ થશે.વધુ વિગતો માટે પ્રસ્તુત વેબસાઈટ પર સંપર્ક કરવો.તેમજ વિગતવાર જાહેર નિવિદા www.statetenders.gujarat.gov.in પર જોઈ શકાશે. આવેલ તમામ ટેન્ડરો સ્વીકારવા કે ન સ્વીકારવાનો હક અબાધિત રહેશે.

| | |
|---|---|
| ટેન્ડર ભરવાની શરુ તારીખ અને સમય | તા.૨૮/૦૯/૨૦૨૬ બપોરે ૧૨ :૦૦ વાગ્યાથી શરુ |
| ટેન્ડર ભરવાની છેલ્લી તારીખ અને સમય | તા.૧૩/૧૦/૨૦૨૬ સાંજે ૦૬:૦૦ વાગ્યા સુધી |
| ટેન્ડર ખોલવાની તારીખ અને સમય | તા.૧૪/૧૦/૨૦૨૬ બપોરે ૧૨:૦૦ વાગ્યે |

માહિતી/જામ/૪૭૩/૨૦૨૬


સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Near Anupam talkies, Shivam Building, Bedi Gate, Jamnagar. Editor: Rajesh Kiritbhai Dave* Vijay Kotecha(Responcible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

## સસ્તા રિચાર્જનો માર્ગ ખુલ્યો: ડેટા વગરના પ્લાન હવે ફરજિયાત

મોબાઈલ ફોન વાપરતા સામાન્ય લોકો માટે એક સારા સમાચાર આવ્યા છે. ભારતની ટેલિકોમ નિયમન સંસ્થા એટલે કે ટ્રાઈ (TRAI) એ ૨૧ સપ્ટેમ્બર ૨૦૨૬ ના રોજ એક નવું નિયમન જાહેર કર્યું છે. આ નિયમન ગ્રાહકોની સુરક્ષા માટે લાવવામાં આવ્યું છે. તેનો મુખ્ય હેતુ એક જ છે. હવે દેશની દરેક ટેલિકોમ કંપનીએ માત્ર કોલિંગ માટે એક અલગ પ્લાન આપવો જ પડશે. આ પ્લાનમાં ઈન્ટરનેટ ડેટા બિલકુલ નહીં હોય. તેમાં ફક્ત વાતચીત કરવાની અને સંદેશા મોકલવાની સુવિધા મળશે.આ નિયમ જિયો, એરટેલ અને વોડાફોન આઈડિયા સહિત બધી કંપનીઓને લાગુ પડશે. જાહેરનામું બહાર પડ્યાના એક મહિના પછી તેનો અમલ શરૂ થશે. એટલે કે ઓક્ટોબર ૨૦૨૬ થી ગ્રાહકોને આ નવી સુવિધાનો લાભ મળવા લાગશે.અત્યાર સુધી ગ્રાહકો મજબૂરીમાં હતા. ઘણા લોકોને ઈન્ટરનેટની જરૂર જ નહોતી. તેઓ ફક્ત ફોન કરવા માટે મોબાઈલ વાપરતા હતા. પણ તેમને ડેટા સાથેનો પ્લાન ખરીદવો પડતો હતો. આ કારણે તેમના ખિસ્સા પર વધારાનો ભાર પડતો હતો. ઘણા વડીલો અને ગામડાના લોકો ફીચર ફોન વાપરે છે. તેમને ડેટાની કોઈ જરૂર નથી હોતી. તેઓ ફક્ત કોલ કરવા અને એસએમએસ મોકલવા માટે ફોન રાખે છે. પણ કંપનીઓ તેમને ડેટા સાથેનો જ પ્લાન આપતી હતી. હવે આ ચિત્ર બદલાવાનું છે.નવા નિયમ મુજબ, કંપનીએ જેટલા દિવસનો ડેટા સાથેનો પ્લાન આપે છે, તેટલા જ દિવસનો ડેટા વગરનો પ્લાન પણ આપવો પડશે. ઉદાહરણ તરીકે, જો ૨૮ દિવસનો ડેટા પ્લાન ઉપલબ્ધ હોય, તો ૨૮ દિવસનો ફક્ત કોલિંગ પ્લાન પણ ઉપલબ્ધ હોવો જોઈએ. આ પ્લાનનો ભાવ ડેટા પ્લાન કરતાં ઓછો રાખવો પડશે. આનો અર્થ એ છે કે ગ્રાહકને ઓછા પૈસામાં ફક્ત કોલ કરવાની સુવિધા મળશે. તેને ન વપરાતા ડેટા માટે વધારાના પૈસા ચૂકવવા નહીં પડે.ગ્રાહકોને બીજી એક મોટી સરળતા મળશે. હાલમાં ૨૮ દિવસનો ગૂંચવણભર્યો હિસાબ ચાલે છે. દર મહિને તારીખ બદલાતી રહે છે. આ કારણે લોકોને યાદ રાખવામાં મુશ્કેલી પડે છે. હવે આ ગૂંચવણ દૂર થશે. તેના બદલે મહિનાની તારીખે તારીખે પ્લાન ચાલશે. જો ૧૦ તારીખે પ્લાન લીધો હોય, તો આવતા મહિનાની ૧૦ તારીખે તે પૂરો થશે. આનાથી વડીલો અને ગામડાના ગ્રાહકોને ખૂબ અનુકૂળતા રહેશે. તેમને વારંવાર તારીખ યાદ રાખવી નહીં પડે.અગાઉ ડિસેમ્બર ૨૦૨૪ માં ટ્રાઈએ આવી જ સૂચના આપી હતી. પણ તે સમયે કંપનીઓએ માત્ર લાંબી મુદતના પ્લાન આપ્યા હતા. ટૂંકી મુદતનો સસ્તો વિકલ્પ નહોતો આપ્યો. આ કારણે ઓછી આવકવાળા લોકોને ફાયદો નહોતો થયો. આ ખામીને ધ્યાનમાં રાખીને હવે કડક નિયમ બનાવવામાં આવ્યો છે. હવે કંપનીઓને ટૂંકી મુદતના પ્લાન પણ આપવા જ પડશે. આનાથી નાની બચત કરતા લોકોને પણ લાભ મળશે.આ પગલાથી ઘણા લોકોને સીધો લાભ થશે. ફીચર ફોન ધરાવતા લોકોને સૌથી વધુ ફાયદો થશે. બીજા નંબર તરીકે સિમ રાખતા લોકો પણ બચત કરી શકશે. જેઓ ઘરે વાઈ-ફાઈ પર ઈન્ટરનેટ વાપરે છે, તેમને પણ લાભ મળશે. તેમને હવે ન જોઈતા ડેટા માટે પૈસા ખર્ચવા નહીં પડે. આ ઉપરાંત વિદ્યાર્થીઓ, નિવૃત્ત કર્મચારીઓ અને ગૃહિણીઓને પણ આ નિર્ણયથી રાહત મળશે.આ નિયમ ગ્રાહકો માટે સારો છે. પણ કંપનીઓ માટે તે એક પડકાર છે. કંપનીઓએ હવે નવા પ્લાન બનાવવા પડશે. તેમને ભાવ પણ વ્યાજબી રાખવો પડશે. જો કંપનીઓ ઊંચા ભાવ રાખશે, તો ગ્રાહકોને ફાયદો નહીં થાય.

# અમેરિકાની મધ્યસત્ર ચૂંટણી: લોકશાહીનું અનોખું પર્વ અને વૈશ્વિક પ્રભાવ

**પ્રાંસગિક** — સુરેશ ભટ્ટ

અમેરિકી રાજકારણ વૈશ્વિક સ્તરે હંમેશાં ચર્ચાના કેન્દ્રમાં રહે છે. રાષ્ટ્રપતિની મુખ્ય ચૂંટણીઓ ઉપરાંત અમેરિકી શાસનવ્યવસ્થામાં 'મધ્યસત્ર ચૂંટણી' (Midterm Elections) નું અત્યંત મહત્ત્વપૂર્ણ સ્થાન છે. આ ચૂંટણીઓ માત્ર અમેરિકાના આંતરિક રાજકારણની દિશા નક્કી નથી કરતી, પરંતુ વૈશ્વિક અર્થતંત્ર અને રાજનીતિને પણ ઊંડી અસર પહોંચાડે છે. પ્રત્યેક ચાર વર્ષના રાષ્ટ્રપતિના કાર્યકાળની બરાબર મધ્યમાં, એટલે કે બે વર્ષ પૂરા થતાં આ ચૂંટણીઓ યોજાય છે, તેથી તેને મધ્યસત્ર ચૂંટણી કહેવામાં આવે છે.

મધ્યસત્ર ચૂંટણીનો પાયો અને સંવિધાનિક સ્વરૂપ

અમેરિકી બંધારણના અનુચ્છેદ-૧ અનુસાર દેશની સંસદ એટલે કે 'કોંગ્રેસ' ની રચના માટે આ ચૂંટણીઓ અનિવાર્ય છે. આ ચૂંટણીઓમાં પ્રતિનિધિ ગૃહ (House of Representatives) ની તમામ ૪૩૫ બેઠકો અને સેનેટ (Senate) ની એક તૃતીયાંશ એટલે કે આશરે ૩૩ થી ૩૫ બેઠકો પર મતદાન થાય છે. પ્રતિનિધિ ગૃહના સભ્યોનો કાર્યકાળ બે વર્ષનો હોવાથી દરેક મધ્યસત્ર ચૂંટણીમાં આખી લોકસભા નવેસરથી ચૂંટાય છે, જ્યારે સેનેટના સભ્યોનો કાર્યકાળ છ વર્ષનો હોવાથી તેમના માત્ર ત્રીજા ભાગના સભ્યો જ બદલાય છે.

મધ્યસત્ર ચૂંટણીને સામાન્ય રીતે વર્તમાન રાષ્ટ્રપતિ અને તેમની સરકારના બે વર્ષના કામકાજનો 'જનમત સંગ્રહ' કે રેફરન્ડમ ગણવામાં આવે છે. ઈતિહાસ સાક્ષી છે કે મોટા ભાગના કિસ્સાઓમાં સત્તા પર રહેલી પાર્ટીએ આ ચૂંટણીઓમાં નુકસાન વેઠવું પડે છે. જનતાનો રોષ, મોંઘવારી, બેરોજગારી કે નીતિગત નિષ્ફળતાઓ વિરોધ પક્ષના હાથમાં મોટું હથિયાર બની જાય છે. આ ચૂંટણીઓ નક્કી કરે છે કે આગામી બે વર્ષ માટે રાષ્ટ્રપતિ પોતાની નીતિઓ સરળતાથી લાગુ કરી શકશે કે નહી.

રિપબ્લિકન પાર્ટી: પરિચય અને વિચારધારા સમજવી જરૂરી છે.અમેરિકી રાજકારણના બે મુખ્ય સ્તંભોમાં રિપબ્લિકન પાર્ટી (જીઓપી - ગ્રાન્ડ ઓલ્ડ પાર્ટી) અગ્રેસર છે. આ પક્ષની સ્થાપના ૧૮૫૪માં ગુલામી પ્રથાના વિરોધ માટે થઈ હતી. રિપબ્લિકન પાર્ટીની મુખ્ય વિચારધારા રૂઢિચુસ્તતા (Conservatism), મુક્ત બજાર અર્થતંત્ર, મર્યાદિત સરકારી હસ્તક્ષેપ અને ઓદ્યોગિક વિકાસ પર કેન્દ્રિત છે. આ પક્ષ પરંપરાગત મૂલ્યો, વ્યક્તિગત સ્વતંત્રતા અને મજબૂત રાષ્ટ્રીય સુરક્ષાનું સમર્થન કરે છે. કરવેરા ઘટાડવા અને વ્યાપાર જગતને પ્રોત્સાહન આપવું તેમની પ્રાથમિકતા રહે છે. ગ્રામીણ વિસ્તારો, નાના શહેરો અને પરંપરાગત વ્હાઈટ કૉલર વર્ગમાં આ પાર્ટીનો પ્રભાવ વિશેષ જોવા મળે છે.

ડેમોક્રેટિક પાર્ટી: પરિચય અને વિચારધારા.અમેરિકી રાજકીય ક્ષેત્રે ડેમોક્રેટિક પાર્ટી એ રિપબ્લિકનની સામેનો મુખ્ય પક્ષ છે, જેની સ્થાપના ૧૮૨૮માં થઈ હતી. આ પક્ષ ઉદારવાદી (Liberal) અને પ્રગતિશીલ વિચારધારા ધરાવે છે. ડેમોક્રેટ્સ સામાજિક સમાનતા, કલ્યાણકારી યોજનાઓ, સાર્વત્રિક સ્વાસ્થ્ય સેવા, પર્યાવરણનું રક્ષણ અને લઘુમતીઓના અધિકારો પર વિશેષ ભાર મૂકે છે. તેમનું છે કે નાગરિકોના કલ્યાણ માટે સરકારે આગળ વધીને કામ કરવું જોઈએ. મોટા શહેરો, યુવા વર્ગ, બૌદ્ધિકો અને વિવિધ વંશીય સમુદાયો સામાન્ય રીતે ડેમોક્રેટિક પાર્ટીના મજબૂત મતબેંક ગણાય છે.

ડોનાલ્ડ ટ્રમ્પનું રાજકીય ભવિષ્ય અને પ્રભાવ.અમેરિકી રાજકારણમાં ડોનાલ્ડ ટ્રમ્પનું નામ એક યુગની જેમ ઉપસી આવ્યું છે. 'અમેરિકા ફર્સ્ટ' ની નીતિ સાથે ટ્રમ્પે રિપબ્લિકન પાર્ટીને એક નવી દિશા આપી છે. મધ્યસત્ર ચૂંટણીઓ અને એકંદરે ભવિષ્યના રાજકારણમાં ટ્રમ્પનો પ્રભાવ નિર્ણાયક સાબિત થાય છે. તેમના સમર્થકો તેમને એક શક્તિશાળી લોકપ્રિય નેતા માને છે જે પરંપરાગત રાજકીય પ્રણાલી સામે પડકાર ફેંકે છે. ભલે તેમની આક્રમક શૈલી વિવાદોમાં ઘેરાયેલી રહે, પરંતુ રિપબ્લિકન બેઝ વોટર્સ પર તેમની પકડ અતૂટ છે. આગામી ચૂંટણીઓમાં તેમના સમર્થન વગર પક્ષના ઉમેદવારો માટે જીતવું મુશ્કેલ બને છે, જે તેમની નેતાગીરીની મજબૂતાઈ દર્શાવે છે.

મધ્યસત્ર ચૂંટણીનું સૌથી મોટું પરિણામ સંસદમાં સત્તાના સમીકરણો બદલાઈ જવામાં છે. ઘણીવાર એવું બને છે કે રાષ્ટ્રપતિ જે પાર્ટીના હોય, તે જ પાર્ટી વિરોધ પક્ષના ભારે વિરોધને કારણે સંસદના એક કે બંને ગૃહમાં પોતાની બહુમતી ગુમાવી બેસે છે. આ સ્થિતિને 'હુંગ કોંગ્રેસ' કે વિભાજિત સરકારે કહેવામાં આવે છે. આવી સ્થિતિ સર્જાય ત્યારે રાષ્ટ્રપતિ માટે નવા કાયદા પસાર કરાવવા કે બજેટ મંજૂર કરાવવું અત્યંત મુશ્કેલ બની જાય છે અને રાજકીય લકવા જેવી સ્થિતિ ઊભી થાય છે.




ચૂંટણી પ્રચાર દરમિયાન આર્થિક મુશ્કેલીઓ, ફુગાવાનો દર, રોજગારીની તકો અને ગર્ભપાત જેવા સંવેદનશીલ સામાજિક મુદ્દાઓ કેન્દ્રસ્થાને રહે છે. સામાન્ય રીતે અમેરિકી મતદાર પોતાના ખિસ્સાની સ્થિતિ (અર્થતંત્ર) જોઈને વોટ આપે છે. જ્યારે મોંઘવારી વધે છે ત્યારે શાસક પક્ષ વિરુદ્ધ લોકોમાં ગુસ્સો જોવા મળે છે. આ ચૂંટણીઓમાં પ્રચાર રણનીતિ માત્ર મોટા ભાષણો પૂરતી મર્યાદિત નથી હોતી, પરંતુ સોશિયલ મીડિયા અને ઘરે-ઘરે જઈને મતદારોને રિઝવવાના પ્રયાસો થાય છે.

મતદાનની ઓછી ટકાવારી અને લોકશાહી સામેના પડકારો

રાષ્ટ્રપતિની મુખ્ય ચૂંટણીઓની સરખામણીમાં મધ્યસત્ર ચૂંટણીઓમાં મતદારોનો ઉત્સાહ થોડો ઓછો જોવા મળે છે. સામાન્ય રીતે અમેરિકામાં મધ્યસત્ર ચૂંટણી વખતે માત્ર ૪૦% થી ૫૦% લોકો જ મતદાન કરવા માટે બહાર નીકળે છે. મતદાનની આ ઓછી ટકાવારી લોકશાહીના સ્વાસ્થ્ય માટે ચિંતાનો વિષય રહી છે. જોકે, તાજેતરના વર્ષોમાં રાજકીય ધ્રુવીકરણ વધવાને કારણે મતદારોમાં જાગૃતિ વધી છે અને મતદાનની ટકાવારીમાં પણ સંતોષકારક સુધારો જોવા મળ્યો છે.

ટૂંકમાં કહીએ તો, અમેરિકાની મધ્યસત્ર ચૂંટણી માત્ર બે વર્ષના શાસનનું મૂલ્યાંકન નથી, પરંતુ તે લોકશાહીની ચેતનાનું જીવંત પ્રતીક છે. તે સત્તાના કેન્દ્રીકરણને અટકાવે છે અને શાસકોને જનતા પ્રત્યે જવાબદાર રહેવાની ફરજ પાડે છે. બંને મુખ્ય પાર્ટીઓ વચ્ચેની વૈચારિક લડાઈ અને ડોનાલ્ડ ટ્રમ્પ જેવા પ્રભાવશાળી નેતાઓની ભૂમિકા આ ચૂંટણીઓને વધુ રોમાંચક બનાવે છે. આ ચૂંટણીઓના પરિણામો માત્ર અમેરિકા જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વના રાજકીય અને આર્થિક સમીકરણો પર લાંબા ગાળાની અસરો છોડે છે.

શું તમે અમેરિકી ચૂંટણી પ્રણાલીમાં 'ઈલેક્ટોરલ કોલેજ' ની પ્રક્રિયા રસપ્રદ છે.

# આપણી વિચારસરણી જ આપણી સીમાઓ નક્કી કરે છે

**વિશેષ**

એમના યુદ્ધકૌશલ્ય અને રાજકીય સુધારાઓએ સમગ્ર યુરોપના ઈતિહાસને એક નવી દિશા આપી. એ કહેતા કે,'અશક્ય શબ્દ ફક્ત મૂર્ખાઓના શબ્દકોષમાં જોવા મળે છે.' કાયદાકીય સુધારા અંતર્ગત ૧૮૦૪માં તેમણે પોતે 'નેપોલિયન કોડ' લાગુ કર્યો જેણે કાયદા માટે સમાનતા, ધાર્મિક સ્વાતંત્ર્ય અને સંપત્તિના અધિકારો સ્થાપિત કર્યા. આ કાયદા આજે પણ ઘણા દેશોની કાનૂની વ્યવસ્થાનો પાયો છે.

નેપોલિયનનો જન્મ ૧૫ ઓગસ્ટ, ૧૭૭૯ના કોર્સિકા દ્વીપ પર થયો હતો. નાની વયે જ તેમણે ફ્રાન્સની સૈન્ય એકેડમીમાં પ્રવેશ લીધો અને મિલિટરીના આર્ટીલરી અધિકારી તરીકે જોડાયા. લશ્કરના ઉચ્ચ શિક્ષણને કારણે ૧૭૮૯ની ફ્રેન્ચ ક્રાંતિ દરમિયાન રણનીતિ અને વીરતાને કારણે તેઓ ખૂબ જ ઝડપથી સેનાપતિપદ સુધી પહોંચ્યા હતા. ૧૭૯૯માં પ્રથમ કાઉન્સિલર બન્યા પછી ૧૮૦૪માં પોતાને ફ્રાન્સના સમ્રાટ તરીકે જાહેર કર્યા. શિક્ષણક્ષેત્રે મહત્ત્વના સુધારા કર્યા, પછી અર્થતંત્રની પ્રગતિ માટે 'બેંક ઓફ ફ્રાન્સ'ની સ્થાપના કરી હતી. તેમણે ઓસ્ટ્રિયા, પ્રશિયા અને રશિયા જેવા દેશોને યુદ્ધમાં હરાવી મોટા ભાગના યુરોપ પર પોતાનું વર્ચસ્વ સ્થાપિત કર્યું હતું. પરંતુ વોટરલુના યુદ્ધમાં તેમનું પતન થયું હતું.ઈ.સ.૧૮૦૦માં ઈટાલીમાં તેમને ઓસ્ટ્રિયન સેના સામે યુદ્ધ લડવા આલ્પ્સ પર્વત ઓળંગીને જ જવાનો રસ્તો હતો. તેમના એન્જિનિયરે કહ્યું કે ત્યાં જવું અશક્ય છે. જેની ડિક્શનરીમાં અશક્ય શબ્દ જ ન હતો તેવા નેપોલિયને ચાલીસ હજારની સેના સાથે બરફીલા રસ્તે ચડાઈ કરી, છ દિવસમાં વિજય મેળવ્યો. તે કહેતા 'દૃઢ આત્મવિશ્વાસથી ગમે તેટલી વિકટ પરિસ્થિતિ કે મોટો પર્વત પણ હોય તો તે પણ નાનો લાગવા માંડશે. અશક્ય કશું જ નથી હોતું. આપણી વિચારસરણી જ આપણી સીમાઓ નક્કી કરે છે. સાચો નેતા એ જ છે જે મુશ્કેલીમાં ગભરાવાને બદલે રસ્તો શોધે છે. તે પોતાની ટીમમાં નવો ઉત્સાહ પ્રેરે.'

આ વીરપુરુષના કૌટુંબિક જીવન અને બાલ્યકાળમાં મળેલા સંસ્કાર વિશે જાણવું રસપ્રદ થઈ પડશે. નેપોલિયન બોનાપાર્ટ અને તેમની બહેન ઈલાયજા બન્ને રસ્તા પર ચાલ્યા જતાં હતાં. બન્નેની સાથે માર્કેટમાંથી ખરીદ કરેલી વસ્તુઓ સાથે હતી. બન્ને ભાઈ-બહેન વિવિધ વાતોમાં વ્યસ્ત હતાં. સામેથી આવતી સાઈકલની અડફેટમાં એક ડોગીનું બચ્ચું ન આવે તેને બચાવવા બહેન ભાઈ તરફ ખસી જેથી બહેનની ઠોકર ભાઈને લાગતાં, ભાઈનો ધક્કો રસ્તે જતી બાલિકાને લાગતાં તેના મસ્તક ઉપર રહેલી ફળની ટોપલી રસ્તા પર પડી ગઈ અને ટોપલીમાંના ફળો રસ્તા પર પડી ગયા અને ટોપલીમાંના ફળો રસ્તા પર વિખેરાઈને છૂટાછવાયાં પડયાં. ઈલાયજા, નેપોલિયન અને પેલી બાલિકાએ ઝડપથી રસ્તા પર વેરણછેરણ પડેલાં ફળો એકઠા કરી અને ફરી વ્યવસ્થતિ ટોપલીમાં મૂક્યાં. પેલી બાલિકા ટોપલી માથે મૂકી ચાલવા માંડી. ભાઈ-બહેનને બાલિકાની માફી માગી અને કહ્યું કે,' તું અમારી સાથે અમારે ઘરે ચાલ. અમે તને થયેલી નુકશાની ભરભાઈ કરી દઈશું.' બાલિકા કહે,' આમાં મને કોઈ નુકશાન જેવું ખાસ નથી થયું, માત્ર બે-ત્રણ જ બગડયાં છે તો ચાલશે. તમે તમારે ઘરે જાઓ' કહીને તે ચાલવા માંડી, પરંતુ નેપોલિયન અને તેમની બહેન ઈલાયજા ખૂબ જ આગ્રહ કરી તેને પોતાના ઘરે લઇ આવ્યાં.

બન્ને ભાઈ-બહેને ઘરે આવી માને આ બાલિકાની ઓળખાણ આપવા સાથે રસ્તામાં જે ઘટના બની તેનું સવિસ્તાર વૃત્તાંત કહ્યું, નેપોલિયને તેમની માતાને કહ્યું કે,'મારી ઠોકર લાગવાથી તેની ફળોની ટોપલી પડી ગઈ અને રસ્તામાં પડી જવાથી કેટલાંક ફળો બગડી ગયાં જેથી તેને મારે કારણે નુકશાન થયું છે જેથી મારી પોકેટમનીને બદલે આને પૈસા આપી અને મારે તેનું નુકશાન ભરપાઈ કરવી છે.' આ સાંભળી તેની બહેન ઈલાયજાએ કહ્યું કે,' મા મારો ધક્કો ભાઈને લાગ્યો અને તેનો ધક્કો આ બાલિકાને લાગતાં એ ઠોકરને કારણે તેનાં ફળ પડી ગયાં જેથી આ ઘટનામાં આ બાલિકાના નુકશાનનું કારણ હું જ છું જેથી મારા પોકેટમનીમાંથી આમની નુકશાનની ભરપાઈ કરવાની મારી ભાવના છે. આ બધાનો સંવાદ સાંભળીને બાલિકા કહે,'મારી પાસે બચેલાં જે સારાં ફળો છે તે વેચાઈ જશે જેથી તેમાંથી હું મારી બીમાર માતાની દવા અને ભોજનનો પ્રબંધ કરી શકીશ, જેથી નુકશાની ભરપાઈ કરવાની વાત મૂકી દ્યો અને મને જવા દ્યો. મને મોડું થાય છે કારણકે મારી બીમાર માતા મારી રાહ જોતી હશે.' બાલિકાની આ વાત સાંભળી નેપોલિયનની માતા એ બાલિકા સાથે એના ઘરે જરૂરી દવાઓ અને ભોજનસામગ્રી લઈને ગઈ. તેની માતાની બીમારીની વિગતો જાણી અને તેણે તેની માતાની બીમારીનો ઈલાજનો તમામ ખર્ચ પોતાના માથે ઉપાડી લીધો. વળી તેને જરૂરી ભોજનસામગ્રી પણ પહોંચાડી હતી અને બાલિકાને અભ્યાસ કરાવવામાં સહાય કરી. નેપોલિયન અને તેમની બહેન પણ સમય આવે ત્યારે સેવા-શુશ્રૂષા કરવા તેને ઘરે જતાં.બાલ્યાવસ્થામાં બાળકોને દયા, સેવાભાવ ને માનવતાના મળેલા સંસ્કાર તેમના સમગ્ર જીવનને ઉજાળે છે.

# ભારતમાં ખનીજ તેલની શોધ : એક સરળ સમજ

**આસપાસ ચોપાસ** — સુરેશ ભટ્ટ

**ભારત આજે ઊર્જાના મામલે એક મોટા વળાંક પર ઊભું છે. આપણે રોજ જેટલું તેલ અને ગેસ વાપરીએ છીએ, એટલું આપણે જાતે કાઢતા નથી. એટલે બહારના દેશોમાંથી ખરીદવું પડે છે. આ સ્થિતિ બદલવા માટે ભારત પોતાની ધરતીમાં અને સમુદ્રની અંદર તેલ તથા ગેસ શોધવાનું કામ ઝડપથી કરી રહ્યું છે. આ લેખમાં આપણે સરળ ભાષામાં સમજીશું કે આ શોધ કેવી રીતે થાય છે, કોણ કરે છે, ક્યાં કરે છે અને ભવિષ્યમાં શું થવાનું છે.**

ખનીજ તેલ એટલે જમીનની અંદર પથરાયેલું કાચું તેલ. તેને અંગ્રેજીમાં "ક્રૂડ ઓઈલ" કહેવાય છે. આ તેલ જમીનની નીચે હજારો વર્ષો પહેલાં દબાયેલા જીવજંતુઓમાંથી બને છે. તેને શોધવા માટે ભૂસ્તરશાસ્ત્રીઓ જમીનની રચના અભ્યાસ કરે છે. તેઓ ખડકોની તપાસ કરે છે, ભૂકંપીય તરંગો મોકલીને નીચે શું છે તે જુએ છે. પછી જ્યાં તેલ હોય તેવી શક્યતા લાગે ત્યાં કૂવો ખોદવામાં આવે છે. આ કૂવાને અંગ્રેજીમાં "વેલ" કહેવાય છે. જો તેલ મળે તો તેને "શોધ" અથવા "ડિસ્કવરી" કહેવાય. આજે આ કામ માટે કોમ્પ્યુટર, સેટેલાઈટ અને આધુનિક મશીનો વપરાય છે. સમુદ્રમાં ૫,૦૦૦ મીટર સુધી ઊંડે જવું પડે, જેને "ઊંડા પાણીની શોધ" અથવા "ડીપ વોટર એક્સપ્લોરેશન" કહેવાય છે.

ઓએનજીસી એટલે ઓઈલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન. ગુજરાતીમાં કહીએ તો "તેલ અને કુદરતી ગેસ નિગમ". તેની સ્થાપના ૧૯૫૬માં થઈ. આજે ભારતમાં જેટલું તેલ નીકળે છે, તેમાં લગભગ સિત્તેર ટકા હિસ્સો આ એકલી સંસ્થાનો છે. તે મુંબઈ દરિયાકિનારે, ગુજરાતમાં, આસામમાં અને કૃષ્ણા-ગોદાવરી નદીના વિસ્તારમાં કામ કરે છે. છેલ્લા કેટલાક વર્ષોમાં તેણે આંદામાન સમુદ્રમાં ઊંડા પાણીમાં ખોદકામ શરૂ કર્યું છે. ત્યાં "એએનડીડબલ્યુ-૭" નામના કૂવામાં હળવું તેલ અને ગેસ મળ્યા છે. આ એક મોટી આશા છે. ઓએનજીસીએ અત્યાર સુધીમાં વીસ જેટલા વિસ્તારોમાં તેલ કે ગેસ શોધ્યા છે. ઓડિશા કિનારે મહાનદી વિસ્તારમાં તેણે "ઉત્કલ" અને "કોણાર્ક" નામની બે શોધ કરી છે. ૨૦૨૬માં તેણે "સમુદ્ર મંથન" નામના અભિયાન હેઠળ પહેલું ઊંડા પાણીનું કૂવું ખોદવાનું શરૂ કર્યું. આ બધું દર્શાવે છે કે ઓએનજીસી હવે ફક્ત જૂના વિસ્તારો પૂરતી નથી રહી, પણ નવા સમુદ્રી સીમાઓ તરફ આગળ વધી રહી છે.

ભારતમાં ખાનગી કંપનીઓ ૧૯૯૦ પછી આ ક્ષેત્રમાં આવી. તે પહેલાં ફક્ત સરકારી કંપનીઓ જ કામ કરતી હતી. ૧૯૯૧માં "હિન્દુસ્તાન ઓઈલ એક્સપ્લોરેશન કંપની" નામની પહેલી ખાનગી કંપની આવી. ૧૯૯૭માં "ન્યૂ એક્સપ્લોરેશન લાઈસન્સિંગ પોલિસી" નામની નીતિ આવી, જેને ટૂંકમાં "એનઈએલપી" કહેવાય. આ નીતિ હેઠળ સરકારે નવ વાર હરાજી કરી અને ૨૫૪ વિસ્તારો ખાનગી કંપનીઓને આપ્યા. "કેરન એનર્જી" નામની કંપનીએ રાજસ્થાનના બરમેર વિસ્તારમાં મોટી શોધ કરી. "રિલાયન્સ" કંપનીએ કૃષ્ણા-ગોદાવરી વિસ્તારમાં "કેજી-ડી૬" નામના બ્લોકમાં ગેસ કાઢવાનું શરૂ કર્યું. આ ભારતના ઈતિહાસમાં એક મોટી ઘટના હતી. "શેલ", "એનરોન", "આરામકો" અને "ઓક્સિડેન્ટલ" જેવી વિદેશી કંપનીઓ પણ આવી. ૨૦૧૬માં "હેલ્પ" નામની નવી નીતિ આવી, જેણે નિયમો વધુ સરળ બનાવ્યા. ૨૦૧૫માં "ડીએસએફ" નીતિ આવી, જે નાના વિસ્તારો ખાનગી કંપનીઓને આપવા માટે બની. આ બધાથી ભારતમાં સ્પર્ધા વધી અને કામની ગતિ વધી.

ભારતમાં સાત મુખ્ય વિસ્તારોમાં તેલ અને ગેસ મળે છે. પહેલો છે "મુંબઈ ઓફશોર". આ દરિયામાં આવેલો સૌથી મોટો વિસ્તાર છે. અહી "મુંબઈ હાઈ" નામનું પ્રસિદ્ધ ક્ષેત્ર છે, જે ૧૯૭૪માં શોધાયું હતું. બીજો છે "ગુજરાત" અથવા "કેમ્બે" વિસ્તાર. આ સૌથી જૂનો વિસ્તાર છે. અંકલેશ્વર, કલોલ અને મહેસાણા અહી આવેલા છે. ત્રીજો છે "આસામ-અરુણાચલ" વિસ્તાર. ડિગબોઈ ખાતે ૧૮૬૭માં ભારતનું પહેલું તેલનું કૂવું ખોદાયું હતું. ચોથો છે "કૃષ્ણા-ગોદાવરી" વિસ્તાર, જે પૂર્વ દરિયાકિનારે છે. અહી ખાનગી કંપનીઓએ ઘણું કામ કર્યું છે. પાંચમો છે "કાવેરી" વિસ્તાર, જે તમિલનાડુ પાસે છે. છઠ્ઠો છે "મહાનદી" વિસ્તાર, જે ઓડિશા પાસે છે અને હાલમાં ચર્ચામાં છે. સાતમો છે "આંદામાન" વિસ્તાર, જ્યાં હજી શોધ શરૂ થઈ છે. આ ઉપરાંત "રાજસ્થાન"નો બરમેર વિસ્તાર પણ મહત્વનો છે.

ભારતમાં ૧૯૯૦ પછી ઘણી નીતિઓ બદલાઈ. ૧૯૯૩માં "ડિરેક્ટોરેટ જનરલ ઓફ હાઈડ્રોકાર્બન" નામની સંસ્થા બની, જેને ટૂંકમાં "ડીજીએચ" કહેવાય. તે દેખરેખ રાખે છે. ૧૯૯૭માં "એનઈએલપી" આવી, જેણે હરાજીની પદ્ધતિ શરૂ કરી. ૨૦૧૬માં "હેલ્પ" આવી, જેણે કરારની રીત બદલી. ૨૦૧૫માં "ડીએસએફ" આવી, જેણે નાના વિસ્તારો ખાનગી કંપનીઓને આપ્યા. આ બધા ફેરફારોનો હેતુ એક જ હતો — વધુ કંપનીઓ આવે, વધુ તેલ મળે અને દેશ આત્મનિર્ભર બને.

૨૦૨૪ થી ૨૦૨૬ વચ્ચે ઘણી મહત્વની શોધો થઈ. ઓડિશા કિનારે ઓએનજીસીએ "ઉત્કલ" અને "કોણાર્ક" શોધ્યા. સપ્ટેમ્બર ૨૦૨૬માં ઓડિશાથી ૪૩ કિલોમીટર દૂર "એમએન-ડીડબલ્યુ૧૮-૧-એચ-ડી" નામના કૂવામાં ૧,૬૨૩ મીટર ઊંડે ગેસ મળ્યો. આંદામાનમાં ઓએનજીસી અને "ઓઈલ ઈન્ડિયા લિમિટેડ" સાથે મળીને કામ કરી રહ્યા છે. ત્યાં ૫,૦૦૦ મીટર સુધી ખોદકામ થાય છે. અંદાજ છે કે આંદામાનમાં ૩૭૧ મિલિયન ટન તેલ જેટલો ભંડાર છે. "ઓઈલ ઈન્ડિયા લિમિટેડ" એ છેલ્લા ચાર વર્ષમાં સાત નવા સ્ત્રોત શોધ્યા છે. તેમાં ૯.૮ મિલિયન બેરલ તેલ અને ૨,૭૦૬ મિલિયન ઘન મીટર ગેસ છે.



પહેલાં ભૂસ્તરશાસ્ત્રીઓ જમીનનો અભ્યાસ કરે છે. પછી "સિસ્મિક સર્વે" કરે છે. આમાં ભૂકંપીય તરંગો જમીનમાં મોકલીને નીચેની રચના જોવાય છે. પછી "ડ્રિલિંગ રિગ" નામનું મશીન કૂવો ખોદે છે. જો તેલ મળે તો "લોગિંગ" કરીને તેની ગુણવત્તા તપાસાય છે. પછી "ઉત્પાદન" શરૂ થાય. આજે કોમ્પ્યુટર મોડેલિંગ, થ્રીડી સિસ્મિક તકનીક અને સેટેલાઈટ ચિત્રો વપરાય છે. સમુદ્રમાં "ફ્લોટિંગ રિગ" અને "સબસી રિગ" વપરાય છે. ઊંડા પાણીમાં "રિમોટલી ઓપરેટેડ વ્હીકલ" નામનું યંત્ર નીચે જઈને તપાસ કરે છે.

આ કામ સરળ નથી. ઊંડા પાણીમાં ખોદકામ મોંઘું છે. એક કૂવો ખોદવામાં કરોડો રૂપિયા લાગે છે. ભૂસ્તરીય રચનાઓ જટિલ છે. વિશ્વ બજારમાં તેલના ભાવ ઘટે-વધે છે. પર્યાવરણની ચિંતા પણ છે. આંદામાનમાં ભૂકંપનો ખતરો છે. આથી કંપનીઓ ધીરે ધીરે આગળ વધે છે. પણ સરકાર ઝડપ વધારવા માંગે છે.

ભારતનું ભવિષ્ય ઊંડા સમુદ્રમાં છે. "સમુદ્ર મંથન" જેવા અભિયાન ચાલુ છે. ઓએનજીસી અને ખાનગી કંપનીઓ સાથે મળીને કામ કરી રહ્યા છે. નવી તકનીક આવી રહી છે. જો બધું યોગ્ય રીતે ચાલે તો ભારત ભવિષ્યમાં ઓછામાં ઓછું આયાત પર નિર્ભર રહેશે.

ભારતમાં ખનીજ તેલની શોધ હવે એક નવા યુગમાં પ્રવેશી છે. ઓએનજીસી જેવી જૂની સંસ્થા અને નવી ખાનગી કંપનીઓ સાથે મળીને કામ કરી રહી છે. ગુજરાત, આસામ, મુંબઈ ઓફશોર, કૃષ્ણા-ગોદાવરી, ઓડિશા અને આંદામાન — આ બધા વિસ્તારો મહત્વના છે. નીતિઓ સરળ થઈ છે. તકનીક સુધરી છે. પડકારો હજી છે, પણ દિશા સ્પષ્ટ છે. ભારત પોતાની ઊર્જા જાતે કાઢવાના રસ્તે દૃઢતાથી આગળ વધી રહ્યું છે.

# આદિલ રશીદ શ્રીલંકા સામેની આખી વનડે શ્રેણીમાંથી બહાર થતા ઈંગ્લેન્ડને મોટો ફટકો પડ્યો

નવીદિલ્હી,

શ્રીલંકા સામેની વનડે શ્રેણીની શરૂઆતમાં ઈંગ્લેન્ડને મોટો ફટકો પડ્યો છે. ટીમના અનુભવી લેગ-સ્પિનર, આદિલ રશીદ, ઈજાને કારણે આખી શ્રેણીમાંથી બહાર થઈ ગયા છે. ૩૮ વર્ષીય રાશિદને આ ઈજા ઈંગ્લેન્ડે ૧૯ સપ્ટેમ્બરના રોજ શ્રીલંકા સામેની ટી ૨૦ શ્રેણીમાં ૩-૦ થી ક્લીન સ્વીપ પૂર્ણ કર્યા પછી આવી છે. રાશિદને અમીરાત ઓલ્ડ ટ્રેફોર્ડ ખાતે ફિલ્ડિંગ કરતી વખતે બોલિંગ હાથે ઈજા થઈ હતી. તેની ફિટનેસની સ્થિતિ હજુ સ્પષ્ટ નથી. ઈંગ્લેન્ડના વ્હાઈટ-બોલ કેપ્ટન હેરી બ્રુકે અગાઉ પુષ્ટિ આપી હતી કે રાશિદ ૨૨ સપ્ટેમ્બરે ચેસ્ટર-લે-સ્ટ્રીટમાં યોજાનારી




શ્રેણીની પહેલી વનડે માટે ટીમનો ભાગ રહેશે નહીં.

૨૧ સપ્ટેમ્બરના રોજ સ્કેન કર્યા પછી, ઈંગ્લેન્ડ અને વેલ્સ ક્રિકેટ બોર્ડએ પહેલી વનડે શરૂ થાય તે પહેલાં જાહેરાત કરી હતી કે રાશિદ જમણા હાથની ઈજાને કારણે આખી વનડે શ્રેણી ગુમાવશે. શ્રીલંકા સામેની પહેલી વનડે રિવરસાઈડ ખાતે રમાઈ રહી છે. મેચો પછી ૨૪ સપ્ટેમ્બરે હેડિંગલી અને ૨૭ સપ્ટેમ્બર, રવિવારના રોજ કિયા ઓવલ ખાતે મેચ રમાશે.

આદિલ રાશિદની ગેરહાજરી ઈંગ્લેન્ડ માટે એક મહત્વપૂર્ણ નુકસાન માનવામાં આવે છે, ખાસ કરીને વનડે ક્રિકેટમાં તેના અનુભવને ધ્યાનમાં લેતા. તે વનડેમાં ઈંગ્લેન્ડનો બીજા ક્રમનો સૌથી વધુ વિકેટ લેનાર બોલર છે. રાશિદ પાસે ૨૪૩ વનડે વિકેટ છે. તેની પાછળ ફક્ત મહાન ઝડપી બોલર સર જેમ્સ એન્ડરસન છે, જેમણે ૨૬૯ વિકેટ લીધી છે. રાશિદ ઈંગ્લેન્ડની ટીમોનો પણ ભાગ રહ્યો છે જેણે બે અલગ અલગ વ્હાઈટ-બોલ વર્લ્ડ કપ જીત્યા છે. ઈંગ્લેન્ડની મર્યાદિત ઓવરની ટીમના લાંબા સમયથી સભ્ય રહેલા રાશિદે પોતાના કાંડા સ્પિનથી અનેક વખત વિરોધી બેટ્સમેનોને મુશ્કેલીમાં મુક્યા છે.

# ગોવિંદાએ કથિત ગર્લફ્રેન્ડ કોમલ રાની સાથે લાલબાગચા રાજાના દર્શન કર્યા

મુંબઈ,

મુંબઈમાં ગણેશ ઉત્સવ ઉજવણી વચ્ચે, બોલિવૂડ અભિનેતા ગોવિંદાએ પ્રખ્યાત લાલબાગચા રાજાના દર્શન કર્યા. દર વર્ષની જેમ, ફિલ્મ સ્ટાર્સ ગણપતિ બાપ્પાના દરબારમાં દર્શન કરવાનું ચાલુ રાખે છે. ગોવિંદા પહેલા, શાહરૂખ ખાન, સંજય દત્ત અને રણવીર સિંહ સહિત અનેક બોલિવૂડ સેલિબ્રિટીઓ લાલબાગચા રાજાના દર્શન કરી ચૂક્યા છે. જોકે, આ વખતે, ગોવિંદાની હાજરી કરતાં વધુ ચર્ચા અભિનેત્રી કોમલ રાની સ્વર્ણકરની છે, જે તેની સાથે જોવા મળી હતી.

ગોવિંદા ભગવાન ગણેશના આશીર્વાદ લેવા માટે લાલબાગચા



રાજાના પંડાલમાં પહોંચ્યા હતા. દર્શન દરમિયાન અભિનેત્રી કોમલ રાની સ્વર્ણકર પણ તેમની સાથે જોવા મળી હતી. ગોવિંદાએ દર્શન માટે સફેદ કુર્તા-પાયજામા પહેર્યો હતો, જ્યારે કોમલ લાલ સાડીમાં જોવા મળી હતી. બંનેએ પંડાલમાં મુલાકાત લીધી અને ભગવાન ગણેશની પૂજા કરી. દર્શન પછી, ગોવિંદા અને કોમલે ત્યાં હાજર પાપારાઝી અને મીડિયાનું સ્વાગત કર્યું. અભિનેતાનું અંગત જીવન ફરી એકવાર ચર્ચામાં આવ્યું છે કારણ કે તેમના ફોટા અને વીડિયો એકસાથે સામે આવ્યા હતા. હકીકતમાં, છેલ્લા કેટલાક સમયથી ગોવિંદા અને તેની પત્ની સુનિતા આહુજા વચ્ચેના સંબંધો અંગે વિવિધ અહેવાલો સામે આવી રહ્યા છે.

ગોવિંદાના લાલબાગચા રાજામાં આગમનના થોડા કલાકો પહેલા તેમની પત્ની સુનિતા આહુજા પણ તે જ પંડાલમાં આવી હતી. તેમણે બાપ્પાના દર્શન અને પૂજા પણ કરી હતી. પરિણામે, એક જ દિવસે અલગ અલગ સમયે લાલબાગચા રાજાના દરબારમાં તેમનું આગમન ચર્ચાનો વિષય બની ગયું છે.

# સોહા અલી ખાને તેમના સ્વર્ગસ્થ પિતા, ક્રિકેટર મન્સૂર અલી ખાન પટૌડીને તેમની પુણ્યતિથિ પર હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ આપી

મુંબઈ,

૨૨ સપ્ટેમ્બરે દિગ્ગજ ભારતીય ક્રિકેટર અને ભૂતપૂર્વ કેપ્ટન મન્સૂર અલી ખાન પટૌડીની ૧૫મી પુણ્યતિથિ હતી. પોતાના પિતાને યાદ કરતા અભિનેત્રી સોહા અલી ખાને મંગળવારે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ પોસ્ટ કરી. અભિનેત્રીએ ઈન્સ્ટાગ્રામ પર અનેક ફોટા શેર કર્યા. તેમાંથી, સોહાની પુત્રી, ઈનાયાએ પણ તેના દાદાને એક ખાસ પત્ર લખ્યો.

અભિનેત્રીએ ઈન્સ્ટાગ્રામ પર સાત ફોટા શેર કર્યા. એક



ફોટામાં, તે તેના પિતાના ફોટા સામે બેઠેલી જોવા મળી હતી, જ્યારે બીજા ફોટામાં, ઈનાયાએ તેના દાદાના ફોટા સામે હાથ જોડીને. વધુમાં, ઈનાયાએ તેના દાદા માટે એક મીઠો પત્ર પણ લખ્યો.

પત્રમાં લખ્યું હતું, "પ્રિય સરકાર અબ્બા, મને આશા છે કે તમારી પુણ્યતિથિ સ્વર્ગમાં સારી રહે. મને આશા છે કે હું કોઈ દિવસ વાસ્તવિક જીવનમાં તમારા આત્માને જોઈ શકીશ." મને તમારા પરિવારનો ભાગ બનવાનો આનંદ છે અને હું તમારી પુત્રીઓ (સોહા) તેમજ તમારી ક્રિકેટ કુશળતાની પ્રશંસા કરવા માંગુ છું - ઈનાયા."

આ ફોટા શેર કરતા, સોહાએ કેપ્શનમાં લખ્યું, "મારા પિતા, તમારા વિના ૧૫ વર્ષ થઈ ગયા છે. ક્યારેક મને લાગે છે કે શું હું તમારી યાદોને જાતે બનાવી રહી છું. પરંતુ કદાચ યાદો આવી જ હોય છે - પ્રેમ એવી વસ્તુઓને ફરીથી બનાવે છે જેને ગુમાવવાનું તે સહન કરી શકતું નથી." ભૂમિ પેડનેકર અને રાહુલ દેવ સહિત ઘણા લોકોએ સોહાની પોસ્ટ પર ટિપ્પણી કરી છે. ઉલ્લેખનીય છે કે, આ વર્ષે જાન્યુઆરીમાં, સોહાએ તેના પિતાની જન્મજયંતિ ઉજવવા માટે કોલકાતાના ઈડન ગાર્ડન્સ સ્ટેડિયમની પણ મુલાકાત લીધી હતી. મન્સૂર અલી ખાન પટૌડીનું ૨૨ સપ્ટેમ્બર, ૨૦૧૧ ના રોજ ફેફસાના ગંભીર ચેપને કારણે શ્વસન સમસ્યાઓથી અવસાન થયું હતું.

# ફિલ્મ અને ટીવી કલાકારોના સંગઠન વિવાદ મામલે "ધુરંધર" ફેમ રાકેશ બેદીએ નિરાશા વ્યક્ત કરી

મુંબઈ,

ફિલ્મ અને ટીવી કલાકારોના સંગઠન, સિને અને ટીવી આર્ટિસ્ટ્સ એસોસિએશન (સીઆઈએનટીએએ) માં વિવાદ ચાલી રહ્યો છે. અભિનેતા રાકેશ બેદીએ આ અંગે નિરાશા વ્યક્ત કરી છે.

"ધુરંધર" ફેમ અભિનેતા રાકેશ બેદીએ સીઆઈએનટીએએ વિવાદ અંગે પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો છે.તેમણે કહ્યું, "જે થઈ રહ્યું છે તે ખૂબ જ દુઃખદ છે; આવું ન થવું જોઈએ. જુઓ, ઘણા કલાકારો, હું મારા વિશે વાત કરી રહ્યો છું, સમય કાઢું છું અને પોતાને ઘણું બધું આપી રહ્યો છું. આપણે આપણો ઘણો સમય સમર્પિત કરીએ છીએ. આપણે આવું શા માટે કરીએ છીએ? અમારી તરફથી, આ કલાકારો માટે એક પ્રકારનું સામાજિક કાર્ય છે." અને હું ફક્ત મારા વિશે વાત કરી રહ્યો નથી; જે કોઈ પોતાનો સમય આપે છે તે આગળ આવે છે અને યોગદાન આપે છે.

પોતાની વાતચીતમાં રાકેશ બેદીએ કહ્યું, "પૂનમ જી અને પદ્મિની જી એ ઘણું કામ કર્યું છે; એવું નથી કે કોઈ કામ થયું નથી. અમે રાજ કપૂર જી માટે તે શો કર્યો હતો, અને આ પહેલી વાર છે જ્યારે હું આ કહી રહ્યો છું; મેં આ પહેલા ક્યારેય કહ્યું નથી. મેં તે શો માટે મારા પોતાના ખિસ્સામાંથી પૈસા પણ આપ્યા હતા. મેં કલાકારોના ફાયદા માટે પૈસા ચૂકવ્યા હતા. એવું નથી કે અમે કંઈ કરી રહ્યા નથી અથવા અમારો સારો કામ કરવાનો ઈરાદો નથી."

સીઆઈએનટીએએ વિવાદના ઉકેલ અંગે રાકેશ બેદીએ કહ્યું, "જુઓ, આ મામલો ઉકેલાઈ જશે. આ એવી વસ્તુ નથી જે અનિશ્ચિત સમય માટે લંબાય, જેના કારણે વિવાદ કાયમ માટે ચાલુ રહે અને સીઆઈએનટીએએ અટકી જાય. તે ચાલુ રહેશે. સમાધાન ચોક્કસપણે થશે. સીઆઈએનટીએએ સિવાય, મારા બધા કલાકારો સાથે ખૂબ સારા સંબંધો છે, અને તે હંમેશા આ રીતે રહેશે. દરેકનો પોતાનો દ્રષ્ટિકોણ અને દ્રષ્ટિકોણ છે. આપણે કદાચ અત્યારે એક જ પાના પર ન હોઈએ, પરંતુ કદાચ ભવિષ્યમાં પણ હોઈશું. કોણ જાણે આગળ શું થશે."

ઓગસ્ટમાં સીઆઈએનટીએએની કારોબારી સમિતિના ૧૧ સભ્યો, જેમાં ૮ ચૂંટાયેલા સભ્યોનો સમાવેશ થાય છે, એ વખતે વિવાદ શરૂ થયો હતો.

# વ્યક્તિત્વ અધિકારોના રક્ષણ માટે અભિનેતા મનોજ બાજપેયીની દિલ્હી હાઈકોર્ટમાં અરજી

મુંબઈ,

અભિનેતા મનોજ બાજપેયીએ તેમની છબી, અવાજ અને ઓળખના ઉપયોગ અંગે દિલ્હી હાઈકોર્ટનો સંપર્ક કર્યો છે. ૫૭ વર્ષીય અભિનેતાએ કોર્ટમાં તેમના વ્યક્તિત્વ અધિકારોના રક્ષણ માટે અરજી દાખલ કરી હતી. તેમણે આરોપ લગાવ્યો હતો કે તેમના જેવા દેખાતા લોકોનો ઉપયોગ ઉત્પાદનોના પ્રચાર માટે થઈ રહ્યો છે. તેમના અવાજ અને વ્યક્તિત્વના પાસાઓ એઆઈ ટૂલ્સનો ઉપયોગ કરીને ફરીથી બનાવવામાં આવી રહ્યા છે.

રિપોર્ટ્સ અનુસાર, આ કેસ થોડા સમય માટે ન્યાયાધીશ પુરુષેન્દ્ર કુમાર કૌરવ સમક્ષ આવ્યો હતો, જેમાં બાજપેયી તરફથી વરિષ્ઠ



વકીલ સ્વાતિ સુકુમાર હાજર રહ્યા હતા. કોર્ટમાં ઉઠાવવામાં આવેલા મુદ્દાઓમાંથી એક એચરપીજી ડિઝાઈન્સ પ્રાઈવેટ લિમિટેડનો હતો. બાજપેયીનો આરોપ હતો કે કંપની તેમના ફોટોગ્રાફ્સનો ઉપયોગ કરીને એવું દેખાડી રહી હતી કે તેઓ કંપની દ્વારા બનાવેલા સુટ પહેરેલા છે. બીજો આરોપી અભિનેતાનો અવાજ બનાવવા માટે કથિત રીતે કૃત્રિમ બુદ્ધિનો ઉપયોગ કરી રહ્યો હતો.સુનાવણી દરમિયાન, અધિકારક્ષેત્રનો પ્રશ્ન પણ ઉભો થયો. ન્યાયાધીશ કૌરવે પૂછ્યું કે બાજપેયી મુખ્યત્વે મુંબઈમાં રહેતા હોય ત્યારે દિલ્હી હાઈકોર્ટમાં કેમ આવ્યા. સુકુમારે સમજાવ્યું કે કેટલાક આરોપીઓ દિલ્હીમાં છે, તેથી કોર્ટને કેસની સુનાવણી કરવાનો અધિકારક્ષેત્ર છે.

# જો રૂટે ઈતિહાસ રચ્યો, ૨૩,૦૦૦ રન બનાવનાર પ્રથમ ઈંગ્લિશ ખેલાડી બન્યો

નવીદિલ્હી,

ઈંગ્લેન્ડના દિગ્ગજ બેટ્સમેન જો રૂટે શ્રીલંકા સામેની પ્રથમ વનડેમાં મેદાનમાં ઉતરતાની સાથે જ ઈતિહાસ રચ્યો. આનાથી તેની કારકિર્દીમાં વધુ એક મોટો રેકોર્ડ જોડાયો. ચેસ્ટર-લે-સ્ટ્રીટના રિવરસાઈડ ગ્રાઉન્ડ પર રમાઈ રહેલી પ્રથમ વનડેમાં, ઈંગ્લેન્ડે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધો. પ્રથમ બેટિંગ કરતા, ઈંગ્લેન્ડને ત્રીજી ઓવરમાં પ્રથમ ઝટકો લાગ્યો. ત્યારબાદ બેટિંગ કરવા આવેલા જો રૂટે પોતાની ઈનિંગમાં ૩ રન બનાવ્યા અને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૨૩,૦૦૦ રન પૂરા કર્યા. ૨૩,૦૦૦



આંતરરાષ્ટ્રીય રનનો આંકડો પૂર્ણ કરીને, રૂટ ઈંગ્લેન્ડ માટે આ સિદ્ધિ મેળવનાર પ્રથમ બેટ્સમેન બન્યો. તે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૨૩,૦૦૦ કે તેથી વધુ રન બનાવનાર વિશ્વનો માત્ર આઠમો ક્રિકેટર છે. રૂટે ટેસ્ટ, વનડે અને ટી ૨૦ આંતરરાષ્ટ્રીય મેચોમાં આ સિદ્ધિ હાંસલ કરી.

રૂટ પહેલા આ સિદ્ધિ હાંસલ કરનારા બેટ્સમેનોની યાદીમાં ભારતના સચિન તેંડુલકર ટોચ પર છે. સચિને પોતાની આંતરરાષ્ટ્રીય કારકિર્દીમાં કુલ ૩૪,૩૫૭ રન બનાવ્યા છે. ભારતના વિરાટ કોહલી ૨૮,૩૫૯ રન સાથે બીજા ક્રમે છે. શ્રીલંકાનો કુમાર સંગાકારા ૨૮,૦૧૬ રન સાથે ત્રીજા ક્રમે છે, ઓસ્ટ્રેલિયાનો રિકી પોન્ટિંગ ૨૭,૪૮૩ રન સાથે ચોથા ક્રમે છે અને શ્રીલંકાનો મહેલા જયવર્ધને ૨૫,૯૫૭ રન સાથે પાંચમા ક્રમે છે. દક્ષિણ આફ્રિકાના દિગ્ગજ ઓલરાઉન્ડર જેક્સ કાલિસે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૨૫,૫૩૪ રન બનાવ્યા છે, જ્યારે ભારતના રાહુલ દ્રવિડે ૨૪,૨૦૮ રન બનાવ્યા છે. હવે, રૂટે પણ આ વિશિષ્ટ ક્લબમાં પોતાનું સ્થાન બનાવ્યું છે.

રુટની આંતરરાષ્ટ્રીય કારકિર્દી સતત રેકોર્ડ તોડી રહી છે. ત્રણેય ફોર્મેટમાં ઈંગ્લેન્ડ માટે શાનદાર પ્રદર્શન કરનાર, રૂટે ટેસ્ટ ક્રિકેટમાં ખાસ કરીને પોતાની ઓળખ બનાવી છે. હવે, શ્રીલંકા સામેની પ્રથમ ૅંમાં ૨૩,૦૦૦ રન પૂર્ણ કરીને, તેની શાનદાર આંતરરાષ્ટ્રીય કારકિર્દીમાં વધુ એક મોટી સિદ્ધિ ઉમેરાઈ છે. રૂટના ત્રણેય ફોર્મેટ પર નજર કરીએ તો, તેણે ટેસ્ટમાં ૧૪,૨૭૮ રન અને ટી ૨૦માં ૮૯૩ રન બનાવ્યા છે. રૂટે અત્યાર સુધીમાં વનડે ક્રિકેટમાં ૭,૮૨૯ રન બનાવ્યા છે.

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| તા | તી | બ | વિ | ળ | ગં | લ | બં | ડ | ણ | મ | સા |
| કા | પ | બા | ર | લા | પ્રા | ર | મ | બા | ડ | કા | મ |
| આ | ર | સ | ધ | ક્રો | જ્ઞા | રી | દ | ડો | ગ | મ | વ |
| ઊ | સ | ક્ષ | ળ | સ | ક | ભ | જ્ઞા | ન | ગુ | ઈ | રો |
| ક્ષ | વ | કા | ધ | ગ | મા | વ | અં | લ | મા | ચા | કા |
| પ્રા | ણ | ર | ઝ | હા | કા | રી | ગ | ચ | ન | સા | ત |
| ણ | શિ | લ | ન | કા | મ | ન | મ | ળો | અ | ઈ | ઔ |
| જી | દ | મા | બા | ત | બૂ | ચી | ડો | વા | ગં | ળ | ક |
| ણા | ર | દ | દ | મો | ગ | લ | સ | ગુ | શિ | ળો | ઐ |
| મા | મો | મ | ક | ક્રો | કા | બ | મ | મ | ળ | ગં | અઃ |
| કુ | ળ | ણિ | બ | ન | શ | ના | મ | ગુ | લા | મ | ડી |
| ચ | ક | ચા | ર | ગં | મ | અ | અઃ | કા | ર | ધ | અ |

શબ્દ શોધો


ગઝલ, ગુમનામ, ગુમાન, ગુલામ, ચકચાર, ચમચી, જ્ઞાન, ડમરી, ડમરો, તાપસ

# આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૧૧,૦૦૦ રન બનાવનારી સ્મૃતિ મંધાના પ્રથમ મહિલા ખેલાડી બની

મુંબઈ,

ભારતીય મહિલા ક્રિકેટ ટીમે ૨૦૨૬ એશિયન ગેમ્સમાં ફાઈનલમાં શ્રીલંકાને હરાવીને ગોલ્ડ મેડલ જીત્યો. ભારતે અગાઉ ૨૦૨૩માં ગોલ્ડ મેડલ જીત્યો હતો. સ્મૃતિ મંધાનાએ ભારતની મહત્વપૂર્ણ જીતમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. તેણી પોતાની સદી ચૂકી ગઈ, પરંતુ હજુ પણ એક એવો સીમાચિહ્ન હાંસલ કર્યો જે વિશ્વની અન્ય કોઈ મહિલા ખેલાડી પહોંચી શકી નથી. તેણીએ માત્ર ૪૫ બોલમાં ૭૯ રનની ઈનિંગ રમી.

સ્મૃતિ મંધાના આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૧૧,૦૦૦ રન બનાવનારી વિશ્વની પ્રથમ અને એકમાત્ર મહિલા ખેલાડી બની. અગાઉની મેચમાં, સ્મૃતિએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી વધુ રનનો મિતાલી રાજનો રેકોર્ડ




તોડ્યો હતો. મિતાલી રાજે તેના આંતરરાષ્ટ્રીય કારકિર્દીમાં ૧૦,૮૬૮ રન બનાવ્યા હતા. તેણીએ આ રેકોર્ડ લાંબા સમય સુધી પોતાના નામે રાખ્યો હતો. મંધાનાએ હવે તેને તોડી નાખ્યો છે, ૧૧,૦૦૦ રન બનાવનારી પ્રથમ મહિલા ખેલાડી બની છે.


મંધાનાએ ભારત માટે નવ ટેસ્ટ રમી છે, જેમાં બે સદી અને પાંચ અડધી સદી સહિત ૭૮૮ રન બનાવ્યા છે.વનડે માં, મંધાનાએ ૧૨૦ મેચોમાં ૫,૪૧૧ રન બનાવ્યા છે, જેમાં ૧૪ સદી અને ૩૫ અડધી સદીનો સમાવેશ થાય છે.ટી ૨૦ આંતરરાષ્ટ્રીય મેચોમાં, તેણીએ ૧૭૯ મેચોમાં ૪,૮૬૭ રન બનાવ્યા છે, જેમાં બે સદી અને ૩૭ અડધી સદીનો સમાવેશ થાય છે.

# અભિષેક શર્માએ જાપાન સામે ગોલ્ડન ડક પર આઉટ થઈને અનિચ્છનીય રેકોર્ડ બનાવ્યો

નવીદિલ્હી,

ટીમ ઈન્ડિયાનો સ્ટાર ઓપનર અભિષેક શર્મા જાપાન સામેની ટી ૨૦ મેચમાં પહેલા જ બોલ પર કોઈ રન બનાવ્યા વિના આઉટ થઈ ગયો (ગોલ્ડન ડક). આ ગોલ્ડન ડક સાથે, અભિષેકે ખૂબ જ અનિચ્છનીય રેકોર્ડ બનાવ્યો. આ ૨૦૨૬ માં તે ૧૦મી વખત શૂન્ય આઉટ થયો છે અને ટી ૨૦ ક્રિકેટના ઈતિહાસમાં એક જ વર્ષમાં ૧૦ શૂન્ય આઉટ થનાર પ્રથમ બેટ્સમેન બન્યો છે. તમને જણાવી દઈએ કે આ પહેલા અભિષેક શર્માએ અફઘાનિસ્તાન સામેની પાછલી મેચમાં શાનદાર સદી ફટકારી હતી.

આ ગોલ્ડન ડક સાથે, અભિષેક શર્માએ બે દિગ્ગજ ખેલાડીઓને પાછળ છોડી દીધા. તે ટી ૨૦ ક્રિકેટના એક કેલેન્ડર વર્ષમાં સૌથી



વધુ ડક આઉટ કરનાર બેટ્સમેન બન્યો. તેના પહેલા, અફઘાનિસ્તાનના રાશિદ ખાન (૨૦૧૯ માં) અને પાકિસ્તાનના શાદાબ ખાન (૨૦૨૪ માં) નવ-નવ વખત ડક આઉટ થયા હતા. વધુમાં, અભિષેક ટી ૨૦ આંતરરાષ્ટ્રીય મેચોમાં સૌથી વધુ ગોલ્ડન ડક આઉટ કરનાર ભારતીય ઓપનર પણ બન્યો. તે પાંચ વખત પહેલા બોલ પર આઉટ થયો છે, જ્યારે રોહિત શર્મા ચાર વખત આઉટ થયો છે. તેણે આ સંદર્ભમાં રોહિત શર્માનો રેકોર્ડ તોડ્યો છે.

ભારત અને જાપાન ખૂબ જ રોમાંચક મેચ રમી. ટીમ ઈન્ડિયાએ આ મેચમાં જાપાનને ફક્ત ૨ રનથી હરાવ્યું. વરસાદને કારણે મેચ ૫-૫ ઓવરની કરવામાં આવી હતી.

# સરકારી ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ ખાતે "સેવા મેરા યોગદાન" કાર્યક્રમ યોજાયો







જામનગર : વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે ચાલી રહેલા "સેવા સંકલ્પ અભિયાન" અંતર્ગત જિલ્લા સમાજ સુરક્ષા વિભાગ અને જિલ્લા વહીવટી તંત્રના સંયુક્ત ઉપક્રમે સરકારી ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ, જામનગર ખાતે "સેવા મેરા યોગદાન" કાર્યક્રમનું આયોજન મેયરશ્રી મોનિકાબેન વ્યાસના અધ્યક્ષ સ્થાને કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સંસ્થાના આશ્રિત બાળકોને અભ્યાસ માટે સ્ટેશનરી કીટ, વસ્ત્રો તેમજ શારીરિક અને માનસિક વિકાસ માટે ઈન્ડોર અને આઉટડોર ગેમ્સની સ્પોર્ટ્સ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મેયર મોનિકાબેન વ્યાસે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત "સેવા મેરા યોગદાન" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. સેવા એ આપણી સંસ્કૃતિનો મૂળભૂત મંત્ર છે. સરકાર દ્વારા બાળકોના કલ્યાણ, શિક્ષણ અને પોષણ માટે અનેકવિધ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. સરકારી ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ ખાતે રહેતા બાળકોને શૈક્ષણિક અને સામાજિક રીતે સક્ષમ બનાવવા માટે વહીવટી તંત્ર કટિબદ્ધ છે. આજે વિતરિત કરવામાં આવેલ સ્ટેશનરી તથા સ્પોર્ટ્સ કીટથી બાળકોને અભ્યાસની સાથે રમત-ગમત ક્ષેત્રે પણ પ્રોત્સાહન મળશે. બાળકો દેશનું ભવિષ્ય છે. બાળકોને સારું શિક્ષણ મેળવીને સમાજમાં પોતાનું યોગદાન આપવા મેયરએ પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

કાર્યક્રમમાં કલેક્ટર પી.બી. પંડ્યાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસની ઉજવણી અંતર્ગત ચાલી રહેલા સેવા સંકલ્પ અભિયાનની ઉજવણીના ભાગ રૂપે સેવા મેરા યોગદાન કાર્યક્રમ થકી બાળકોને જે સ્પોર્ટ્સ કીટ આપવામાં આવી છે તેના થકી અભ્યાસની સાથે બાળકોમાં રમત ગમત પ્રત્યે પણ રુચિ વધશે. જેનાથી બાળકોનો સર્વાંગી વિકાસ થશે. આજનો યુવા આવતીકાલનું ભવિષ્ય છે ત્યારે બાળકો પણ શૈક્ષણિક ક્ષેત્રમાં આગળ વધી વિકસિત ભારત ૨૦૪૭ ની દિશામાં પોતાનું યોગદાન આપે તેવી ભાવના વ્યક્ત કરી હતી. આ કાર્યક્રમમાં અગ્રણી ડો. વિનોદભાઈ ભંડેરી, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી એમ.એમ. રામાણી, જિલ્લા બાળ સુરક્ષા અધિકારી આર.જે. શિયાર, સરકારી બાળ સંભાળ ગૃહના અધિક્ષક વી.કે. મેવાડા, કોર્પોરેટરઓ, આગેવાનો અને મોટી સંખ્યામાં બાળકો ઉપસ્થિત રહ્યા હતા.

# જામનગર જિલ્લા સાંસ્કૃતિક કચેરી દ્વારા નવરાત્રી રાસ-ગરબા સ્પર્ધાનું આયોજન

## ૧૪થી ૪૦ વર્ષ સુધીના ભાઈઓ-બહેનો સ્પર્ધામાં ભાગ લઈ શકશે

જામનગર : કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર હેઠળ કાર્યરત જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, જામનગર દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ આગામી દિવસોમાં 'નવરાત્રી રાસ-ગરબા હરીફાઈ'નું આયોજન કરવામાં આવ્યું છે.

આ સ્પર્ધામાં પ્રાચીન ગરબા તથા અર્વાચીન ગરબા વિભાગમાં ૧૪ થી ૩૫ વર્ષની વય મર્યાદા ધરાવતી બહેનો ભાગ લઈ શકશે. જ્યારે રાસ સ્પર્ધા માટે ૧૪ થી ૪૦ વર્ષ સુધીની વય મર્યાદા નક્કી કરવામાં આવી છે. દરેક કૃતિ માટે સ્પર્ધાનો સમયગાળો ૬ થી ૧૦ મિનિટનો રહેશે.

સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છુક રાસ-ગરબા મંડળીઓએ નિયત નમૂનાનું અરજી ફોર્મ જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, જિલ્લા સેવા સદન-૪, રૂમ નં-૪૨, પહેલો માળ, રાજપાર્ક પાસે, જામનગર ખાતેથી મેળવી લેવાનું રહેશે. મેળવેલું ફોર્મ સંપૂર્ણ વિગતો સાથે તારીખ ૨૯/૯ ને બપોરે ૧૨:૦૦ કલાક સુધીમાં સદર કચેરીએ જમા કરાવવાનું રહેશે. વધુ માહિતી કે વિગતો માટે કચેરીના ટેલિફોન નંબર ૦૨૮૮-૨૫૭૧૨૦૯ પર સંપર્ક સાધવા જિલ્લા યુવા વિકાસ અધિકારી, જામનગરની યાદીમાં જણાવાયું છે.

# જામનગરમાં આવતીકાલથી બે દિવસ સેવાસેતુ કાર્યક્રમ યોજાશે

## એક જ સ્થળે અનેક સરકારી સેવાઓનો લાભ મળશે : તા. ૨૫ વોર્ડ નં. ૫ થી ૮ અને ૧૩ થી ૧૬માં, જ્યારે તા. ૨૬ના વોર્ડ નં. ૯ થી ૧૨ અને ૧ થી ૪માં યોજાશે

જામનગર : જામનગર શહેરના નાગરિકોને કેન્દ્ર અને રાજય સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓ તથા સરકારી સેવાઓનો લાભ એક જ સ્થળેથી મળી રહે તેવા હેતુથી જામનગર મહાનગરપાલિકા દ્વારા બે દિવસીય વોર્ડવાર સેવાસેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. વિકસિત ભારત-૨૦૪૭ના લક્ષ્યાંકોને સાકાર કરવાના અભિગમ સાથે યોજાનારા આ કાર્યક્રમમાં વિવિધ સરકારી વિભાગોની સેવાઓ એક જ સ્થળે ઉપલબ્ધ કરાવવામાં આવશે.

આવતીકાલે તા. ૨૫ સપ્ટેમ્બરે વોર્ડ નં. ૫ થી ૮ માટે મેહુલ સિનેમાની સામે આવેલા સિવિક સેન્ટર ખાતે તથા વોર્ડ નં. ૧૩થી ૧૬ માટે સરદાર પટેલ અર્બન કોમ્યુનિટી હેલ્થ સેન્ટર ખાતે સેવાસેતુ કાર્યક્રમ યોજાશે.

તા. ૨૬ના વોર્ડ નં. ૯ થી ૧૨ માટે એમ.પી. શાહ મ્યુનિસિપલ ટાઉનહોલ ખાતે તથા વોર્ડ નં. ૧થી ૪ માટે વિશ્વકર્મા વાડી ખાતે સેવાસેતુ કાર્યક્રમ યોજાશે.

ચારેય સ્થળે કાર્યક્રમનો સમય સવારે ૯થી સાંજે ૫ વાગ્યા સુધીનો રહેશે.

સેવાસેતુ કાર્યક્રમમાં આધારકાર્ડ, સમાજકલ્યાણ વિભાગ, મામલતદાર કચેરી, પુરવઠા વિભાગ, એસટી મુસાફરી, પીજીવીસીએલ, જનધન યોજના, પીએમ સ્વનિધિ યોજના તથા ઇન્ડિયા પોસ્ટને લગતી સેવાઓનો લાભ મળશે. આ ઉપરાંત મિલકતવેરો, વ્યવસાયવેરો અને દુકાનના લાયસન્સને લગતી સેવાઓ પણ ઉપલબ્ધ રહેશે.

આયુષ્માન ભારત, આયુષ્માન વયવંદના, નમોશ્રી તથા પીએમજેએવાય યોજના, જન્મ-મરણના દાખલા, લગ્ન નોંધણી પ્રમાણપત્ર અને એપ્રેન્ટિસ યોજનાની અરજી સ્વીકારવા સહિતની સેવાઓ પણ સ્થળ પર પૂરી પાડવામાં આવશે.

૩ થી ૬ વર્ષના બાળકોના પૂર્વ પ્રાથમિક શિક્ષણ અંગેની નોંધણી, દિવ્યાંગતા પ્રમાણપત્ર, વરિષ્ઠ નાગરિક પ્રમાણપત્ર, કાનૂની સેવા, પીએમ ઈ-બસ તથા સિટી ટ્રાન્સપોર્ટ સેવાના માસિક પાસ, વ્હાલી દીકરી યોજના, ગંગા સ્વરૂપા યોજના અને સખી વન સ્ટોપ સેન્ટર સહિતની વિવિધ સેવાઓનો લાભ પણ નાગરિકોને મળશે. જામનગર મહાનગરપાલિકાએ શહેરના નાગરિકોને પોતાના વોર્ડને લાગુ પડતા દિવસે સંબંધિત સ્થળે ઉપસ્થિત રહી વિવિધ સરકારી સેવાઓ અને યોજનાઓનો લાભ લેવા અપીલ કરી છે.

# જોડિયાના વાવડીમાં જર્જરિત આંગણવાડી સામે નારીશક્તિનો આક્રોશ

## નવી આંગણવાડી નહીં બને ત્યાં સુધી બાળકોને ન મોકલવાનો વાલીઓનો નિર્ધાર





ધ્રોલ (સંજય ડાંગર દ્વારા) : જામનગર જિલ્લાના જોડિયા તાલુકાના વાવડી ગામે આવેલી આંગણવાડીની અત્યંત જર્જરિત અને જોખમી હાલતને લઈને ગામની મહિલાઓ અને વાલીઓમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. માસૂમ ભૂલકાંઓની સુરક્ષા સામે ગંભીર જોખમ ઊભું થતાં આક્રોશિત મહિલાઓએ એકત્ર થઈ આંગણવાડી કેન્દ્રને તાળાબંધી કરી વિરોધ નોંધાવ્યો હતો. આ સાથે જ ગામ પંચાયતના સરપંચને રજૂઆત કરી સ્પષ્ટ ચીમકી આપી છે કે, જ્યાં સુધી નવી આંગણવાડી બનાવવામાં નહીં આવે ત્યાં સુધી એકપણ બાળકને આંગણવાડીએ મોકલવામાં નહી આવે.

સ્થાનિક મહિલાઓના જણાવ્યા અનુસાર, આંગણવાડીનું મકાન લાંબા સમયથી બિસ્માર હાલતમાં છે અને તેની આસપાસ સફાઈનો સદંતર અભાવ છે. કમ્પાઉન્ડની ફરતે કાંટાળી વાડ અને ઢોર બાંધવામાં આવતા હોવાથી ત્યાં ગંદકી રહે છે અને અવારનવાર મોટા સાપ તથા ઝેરી જીવજંતુઓ નીકળે છે. આ ઉપરાંત રખડતા કૂતરાઓનો પણ મોટો ત્રાસ છે. મહિલાઓએ જણાવ્યું હતું કે, આશરે એક વર્ષ પહેલાં બાળકોને હડકાયા કૂતરા કરડી ગયા હોવાની ઘટના પણ બની ચૂકી છે. આવા ભયજનક માહોલમાં બાળકોને કેન્દ્રમાં મોકલવા વાલીઓ માટે ચિંતાનો વિષય બન્યો છે.

સ્થાનિક મહિલા અગ્રણી ધારાબેન મકવાણાએ જણાવ્યું હતું કે, "અમારા ગામની આંગણવાડીમાં બાળકો માટે પ્રાથમિક સુવિધાઓનો સદંતર અભાવ છે. ચારેય બાજુ વાડ, ગંદકી, સાપ અને હડકાયા કૂતરાઓ વચ્ચે બાળકો ભયના ઓછાયા હેઠળ છે. એક તરફ સરકાર મહિલા અને બાળ સશક્તિકરણની વાતો કરે છે ત્યારે બીજી તરફ આવી ગંભીર પરિસ્થિતિમાં અમારા ભૂલકાંઓને કેવી રીતે મોકલવા? આથી તમામ બહેનોએ એકમત થઈ તાળાબંધી કરી છે અને સરપંચને જાણ કરી દીધી છે કે નવું મકાન નહીં બને ત્યાં સુધી આંગણવાડી બંધ રહેશે." વાવડી ગામની મહિલાઓ અને ગ્રામજનોએ જિલ્લા વહીવટી તંત્ર સમક્ષ તાત્કાલિક ધોરણે સ્થળ મુલાકાત લઈ બાળકોની સલામતી માટે નવી આંગણવાડીનું મકાન મંજૂર કરી તાકીદે નિર્માણ કાર્ય શરૂ કરવાની માંગણી કરી છે.

# 'ઝીરો કા દમ-ખામી મળી તો રિફિલ ફ્રી' સાથે ભારતગેસ દ્વારા ગુણવત્તાની ખાતરી

Bharatgas
COOK FOOD. SERVE LOVE.

જામનગર: ફોર્ચ્યુન ગ્લોબલ ૫૦૦ કંપની અને મહારત્ન પીએસયુ, ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ એ તેની સમગ્ર એલપીજી નેટવર્કમાં અમલમાં મૂકાયેલા 'ઝીરો કા દમ' કાર્યક્રમ દ્વારા LPG સિલિન્ડરની ગુણવત્તા અને ગ્રાહક સુરક્ષા પર પોતાનું ધ્યાન વધુ મજબૂત બનાવ્યું છે. આ કાર્યક્રમ ઓપરેશનલ એક્સેલન્સને મજબૂત બનાવવાના BPCLના વ્યાપક પ્રયાસોના ભાગરૂપે અમલમાં મૂકવામાં આવ્યો છે.

'ખામી મળી તો રિફિલ ફ્રી' પહેલ જામનગર શહેરમાં ગ્રાહકો સુધી ગુણવત્તાની ખાતરી પહોંચાડે છે, જેમાં સ્પષ્ટ ખાતરી આપવામાં આવે છે કે જો ભારતગેસ સિલિન્ડરની ડિલિવરીના સમયે તેમાં કોઈ વાસ્તવિક ખામી જોવા મળે, તો ગ્રાહકોને મફત રિફિલ મળી શકે છે, જે લાગુ પડતા નિયમો અને શરતોને આધીન રહેશે.

'ઝીરો કા દમ' કાર્યક્રમ એ સુનિશ્ચિત કરવા માટે તૈયાર કરવામાં આવ્યો છે કે સિલિન્ડર ગ્રાહકના ઘર સુધી પહોંચે તે પહેલાં જ દરેક તબક્કે તેની ગુણવત્તા જાળવવામાં આવે. આ કાર્યક્રમ અંતર્ગત બીપીસીએલના એલપીજી બોટલિંગ પ્લાન્ટ્સમાં નેશનલ એક્રિડિટેશન બોર્ડ ફોર સિર્ટીફીકેશન બોડીસ દ્વારા માન્યતા પ્રાપ્ત સ્વતંત્ર એજન્સીઓ દ્વારા કડક તૃતીય-પક્ષ પ્રમાણપત્ર ઓડિટ કરવામાં આવે છે. આ ઓડિટમાં પ્લાન્ટથી લઈને ગ્રાહક સુધી સિલિન્ડરની સમગ્ર સફરના દરેક તબક્કાનું મૂલ્યાંકન કરવામાં આવે છે, જેમાં માત્ર ખામી રહિત અને ઉચ્ચ ગુણવત્તાવાળા સિલિન્ડર જ ગ્રાહકો સુધી પહોંચે તે સુનિશ્ચિત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે. અત્યાર સુધીમાં ૫૫ એલપીજી બોટલિંગ પ્લાન્ટ્સે સફળતાપૂર્વક 'ઝીરો કા દમ' સર્ટિફિકેશન મેળવ્યું છે.

આ પહેલ વિશે વાત કરતાં, શ્રી ટીવી પાંડિયન, બિઝનેસ હેડ (એલપીજી), બીપીસીએલ, એ જણાવ્યું હતું કે, "'ઝીરો કા દમ' કાર્યક્રમ ગુણવત્તા, ઓપરેશનલ એક્સેલન્સ અને ગ્રાહક સુરક્ષા પ્રત્યે બીપીસીએલ ની અડગ પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. કડક ગુણવત્તા તપાસ, જાળવણીની પદ્ધતિઓ, સુરક્ષા ચેકપોઈન્ટ્સ અને સ્વતંત્ર પ્રમાણપત્ર દ્વારા, અમે એલપીજી બોટલિંગ પ્લાન્ટથી લઈને ગ્રાહકના ઘર સુધી દરેક તબક્કે ગુણવત્તાને વધુ મજબૂત બનાવી રહ્યા છીએ. 'ખામી મળી તો રિફિલ ફ્રી'ની ખાતરી અમારા સિલિન્ડરની ગુણવત્તામાંના વિશ્વાસને વધુ દર્શાવે છે અને ગ્રાહક-પ્રથમ અભિગમને મજબૂત બનાવે છે. આ પહેલ અમારા ન્ય બિઝનેસ યુનિટના સતત પ્રયાસોનું પરિણામ છે, જેનો હેતુ ખામી રહિત સિલિન્ડર પહોંચાડવાનો અને ગ્રાહકોનો વધુ વિશ્વાસ ઊભો કરવાનો છે."

આ કાર્યક્રમમાં અદ્યતન ટેક્નોલોજી, કડક જાળવણી પદ્ધતિઓ, સુરક્ષા ચેકપોઈન્ટ્સ અને સ્વતંત્ર ગુણવત્તા પ્રમાણપત્રને એકસાથે લાવવામાં આવ્યા છે, જેથી એલપીજી બોટલિંગ કામગીરીમાં ઓપરેશનલ નિયંત્રણોને વધુ મજબૂત બનાવી શકાય. આ વ્યાપક અભિગમબીપીસીએલ ને કડક ગુણવત્તા ધોરણો જાળવવામાં સક્ષમ બનાવે છે અને સાથે સાથે ન્ય કામગીરીમાં ગ્રાહક સુરક્ષાને કેન્દ્રસ્થાને રાખે છે.

'ઝીરો કા દમ' હેઠળ આપવામાં આવતી ગ્રાહક ખાતરી આ પ્રતિબદ્ધતાને વધુ સ્પષ્ટ અને અસરકારક બનાવવાનો હેતુ ધરાવે છે. ડિલિવરીના સમયે જો સિલિન્ડરમાં વાસ્તવિક ખામી જોવા મળે તો મફત રિફિલ આપીને, ભારતગેસ અંતિમ ગ્રાહક સંપર્કના તબક્કે ગુણવત્તા અને વિશ્વસનીયતાને આપવામાં આવતા મહત્વને વધુ મજબૂત બનાવી રહ્યું છે. આ પહેલ જામનગર શહેર સહિત પસંદગીના શહેરોમાં શરૂ કરવામાં આવી છે. તેને ધીમે ધીમે અન્ય સ્થળોએ પણ લાગુ કરવામાં આવશે.

# જામનગરના ત્રણ હેડ કોન્ટેબલ એએસઆઈ બન્યા



તસવીર : આનંદ લાલ-સલાયા

## એલસીબી-એસઓજી પીઆઈના હસ્તે પીપિંગ સેરેમની યોજી ત્રણેયને સ્ટાર એનાયત

જામનગર : જામનગર પોલીસ વિભાગમાં ફરજ બજાવતા ત્રણ પોલીસ કર્મચારીઓને આસિસ્ટન્ટ સબ-ઈન્સ્પેક્ટર (એએસઆઈ) તરીકે બઢતી આપવામાં આવી છે. બઢતી મેળવનાર કર્મચારીઓમાં નિર્મળસિંહ જાડેજા, રમેશ ચાવડા અને મેહુલ ગઢવીનો સમાવેશ થાય છે.

ત્રણેય કર્મચારીઓની બઢતી પ્રસંગે એલસીબી-એસઓજીના પોલીસ ઈન્સ્પેક્ટરના હસ્તે પીપિંગ સેરેમની યોજવામાં આવી હતી. અને ત્રણેય કર્મચારીઓને નવા હોદ્દાના સ્ટાર એનાયત કરી એએસઆઈ તરીકે બઢતી આપવામાં આવી હતી. આ પ્રસંગે પોલીસ અધિકારીઓ તથા કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા અને બઢતી મેળવનાર ત્રણેય કર્મચારીઓને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

# સલાયાના વોર્ડ નં. એકમાં ભૂગર્ભ ગટરની સમસ્યા, રોડ રસ્તાઓ ઉપર ગટરના પાણી



તસવીર : આનંદ લાલ-સલાયા



સલાયા નગર પાલિકા દ્વારા ભૂગર્ભ ગટર બાબતે કામગીરી ખુબજ નબળી હોઈ લોકો ખુબજ પરેશાની ભોગવી રહ્યા છે.એમાં આજરોજ વોર્ડ નંબર એકના મુખ્ય બજાર અને શાક માર્કેટ રોડ તેમજ લાલજી મંદિર શેરી અને હનુમાન શેરી ના લતાવાસીઓએ અંતે આ સમસ્યાનું કાયમી નિરાકરણ લાવવા ચીફ ઓફિસર અને પ્રમુખ સલાયા નગર પાલિકાને લેખિતમાં ફરિયાદ કરી છે. છેલા ૧૨ મહિનાથી આ વિસ્તારમાં કાયમી ભૂગર્ભ ગટરના પાણી ભરાઈ છે અને કુંડીઓ છલ્લી જાય છે જેથી દુર્ગંધ યુક્ત ગટરના પાણી આ રસ્તાઓ ઉપર આવી જાય છે જેથી રાહદારીઓ અને વડીલો તેમજ બહેનોને ચાલવામાં પણ મુશ્કેલીઓ ભોગવવી પડે છે. આ રસ્તા ઉપરથી જ લાલજી મંદિર,હનુમાન મંદિર, આલ્બાઈ મંદિર તેમજ વ્હોરાની મસ્જિદમાં જવાઈ છે ત્યાં દર્શન અને ઈબાદત કરવા જતા લોકોને પણ આ ગટરના પાણીમાંથી પસાર થવું પડે છે.આ બાબતે કંટાળી અને અનેક રજૂઆત અને અરજી કરવા છતાં આ વાતનો ઉકેલ નહી આવતા આ વિસ્તારમાં લતાવાસીઓ તેમજ દુકાનદારો આજરોજ લેખિતમાં નગર પાલિકાને ફરિયાદ કરી આવ્યા છે અને આ સમસ્યાનું કાયમી નિરાકરણ લાવવા ફરિયાદ કરેલ છે. આ ગટરના પાઈપ બદલવા અને કુંડીઓ વ્યવસ્થિત સાફ કરવાથી આ પ્રશ્નનો નિરાકરણ આવે એમ છે. નગરપાલિકાના દ્વારા આ બાબતે તટસ્થ રહી અને કામગીરી કરાઈ એવું લોકો ઈચ્છી રહ્યા છે.આ રજૂઆત સલાયાના વેપારી કમલેશ ભાઈ ઉનડકટ, અજય પંચમતીયા,મિથુન ગોરેચા,અનવરભાઈ વગેરે લતાવાસીઓ અને વેપારીઓ ગયેલ હતા. આ બાબતે તુરંત કાર્યવાહી કરવા માંગ કરાઈ છે.

# ફલ્લાથી ઉપરના ગામડાઓના ખેડૂતોને સિંચાઈ માટે તાત્કાલિક પાણી આપવા ધારાસભ્યની રજુઆત



જામનગર : જામનગર જીલ્લા કલેકટર કચેરી ખાતે યોજવામાં આવેલ જીલ્લા ફરીયાદ સમિતીની બેઠકમાં ધારાસભ્યએ જામનગર જીલ્લાના અલગ-અલગ વિભાગના ચાલુ અને પેન્ડીગ પ્રશ્નો રજુ કરેલ હતી.

જેમાં મુખ્યત્વે જામનગર તાલુકાના ફલ્લાથી ઉપરના ગામડાઓમાં હાલમાં થયેલ વરસાદ ખુબ જ ઓછો હોય સિંચાઇ માટે પાણીની ખુબ જ અછત છે અને સુકાતાં મોલને પાણી મળી રહે તે માટે ઉંડ-૧ સિંચાઇ યોજનાનાં ડાબાકાંઠાની કેનાલ દ્વારા ફલ્લાથી ઉપરના ગામડાઓના ખેડુતોને સિંચાઇ માટે તાત્કાલિક કેનાલ દ્વારા પાણી આપવા ભારપુર્વક રજુઆત કરેલ હતી. તે સિવાય માર્ગ અને મકાન, જમીન, પાણી પુરવઠા, પી.જી.વી.સી.એલ., મત્સ્ય વિભાગ, ફોરેસ્ટ વિભાગના જુદા-જુદા ગામોના પ્રશ્નો રજુ કરેલ હતા.

ચાલુ વર્ષે વરસાદ ખેંચાતા ખેડુતો અને માલધારીઓ માટે ઘાસચારાની અછતની સ્થિતિ સર્જાયેલ છે. માલધારીઓને અને ખેડુતોને ઘાસચારાના કારણે મુશ્કેલી ન પડે તે માટે રાહતદરે ઘાસ વિતરણ કરવા ઘાસ ડેપો ચાલુ કરવા તેમજ ઘાસકાર્ડ વિતરણ કરવા કલેકટરને ખાસ રજુઆત કરેલ હતી. તેમજ સરકારના જુદા જુદા વિભાગોને વિકાસના પ્રશ્નો રજુ કરેલ હતા.

સિંચાઇ વિભાગના પ્રશ્ન અતંર્ગત જામનગર તાલુકાના ખંભાલીડા મોટોવાસ ગામે રણજીતસિંહ લાલુભાની વાડીની બાજુમાં આવેલ ચેકડેમ રીપેર કરવા, જમીનના પ્રશ્નમાં મુખ્યત્વે જામનગર તાલુકાના મોટા થાવરીયા ગામે નેશનલ હાઈવે માટેની જમીન સંપાદનની પ્રક્રિયામાં પુરૂ વળતર ચુકવવા બાબત, જામનગર જીલ્લાના જે ગામોમાં રમતગમતના મેદાન ન હોય તેવા ગામોમાં રમતગમતના મેદાન બનાવવા., વોર્ડ નં.૫ની વાયુનગર અને સેનાનગર સોસાયટીના મકાનોને રેગ્યુલાઈઝ કરવા, સચાણા ગામે બીનખેતી થયેલ સર્વે નં.માં પ્લોટ ધારકોને પ્રોપર્ટીકાર્ડ આપવા, ખીજડીયા ગામના ગામતળને નવા સર્વે નં.મુજબ નકશા મુજબ માપણી કરી આપવી, ખારાબેરાજા ગામે નિમ થયેલ ગામતળની નોંધ પાડવી., મહેસુલી તલાટીઓને સરકારશ્રી દ્વારા નક્કી થયેલ જોબચાર્ટની અમલવારી કરાવવી., સચાણા ગામે સ્વામિત્વ યોજના હેઠળ પ્રોપર્ટીકાર્ડ આપવામાં આવેલ તેમાં બાકી રહેનારાઓને પ્રોપર્ટીકાર્ડ આપવા રજૂઆત કરેલ હતી.

માર્ગ અને મકાન વિભાગના પ્રશ્નોમાં લાલપુર ચોકડીથી લાલપુર જતાં રોડ પર ચંગા પાટીયા પાસે સ્પીડ બ્રેકર મુકવા., તેમજ ચેલા બસ સ્ટેશન પાસે સ્પીડ બ્રેકર મુકવા, જોડીયા તાલુકાના બાદનપર ગામ પાસે ફુન્ડ તરફ જવા માટેના રોડની ઉંચાઇ વધુ હોવાથી ઉંડ-૨ના પાટીયા ખોલે ત્યારે બાદનપરના ઘણા વિસ્તારમાં ૪ થી ૫ ફુટ જેટલું પાણી ભરાઈ જતું હોવાથી પ્રશ્નનું નિરાકરણ કરવું., સીક્કા, સાપર અને બેડ ગામના પાટીયા પાસે બન્ને બાજુ બસ સ્ટેન્ડ બનાવવાની જરુરીયાત છે.

પાણી પુરવઠાના પ્રશ્નોમાં ચેલા ગામે તક્ષશીલા સોસાયટીમાં શુધ્ધ પીવાલાયક પાણી આપવું., જોડીયા ગામે પાણી વિતરણ અનિયમિત હોય નિયમિત પાણી વિતરણ કરવું., મોટા થાવરીયા, મુંગણી, ધુતારપર ગામે નર્મદાનું પાણી પુરતું મળતું ન હોય નિયમિત અને પુરતું પાણી આપવું., કાલાવડ તાલુકાના હરીપર(મેવાસા) ગામે પાણીની પાઈપલાઈન તુટેલી હાલતમાં હોઈ રીપર કરાવવી કે જરૂરીયાત મુજબ નવી નાખવી., ગોરધનપર ગામે રામવાડી વિસ્તારમાં પાઈપલાઈન નાખેલ છે. પરંતુ પાણી વિતરણ કરવામાં આવતું ન હોય નિયમિત પાણી વિતરણ કરાવવું જરુરી છે.

પીજીવીસીએલ અતંર્ગત ચેલા ગામે નદીના સામા કાંઠે આવેલ અરજદારોને જે.જી.વાય વીજ કનેકશન આપવા., ખીમરાણા ગામે ચાર વાડી વિસ્તારોમાં જે.જી.વાય કનેકશન આપવા., ગોકુલનગર તથા સાપર સબ ડિવીઝનમાં એ.જી.કનેકશનમાં ટ્રીપીગ આવતું હોય તેમજ ગામમાં નિયમિત વીજપુરવઠો મળતો ન હોય નિયમિત આપવો., પસાયા ગામે રૂપારેલ ફિડરમાં લોડ વધારાનો પ્રશ્ન હોય જરૂર હોય એ.જી.માં વિભાજન કરી લોડ ઓછો કરવો, પંચાયત વિભાગના પ્રશ્નો અંતર્ગત ધ્રોલ તાલુકાના નથુવડલા ગામે પ્રધાનમંત્રી આવાસ યોજનામાંથી બનેલ મકાનના હપ્તા તાત્કાલિક ચુકવવા જોઈએ.

મત્સય વિભાગના પ્રશ્ન અંતર્ગત જામનગર જીલ્લાના સચાણા, જોડીયા, બેડી, સીક્કા, રસુલનગર વિ.ગામોના માછીમારોને કે.સી.સી. ધિરાણ આપવું., તેમજ આ માછીમારોને ડીઝલકાર્ડ આપવા, તેમજ બાકી રહેતા કોલ(પરવાના) આપવા. આમ ઉપર મુજબ જામનગર જીલ્લાના વિકાસને લગતા ૪૯ જેટલા પ્રશ્નો ધારાસભ્યરાઘવજીભાઇ પટેલે રજુ કરેલ હતા. જેમાં મોટાભાગના પ્રશ્નોનો સ્થળ પર હકારાત્મક નિકાલ કરવામાં આવેલ અને બાકી રહેલ પ્રશ્નો ટુંક સમયમાં હાથ પર લઇ નિકાલ કરવા લગત વિભાગના અધિકારીઓને સુચના આપવામાં આવી હતી.

# અવસાન નોંધ




**જામનગર :** ક્રિષ્નાબેન બીપીનભાઈ ત્રિવેદી તે સ્વ. વસંતરાય મગનલાલ ત્રિવેદીના પુત્રવધુ તથા સ્વ. બીપીનભાઈ વસંતરાય ત્રિવેદીના પત્ની તથા પ્રતીક, કેશવીના માતા તથા અનિલભાઈ, સ્વ. કિરીટભાઈ, અશોકભાઈના ભાઈના પત્ની તથા હિરેનભાઈ, કાજલબેનના સાસુ તથા નીરવ, તુષાર, વિશાલ, ભૂમિ, કિંજલ, કામાક્ષીના કાકી તથા અક્ષત, દર્શિતાના નાનીનું તા. ૨૩-૯-૨૦૨૬ અવસાન થયું છે. સદગત નુ ઉઠમણું આજે તા. ૨૪, ગુરૂવારના રોજ સાંજે ૫:૩૦થી ૬ વાગ્યા સુધી જડેશ્વર મહાદેવ મંદિર ,પટેલ પાર્ક, જામનગર ખાતે રાખેલ છે.

**જામનગર :** શ્રીમાળી યજુર્વેદી બ્રાહ્મણ શ્રી કમલેશભાઈ રામચંદ્ર શુકલ (ઉ.વ. ૭૧) તે મહેન્દ્ર શુકલ, જયેન્દ્ર શુકલ, જ્યોતિન્દ્ર શુકલના નાનાભાઈ તથા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં અંગ્રેજી વિભાગનાં પ્રાધ્યાપક વિરલ શુકલના પિતા તથા પલક શુકલનાં સસરા તેમજ પ્રણવ શુક્લ, પ્રગ્નેશ શુકલ, ચિરાગ શુકલ, દૃષ્ટિ શુકલના કાકા તથા બાલાશંકર દવેના જમાઈનું તા. ૨૩/૯/૨૦૨૬ બુધવારે અવસાન થયું છે. રાજકોટમાં સદગતનું બેસણું આજે તા. ૨૪/૯/૨૦૨૬ ગુરુવારે સાંજે ૫ થી ૬ દરમ્યાન શ્રી ગોપેશ્વર મહાદેવ મંદિર, નોવા સ્કૂલ સામે, ટોપલેન્ડ રેસિડન્સીની બાજુમાં, રૈયાગામ પાસે, રૈયા રોડમાં રાખવામાં આવ્યુ છે. જામનગરમાં સદગતની પ્રાર્થનાસભા તા. ૨૫/૯/૨૦૨૬ને શુક્રવારે સાંજે ૫ થી ૬ દરમ્યાન શ્રીમાળી યજુર્વેદી બ્રાહ્મણ જ્ઞાતિની વાડી, વંડા ફળીમાં રાખવામાં આવી છે.

# ચૂંટણી પંચ માટે ફક્ત સ્વતંત્ર દેખાવું પૂરતું નથી; તે ખરેખર સ્વતંત્ર હોવું જોઈએ: સુપ્રીમ કોર્ટ

## સીઈસી અને ચૂંટણી ઈસીની નિમણૂકને નિયંત્રિત કરતા ૨૦૨૩ ના કાયદાને પડકારતી અરજીઓ પર સુનાવણી કરી



નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટે બુધવારે મુખ્ય ચૂંટણી કમિશનર (સીઈસી) અને ચૂંટણી કમિશનરો (ઈસી) ની નિમણૂકને નિયંત્રિત કરતા ૨૦૨૩ ના કાયદાને પડકારતી અરજીઓ પર સુનાવણી કરી. સુપ્રીમ કોર્ટે નિર્ણય લેવાનો હતો કે આ મામલો મોટી બેંચને મોકલવો કે નહીં. ન્યાયાધીશ દીપાંકર દત્તા અને ન્યાયાધીશ સતીશ ચંદ્ર શર્માએ આ મામલાની સુનાવણી કરી. જોકે, બંને ન્યાયાધીશોએ આ મામલે મતભેદ દર્શાવ્યા.

ન્યાયાધીશ દત્તાએ કહ્યું, "જો આપણે સર્વસંમતિથી નિર્ણય આપ્યો હોત, તો તે સંસ્થાકીય એકતાના હિતમાં હોત. કમનસીબે, આપણે મતભેદ ધરાવીએ છીએ. આ મતભેદને કારણે મને વધુ વિગતવાર આદેશ લખવાનું કહેવામાં આવ્યું છે." ન્યાયાધીશ દત્તાએ ૨૦૨૩ ના કાયદા વિશે અનેક પ્રશ્નો ઉઠાવ્યા. તેમણે કહ્યું કે ચૂંટણી કમિશનરોની નિમણૂકને નિયંત્રિત કરતો ૨૦૨૩ નો કાયદો સ્વતંત્ર પસંદગી પ્રક્રિયા સુનિશ્ચિત કરતો નથી.

૨૦૨૩ માં, કેન્દ્ર સરકારે સીઈસી અને ઈસીની નિમણૂકને નિયંત્રિત કરતા કાયદામાં સુધારો કર્યો. ચૂંટણી કમિશનરોની નિમણૂક હવે વડા પ્રધાનની અધ્યક્ષતામાં ત્રણ સભ્યોની સમિતિ દ્વારા કરવામાં આવે છે. સમિતિમાં લોકસભામાં વિરોધ પક્ષના નેતા અને કેન્દ્રીય મંત્રીનો પણ સમાવેશ થાય છે. અગાઉ, સમિતિમાં સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ પણ શામેલ હતા.

પોતાનો ચુકાદો આપતા, જસ્ટિસ દત્તાએ અનેક મહત્વપૂર્ણ અવલોકનો કર્યા. તેમણે કહ્યું, "બંધારણીય વ્યવસ્થાનો મૂળભૂત સિદ્ધાંત છે કે આપણી પાસે કાયદાનું શાસન છે, વ્યક્તિઓનું નહીં. શાસકો કાયદાથી બંધાયેલા છે અને ક્યારેય કાયદાથી ઉપર ન હોઈ શકે."તેમણે ઉમેર્યું, "આ વ્યાપક બંધારણીય સંદર્ભમાં વર્તમાન અભિપ્રાયના પરિણામોનું મૂલ્યાંકન કરવું જરૂરી છે.

# ભાજપે ૩૬ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો માટે નવા પ્રભારી અને સહ-પ્રભારીઓની નિમણૂક કરી

## રામ માધવને ઉત્તરાખંડ, સુનીલ બંસલને બંગાળ; સ્મૃતિ ઈરાનીને છત્તીસગઢ અને હરિયાણા સોંપવામાં આવ્યા

નવીદિલ્હી,

ભાજેપે એક મોટો સંગઠનાત્મક ફેરફાર કર્યો છે, જેમાં ૩૬ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો માટે નવા રાજ્ય પ્રભારી અને સહ-પ્રભારીની નિમણૂક કરવામાં આવી છે. પાર્ટીએ ઘણા વરિષ્ઠ નેતાઓને મહત્વપૂર્ણ સંગઠનાત્મક જવાબદારીઓ સોંપી છે. આ યાદીમાં, રામ માધવને તમિલનાડુ અને ઉત્તરાખંડના પ્રભારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે, જ્યારે સુનીલ બંસલને તેલંગાણા અને પશ્ચિમ બંગાળની જવાબદારી સોંપવામાં આવી છે. સ્મૃતિ ઈરાનીને છત્તીસગઢ અને હરિયાણાના પ્રભારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. ઉત્તર પ્રદેશમાં, વિનોદ તાવડેને પ્રભારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે અને ચાર નેતાઓને સહ-પ્રભારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

રામ માધવને તમિલનાડુ અને ઉત્તરાખંડના પ્રભારી નિયુક્ત કરવામાં આવ્યા છે. ઉત્તરાખંડમાં તેમની સાથે અરવિંદ મેનન અને બાંસુરી સ્વરાજને સહ-પ્રભારી નિયુક્ત કરવામાં આવ્યા છે. તમિલનાડુમાં, નિર્મલ કુમાર સુરાના અને ડૉ. કે. અરુણા તેમના સહ-પ્રભારી રહેશે. બીજી તરફ સુનીલ બંસલને તેલંગાણા અને પશ્ચિમ બંગાળ બંનેના પ્રભારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. તેલંગાણામાં, અભય પાટિલ અને રેખા શર્મા તેમના સહ-પ્રભારી છે. પશ્ચિમ બંગાળમાં, લાલ સિંહ આર્ય, રાજેન્દ્ર સિંહ અને પિંકી કુશવાહાને સહ-પ્રભારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. ભાજપે સ્મૃતિ ઈરાનીને છત્તીસગઢ અને હરિયાણાના પ્રભારી તરીકે નિયુક્ત કર્યા છે. સિદ્ધાર્થ શંભુને છત્તીસગઢમાં સહ-પ્રભારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. ડૉ. ભોલા સિંહને હરિયાણામાં સહ-પ્રભારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

# મેઘાલયની અગ્રણી પ્રાદેશિક પાર્ટી યુડીપીના આઠ ધારાસભ્યો ભાજપમાં જોડાયા

નવીદિલ્હી,

મેઘાલયની અગ્રણી પ્રાદેશિક પાર્ટી, યુડીપીના આઠ ધારાસભ્યો ભાજપમાં જોડાયા છે. કેન્દ્રીય સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુ અને ભાજપના પ્રવક્તા સંબિત પાત્રાએ તમામ આઠ ધારાસભ્યોનું સ્વાગત કર્યું. એક ઔપચારિક પત્રકાર પરિષદ પણ યોજાઈ હતી જેમાં કિરેન રિજિજુએ સમજાવ્યું કે આઠ યુડીપી ધારાસભ્યો શા માટે તેમનો પક્ષ છોડીને ભાજપમાં જોડાયા.

કેન્દ્રીય સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ એક પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, "અમે મેઘાલય વિધાનસભાના આઠ ધારાસભ્યોનું ભાજપ પરિવારમાં સ્વાગત કરીએ છીએ. તેઓ અગાઉ એક મુખ્ય પ્રાદેશિક પક્ષ યુડીપી સાથે સંકળાયેલા હતા. છેલ્લા ૧૨ વર્ષમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ ઉત્તરપૂર્વ અને મેઘાલયમાં થયેલી પ્રગતિ અને પરિવર્તન, ઉત્તરપૂર્વના લોકો સાથે નરેન્દ્ર મોદીનો હૃદયપૂર્વકનો જોડાણ અને ભાજપે ઉત્તરપૂર્વમાં વિકાસની રાજનીતિમાં જે રીતે પરિવર્તન લાવ્યું છે, તેણે આ આઠ ધારાસભ્યોને પીએમ મોદી અને અમારી ભાજપની આગેવાની હેઠળની સરકારના કાર્યથી પ્રભાવિત કર્યા છે."

ભાજપમાં જોડાયેલા આઠ ધારાસભ્યોના નામઃ લખમેન રિમ્બુઈ,પ્યાસ માર્વેન,કિર્મેન શાયલા,માયરાલબોર્ન સિયેમ,મેથ્યુ કુર્બાહ,ઓલાન સિંહ સુઈન,બાલાજીદ કુપર સિનરેમ સિંશેર લિંગદોહ થાબાહ આ પ્રસંગે, સંબિત પાત્રાએ જાહેરાત કરી કે લખમેન રિમ્બુઈ ભાજપમાં જોડાઈ રહ્યા છે.

# આયુષ્માન ભારત યોજનાએ દેશના ૯૦ કરોડ લોકોને ૩.૫ લાખ સુધીનું આરોગ્ય કવરેજ પૂરું પાડ્યું

## આયુષ્માન ભારત યોજનાને આઠ વર્ષ પૂર્ણ થતા પીએમ મોદીએ ભારતના તમામ લાભાર્થીઓને શુભેચ્છા પાઠવી

નવીદિલ્હી,

આયુષ્માન ભારત યોજનાને બુધવારે આઠ વર્ષ પૂર્ણ થયા. આ પ્રસંગે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે આ યોજનાએ દેશના ૯૦ કરોડ લોકોને ૫ લાખ સુધીનું આરોગ્ય કવરેજ પૂરું પાડ્યું છે, જે તેને વિશ્વની સૌથી મોટી આરોગ્ય સંભાળ યોજના બનાવે છે.

આયુષ્માન ભારતના તમામ લાભાર્થીઓને શુભેચ્છા પાઠવતા પીએમ મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર એક પોસ્ટમાં લખ્યું, "આઠ વર્ષ પહેલાં, દરેક ભારતીયને ગુણવત્તાયુક્ત અને સસ્તું આરોગ્ય સંભાળ પૂરી પાડવાના વિઝન સાથે આયુષ્માન ભારત શરૂ કરવામાં આવ્યું હતું. આજે, ૯૦ કરોડથી વધુ લાભાર્થીઓ વાર્ષિક ૫ લાખનું આરોગ્ય કવર મેળવી રહ્યા છે, જે તેને વિશ્વની સૌથી મોટી આરોગ્ય સંભાળ યોજના બનાવે છે."

તેમણે વધુમાં કહ્યું કે તેનાથી તબીબી ખર્ચમાં રેકોર્ડ બચત થઈ છે, જેનાથી ગરીબ અને મધ્યમ વર્ગને ફાયદો થયો છે. આરોગ્ય સંભાળ દરેક ઘર સુધી પહોંચી રહી છે. આયુષ્માન આરોગ્ય મંદિરોમાં અત્યાર સુધીમાં ૫ અબજથી વધુ મુલાકાતો નોંધાઈ છે, જે પાયાના સ્તરે પ્રાથમિક આરોગ્ય સંભાળને મજબૂત બનાવે છે.

દરમિયાન, કેન્દ્રીય આરોગ્ય પ્રધાન જેપી નડ્ડાએ જણાવ્યું હતું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આઠ વર્ષ પહેલાં "સેવાનો સંકલ્પ" લીધો હતો, જેણે લાખો લોકો માટે આરોગ્ય સંભાળની સુલભતામાં પરિવર્તન લાવ્યું છે. આજે, વિશ્વની સૌથી મોટી આરોગ્ય વીમા યોજના, આયુષ્માન ભારત પીએમ-જેએવાય, દેશભરના અડધા અબજથી વધુ લોકોને આવરી લે છે.



૯૦૦ મિલિયનથી વધુ લોકોને આવરી લેવામાં આવ્યા છે, ૪૮૫.૪ મિલિયનથી વધુ આયુષ્માન કાર્ડ જારી કરવામાં આવ્યા છે અને ૧૩૦ મિલિયનથી વધુ લોકો સારવાર મેળવી રહ્યા છે, આ યોજના સમગ્ર ભારતમાં પરિવારો માટે ગુણવત્તાયુક્ત આરોગ્ય સંભાળ અને નાણાકીય સુરક્ષાના વચનને વાસ્તવિકતામાં ફેરવી રહી છે.

# કોલકાતામાં પાર્ટી ઓફિસ પર નિયંત્રણને લઈને ટીએમસી-ભાજપ કાર્યકરો વચ્ચે હિંસક અથડામણ

## પરિસ્થિતિ વધુ વણસતાં ભીડને વિખેરવા માટે લાઠીચાર્જ કરવામાં આવ્યો

કોલકતા,

કોલકાતાના દક્ષિણપૂર્વ વિસ્તાર મુકુન્દપુરમાં મમતા બેનર્જીની આગેવાની હેઠળની તૃણમૂલ કોંગ્રેસ અને ભાજપના કાર્યકરો વચ્ચે અથડામણ થઈ. સ્થાનિક પાર્ટી ઓફિસના નિયંત્રણ માટે આ વિવાદ શરૂ થયો અને ઝડપથી હિંસક અથડામણમાં ફેરવાઈ ગયો.

પોલીસના જણાવ્યા અનુસાર, પરિસ્થિતિ વધુ વણસતાં ભીડને વિખેરવા માટે લાઠીચાર્જ કરવામાં આવ્યો. ઘણા ટીએમસી કાર્યકરો ઘાયલ થયા હતા, અને કેટલાકને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. મમતા બેનર્જીના જૂથના સ્થાનિક કાર્યકરો કથિત કબજામાંથી પાર્ટી ઓફિસને મુક્ત કરાવવાની માંગણી સાથે રેલી કરી રહ્યા હતા ત્યારે આ અથડામણ થઈ હતી. મમતા બેનર્જીની આગેવાની હેઠળના કાર્યકરોનો આરોપ છે કે આ વિસ્તારમાં અગાઉ ટીએમસી પાર્ટી ઓફિસ હતી, જેનો ભાજપે કથિત રીતે બળજબરીથી કબજો લીધો હતો. વિરોધમાં, કાર્યકરો પૂર્વ જાધવપુર પોલીસ સ્ટેશનમાં મેમોરેન્ડમ સુપરત કરવા માટે કૂચ કરી રહ્યા હતા.

ટીએમસીએ આરોપ લગાવ્યો છે કે રેલી શરૂ થયા પછી તરત જ ભાજપના કાર્યકરોએ તેમના પર હુમલો કર્યો હતો. પાર્ટીએ એવો પણ આરોપ લગાવ્યો હતો કે મહિલાઓ પર ઈંડા ફેંકવામાં આવ્યા હતા. ટીએમસી આઈટી સેલના વડા ઉપાસના ચૌધરીએ આરોપ લગાવ્યો હતો કે તેમના ઘરની બહાર પણ તેમના પર હુમલો કરવામાં આવ્યો હતો, માર મારવામાં આવ્યો હતો અને તેમની કારના આગળના અને પાછળના કાચ તોડી નાખવામાં આવ્યા હતા.

# દિલ્હીમાં મહિલા સુરક્ષાને વધુ મજબૂત બનાવવા માટે પિંક પોલીસ ફોર્સ બનાવવામાં આવશે

## શાળાઓ, કોલેજો, મેટ્રો સ્ટેશનો અને અન્ય સંવેદનશીલ સ્થળોએ તૈનાત કરવામાં આવશે

નવીદિલ્હી,

દિલ્હીમાં મહિલા સુરક્ષાને વધુ મજબૂત બનાવવા માટે, દિલ્હી પોલીસમાં 'પિંક ફોર્સ' બનાવવામાં આવશે. આ એકમો શાળાઓ, કોલેજો, મેટ્રો સ્ટેશનો અને અન્ય સંવેદનશીલ સ્થળોએ તૈનાત કરવામાં આવશે. લેફ્ટનન્ટ ગવર્નર સરદાર ટી.એસ. મંગળવારે પોલીસ મુખ્યાલયમાં વરિષ્ઠ અધિકારીઓ સાથેની બેઠક દરમિયાન સંધુએ આ સૂચનાઓ આપી હતી.

પોલીસ મુખ્યાલયના સભાગૃહમાં યોજાયેલી બેઠકમાં, ઉપરાજ્યપાલે ૨૪ જૂનથી પોલીસ કામગીરીની સમીક્ષા કરી. તેમણે અધિકારીઓ પાસેથી પોલીસ પહેલ અને જાહેર પ્રતિસાદની જમીની સ્તરની અસર વિશે પૂછપરછ કરી. તેમણે જણાવ્યું હતું કે દિલ્હીને સુરક્ષિત બનાવવું અને નાગરિકોનો પોલીસ પર વિશ્વાસ વધારવો એ પ્રાથમિકતા હોવી જોઈએ. તેમણે બ્રિક્સ સમિટ દરમિયાન દિલ્હી પોલીસ અને અન્ય સુરક્ષા એજન્સીઓની ભૂમિકાની પણ પ્રશંસા કરી. ઉપરાજ્યપાલે જણાવ્યું હતું કે સમિટમાંથી મેળવેલા અનુભવો દિલ્હીમાં ભવિષ્યમાં મોટા આંતરરાષ્ટ્રીય કાર્યક્રમો માટે સુરક્ષા વ્યવસ્થા સુધારવામાં ઉપયોગી થશે.

મહિલાઓની સલામતી પર ભાર મૂકતા, ઉપરાજ્યપાલે કહ્યું કે મહિલાઓએ દરેક શેરીમાં અને દરેક સમયે સુરક્ષિત અનુભવ કરવો જોઈએ. તેમણે નિર્દેશ આપ્યો કે 'ઓપરેશન સૌજન્ય' હેઠળ જાહેર સ્થળોએ છેડતી અને ઉત્પીડન સામે કાર્યવાહી ચાલુ રાખવામાં આવે. મહિલાઓ સાથે સંકળાયેલા કેસોમાં તાત્કાલિક કાર્યવાહી થાય તે સુનિશ્ચિત કરવા માટે ખાસ કરીને સંવેદનશીલ સમય અને સ્થળોએ પિંક ફોર્સ તૈનાત કરવામાં આવશે.

જાહેર સુનાવણી સંબંધિત ફરિયાદો માટે ડિજિટલ ટ્રેકિંગ સિસ્ટમ વિકસાવવા સૂચનાઓ આપવામાં આવી હતી. આ સિસ્ટમને ફરિયાદો પ્રાપ્તિથી લઈને નિકાલ સુધી દેખરેખ રાખવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો, જેથી નિર્ધારિત સમયમર્યાદામાં કાર્યવાહી સુનિશ્ચિત કરી શકાય. અન્ય વિભાગો સંબંધિત ફરિયાદો સમયસર સંબંધિત એજન્સીઓને મોકલવા પણ સૂચના આપવામાં આવી હતી.

# ભારત-મધ્ય પૂર્વ-યુરોપ આર્થિક કોરિડોરને યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનું સમર્થન

વોશિંગ્ટન,

યુનાઈટેડ સ્ટેટ્સ અને ઈરાન વચ્ચેના યુદ્ધે સમગ્ર મધ્ય પૂર્વને ઘેરી લીધું છે. યુદ્ધની ઊર્જા અને અન્ય ચીજવસ્તુઓના પુરવઠા પર નોંધપાત્ર અસર પડી છે, જેના કારણે તેલ સહિત ઘણી ચીજવસ્તુઓમાં અછત સર્જાઈ છે. ચીજવસ્તુઓના ભાવમાં નોંધપાત્ર વધારો થયો છે. મધ્ય પૂર્વમાં આ ચાલુ તણાવ ક્યારે સમાપ્ત થશે તે હજુ સ્પષ્ટ નથી. આ સમયે, યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત-મધ્ય પૂર્વ-યુરોપ આર્થિક કોરિડોરને યાદ કર્યું. છે. ટ્રમ્પે આ કોરિડોર માટે પોતાનો ટેકો જાહેર કર્યો છે.

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું, "ઈરાન તેના પડોશી દેશોમાં વાણિજ્યિક શિપિંગ પર આતંકવાદી હુમલો કરે છે." હુમલો કર્યો. ઈરાન દ્વારા આ પગલાથી મધ્ય પૂર્વના ઉર્જા માળખામાં દરેકને ઈરાની ચેકપોઈન્ટથી દૂર રાખવામાં આવશે. ખસેડવાની તાત્કાલિક જરૂરિયાત દર્શાવવામાં આવી છે. તેથી જ મારું વહીવટ ભારત-મધ્ય પૂર્વ-યુરોપ આર્થિક કોરિડોર અને અન્ય તેલ પરિવહન વિકલ્પો માટે મજબૂત સમર્થન આપે છે - પછી ભલે તે પાઈપલાઈન હોય કે અન્યથા. "સાથે મળીને, આપણે દાયકાઓથી આ ક્ષેત્રને પીડિત પડકારોને દૂર કરવાની નજીક છીએ." ભારત-પશ્ચિમ એશિયા-યુરોપ આર્થિક કોરિડોર, નવી દિલ્હીમાં યોજાયેલી ૧૮મી જી-૨૦ સમિટ દરમિયાન. અથવા આઈએમઈસીની જાહેરાત કરવામાં આવી હતી.

# ઈસ્ટર આત્મઘાતી હુમલાના કેસમાં શ્રીલંકામાં ૧૫ આરોપીઓને ૨૦૦ વર્ષની જેલની સજા

## શ્રેણીબદ્ધ બોમ્બ વિસ્ફોટમાં ૧૧ ભારતીયો સહિત ૨૭૦ લોકો માર્યા ગયા હતા

કોલંબો,

૨૦૧૯ના ઈસ્ટર આત્મઘાતી હુમલાના કેસમાં શ્રીલંકાની એક કોર્ટે સજા જાહેર કરી. કોર્ટે ૨૪ આરોપીઓમાંથી ૧૫ આરોપીઓને દોષિત ઠેરવ્યા અને દરેકને ૨૦૦ વર્ષથી વધુની જેલની સજા ફટકારી.આઈએસઆઈએસ સાથે જોડાયેલા સ્થાનિક ઈસ્લામિક ઉગ્રવાદી જૂથ, નેશનલ તૌહીદ જમાત ના નવ આત્મઘાતી બોમ્બરોએ ૨૧ એપ્રિલ, ૨૦૧૯ ના રોજ ત્રણ કેથોલિક ચર્ચ અને ત્રણ વૈભવી હોટલોને નિશાન બનાવી શ્રેણીબદ્ધ બોમ્બ વિસ્ફોટો કર્યા હતા. આ હુમલાઓમાં ૧૧ ભારતીયો સહિત ૨૭૦ લોકો માર્યા ગયા હતા અને ૫૦૦ થી વધુ લોકો ઘાયલ થયા હતા.

'અદાડેરાના' ન્યૂઝ પોર્ટલમાં પ્રકાશિત થયેલા અહેવાલ મુજબ, કોલંબો હાઈકોર્ટની બેન્ચે તમામ ૧૫ દોષિતોને ૨૨૦ વર્ષની સખત કેદની સજા ફટકારી હતી. ન્યાયાધીશ નવરત્ને મરાસિંઘે, રામનાથન કન્નન અને સુજીવા નિસ્સ્કાની બનેલી ત્રણ સભ્યોની બેન્ચે ચુકાદો આપ્યો હતો, જેમાં ૧૫ આરોપીઓને દોષિત ઠેરવવામાં આવ્યા હતા અને નવ અન્યને નિર્દોષ જાહેર કરવામાં આવ્યા હતા.

નોંધનીય છે કે આ કેસમાં ટ્રાયલ લગભગ પાંચ વર્ષ સુધી ચાલી હતી, અને ત્યારબાદ, કોર્ટે મુખ્ય આરોપી, નૌફર મૌલવીને દોષિત ઠેરવ્યો હતો. આરોપીઓ સામે ૨૩,૨૭૦ આરોપો ઘડવામાં આવ્યા હતા, જ્યારે ફરિયાદ પક્ષે ૨,૩૦૯ સાક્ષીઓના નિવેદનો નોંધ્યા હતા.

એ નોંધવું જોઈએ કે આ કેસમાં આરોપીઓ પર આતંકવાદ નિવારણ અધિનિયમ હેઠળ હત્યા અને હત્યાનો પ્રયાસ, આતંકવાદી કૃત્યો કરવાનું કાવતરું અને શસ્ત્રો અને વિસ્ફોટકો રાખવા અને ઉપયોગ કરવાના આરોપો મૂકવામાં આવ્યા હતા. એ નોંધવું જોઈએ કે રાષ્ટ્રીય તૌહીદ જમાતના નેતા ઝહરાન હાશિમે ઈસ્ટર સન્ડેની નમાજને નિશાન બનાવનારી આત્મઘાતી ટુકડીનું વ્યક્તિગત નેતૃત્વ કર્યું હતું.

# ભારતને ડ્રગ્સ મુક્ત બનાવવા માટે રાજ્ય સરકારો અને કેન્દ્રીય વિભાગો વચ્ચે સંકલન અનિવાર્ય : અમિત શાહ

## કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે એન્ટી-નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સના વડાઓના ત્રીજા રાષ્ટ્રીય સમિટનું ઉદ્ઘાટન કર્યું

નવીદિલ્હી,

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે નશીલા પદાર્થો સામે નિર્ણાયક યુદ્ધની જાહેરાત કરી છે. અમિત શાહે કહ્યું કે સરકાર "લક્ષ્યો, સમયરેખા અને જવાબદારી" નક્કી કરશે અને ૨૦૨૯ સુધીમાં નશીલા પદાર્થો સામે સંપૂર્ણ વિજય મેળવવા માટે નિર્ણાયક યુદ્ધ લડશે, કારણ કે તે ભારત માટે સૌથી ગંભીર ખતરો બની ગયા છે.એન્ટી-નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સના વડાઓના ત્રીજા રાષ્ટ્રીય સમિટનું ઉદ્ઘાટન કરતા, અમિત શાહે કહ્યું કે જ્યાં સુધી બધી રાજ્ય સરકારો અને કેન્દ્રીય વિભાગો "૨૦૨૯ સુધીમાં ડ્રગ્સ મુક્ત ભારતનું મોટું લક્ષ્ય" પ્રાપ્ત કરવા માટે સાથે મળીને કામ નહીં કરે, ત્યાં સુધી આપણે આગળ વધી શકતા નથી.

અમિત શાહે વધુમાં કહ્યું, "છેલ્લા પાંચ વર્ષમાં, આપણે કાશ્મીરમાં આતંકવાદ, ઉત્તરપૂર્વમાં બળવાખોરી અને નક્સલવાદ જેવા ઘણા પડકારોનો સફળતાપૂર્વક સામનો કર્યો છે. ગૃહ મંત્રાલયે, બધા રાજ્યોના સહયોગથી, ભારત દાયકાઓથી સામનો કરી રહેલી મોટી સમસ્યાઓને દૂર કરી છે."

ડ્રગ્સ સામેની લડાઈને "બધી લડાઈઓમાં સૌથી મુશ્કેલ" ગણાવતા અમિત શાહે કહ્યું, "આપણે આ લડાઈ છોડી શકતા નથી. ૨૦૪૭ સુધીમાં 'વિકસિત ભારત' બનાવવા, યુવાનોને ભારતના વિકાસ સાથે જોડવા અને ભાવિ પેઢીઓને બચાવવા માટે, આપણો એકમાત્ર વિકલ્પ ભારતને ડ્રગ્સ મુક્ત બનાવવાનો છે." જોકે, અમિત શાહે એમ પણ કહ્યું કે પીએમ મોદીના નેતૃત્વમાં, ડ્રગ્સ મુક્ત ભારતનું લક્ષ્ય હાંસલ કરવા માટે ઘણા પગલાં લેવામાં આવ્યા છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું, "હવે આપણે મીટિંગ્સથી મિશન તરફ, રિપોર્ટિંગથી પરિણામો તરફ, જપ્તીથી નેટવર્કને તોડી પાડવા તરફ અને કેસોથી સજા તરફ આગળ વધવું પડશે."



તેમણે વધુમાં કહ્યું કે પ્રથમ એએનટીએફ પરિષદે એક સંસ્થાકીય માળખું સ્થાપિત કર્યું અને પછી તેને મજબૂત બનાવ્યું. પછી, બીજી એએનટીએફ પરિષદમાં, અમે તે માળખાને કાર્યમાં રૂપાંતરિત કરવા માટે ક્ષમતાઓ, ક્રિયાઓ અને અમલીકરણની ચર્ચા કરી. આજે, ત્રીજી એએનટીએફ પરિષદ આ રોડમેપને નિર્ણાયક યુદ્ધમાં પરિવર્તિત કરશે.

# રાહુલ ગાંધીએ 'મત ચોરી'ને ભારતીય લોકો સામેનો ગુનો અને બંધારણ પર સીધો હુમલો ગણાવ્યો, ન્યાય મળશે તેવી પ્રતિજ્ઞા લીધી

## ભાજપ, આરએસએસ અને ચૂંટણી પંચ પર આ ઘટનાનું આયોજન કરવાનો આરોપ લગાવ્યો

નવીદિલ્હી,

એસઆઈઆર અંગે ચૂંટણી પંચ સામે ચાલી રહેલા વિવાદ વચ્ચે, કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ આકરા પ્રહારો કર્યા છે. રાહુલ ગાંધીએ 'મત ચોરી'ને ભારતીય લોકો સામેનો ગુનો અને બંધારણ પર સીધો હુમલો ગણાવ્યો. તેમણે ભાજપ, આરએસએસ અને ચૂંટણી પંચ પર આ ઘટનાનું આયોજન કરવાનો આરોપ લગાવ્યો, તેને "રાજદ્રોહ" ગણાવ્યો અને ન્યાય મળશે તેવી પ્રતિજ્ઞા લીધી.

રાહુલ ગાંધીના "મત ચોરી"ને બંધારણ પર હુમલો અને ભાજપ, આરએસએસ અને ચૂંટણી પંચના કાર્યોને "રાજદ્રોહ" ગણાવવાના નિવેદનથી વિવાદ વધુ તીવ્ર બન્યો છે. જ્યારે વિપક્ષ ચૂંટણી પંચની



વિશ્વસનીયતા અને મુખ્ય ચૂંટણી કમિશનરની ભૂમિકા પર સવાલ ઉઠાવી રહ્યો છે, ત્યારે ચૂંટણી પંચે બે ચૂંટણી કમિશનરોના અસંમતિના દાવાઓને ફગાવી દીધા છે, અને તેના નિર્ણયો સર્વસંમતિથી લેવામાં આવ્યા હોવાનું જાહેર કર્યું છે.

કેરળના નિલંબુરમાં પ્રિયંકા ગાંધીએ કહ્યું કે આ લોકશાહી માટે ખૂબ જ ગંભીર મુદ્દો છે. તેમણે કહ્યું કે જો ચૂંટણીઓ યોજવામાં ન આવે તો લોકશાહી ક્યાં રહેશે. પ્રિયંકા ગાંધીએ કહ્યું કે જો ચૂંટણીઓ કોઈપણ રીતે અન્યાયી અથવા પ્રભાવિત હોય, અને ચૂંટણી પંચ તેની જાણ હોવા છતાં આ થવા દે, તો તે લોકશાહી પર ગંભીર હુમલો છે. તેમણે તેને "રાજદ્રોહ" ગણાવ્યો.

કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ પણ આ વિવાદ પર તીવ્ર પ્રતિક્રિયા આપી હતી. તેમણે કહ્યું કે કોંગ્રેસ અને વિપક્ષી પક્ષો ઘણા વર્ષોથી ચૂંટણીની નિષ્પક્ષતા પર પ્રશ્નો ઉઠાવી રહ્યા છે. ખડગેએ ફોર્મ ૬, સોફ્ટવેરના કથિત ઉપયોગ, મતદાર યાદીઓ અને પારદર્શિતા સંબંધિત મુદ્દાઓનો ઉલ્લેખ કરીને રાહુલ ગાંધીના 'મત ચોરી' અને SIR પર પણ પ્રશ્નો ઉઠાવ્યા હતા. ખડગેએ એમ પણ કહ્યું હતું કે SIRના પહેલા ત્રણ તબક્કામાં ૩૧ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની ડ્રાફ્ટ મતદાર યાદીઓમાંથી ૧૩૮ મિલિયન નામો બાકાત રાખવામાં આવ્યા હતા.

# ‘સેફ ડ્રાઈવિંગ’ના સંદેશા સાથે જામનગરમાં રોડ સેફટી રેલી યોજાઈ

## કલેક્ટર પરિમલ પંડ્યા, એસપી ડો. રવિ મોહન સૈની, ડીડીઓ નિશા, કમિશનર દીપેશ કેડિયા અને મેયર મોનિકાબેન વ્યાસ સહિતના મહાનુભાવોની ઉપસ્થિત


તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરમાં જિલ્લા વહીવટી તંત્રના સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત માર્ગ સલામતી અંગે જનજાગૃતિ ફેલાવવાના હેતુથી આજે ભવ્ય રોડ સેફ્ટી રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. રેલી દરમિયાન શહેરના માર્ગો પર સલામત વાહનચાલનનો સંદેશ ગુંજ્યો હતો અને વાહનચાલકોને ટ્રાફિક નિયમોનું પાલન કરવા અપીલ કરવામાં આવી હતી.

રોડ સેફ્ટી રેલીમાં જામનગર જિલ્લા કલેક્ટર પરિમલ પંડ્યા, જિલ્લા પોલીસ વડા ડો. રવિ મોહન સૈની, જિલ્લા વિકાસ અધિકારી નિશા, જામનગર મહાનગરપાલિકાના કમિશનર દીપેશ કેડિયા તથા મેયર મોનિકાબેન વ્યાસ સહિતના અધિકારીઓ અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

રેલી દરમિયાન માર્ગ સલામતીના નિયમો અંગે લોકોને જાગૃત કરવામાં આવ્યા હતા. વાહન ચલાવતી વખતે હેલ્મેટ અને સીટબેલ્ટનો ફરજિયાત ઉપયોગ કરવા, વાહન હંકારતી વખતે મોબાઈલ ફોનનો ઉપયોગ ન કરવા, ટ્રાફિકના નિયમોનું પાલન કરવા તેમજ અન્ય વાહનચાલકોની સલામતીને પણ ધ્યાનમાં રાખીને જવાબદારીપૂર્વક વાહન ચલાવવા અપીલ કરવામાં આવી હતી.

જિલ્લા વહીવટી તંત્ર દ્વારા યોજાયેલી આ જનજાગૃતિ રેલીનો મુખ્ય હેતુ માર્ગ અકસ્માતોમાં ઘટાડો લાવવા અને નાગરિકોમાં સલામત વાહનચાલન અંગે જવાબદારીની ભાવના વિકસાવવાનો રહ્યો હતો. રેલીના માધ્યમથી ‘સેફ ડ્રાઈવિંગ’ અને ‘સુરક્ષિત મુસાફરી’નો સંદેશ જામનગર શહેરના માર્ગો પર પહોંચાડવામાં આવ્યો હતો.

# જામનગરમાં પતિ સાથે સામાન્ય બાબતનું મનદુ:ખ થતા પરિણીતાએ જીવન ટૂંકાવ્યુ

### ભીના પોતા પર ચંપલ પહેરી ચાલવા બાબતે પતિ સાથે બોલાચાલી થતા અંતિમ પગલું ભર્યું

જામનગર : જામનગરના સેનાનગર વિસ્તારમાં આશાપુરા દુકાનની બાજુમાં રહેતી એક પરિણીતાને સામાન્ય બાબતમાં પતિ સાથે થયેલા મનદુ:ખ બાદ તેણીએ ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધાનો બનાવ સીટી-સી પોલીસમાં નોંધાયો છે.

પ્રાપ્ત વિગત મુજબ જામનગરમાં સેનાનગર વિસ્તારમાં આશાપુરા દુકાનની બાજુમાં રહેતા કોમલબેન આકાશ કાલીરમણ નામની ૨૬ વર્ષીય પરિણીતા ઘરે કચરા-પોતા કરી રહ્યા હતા ત્યારે પતિ આકાશ સુરજમલ કાલીરમણ સાથે ભીના પોતા ઉપર ચંપલ પહેરીને ચાલતાં હતા. આ બાબતે બંને વચ્ચે બોલાચાલી થઈ હતી. જે બાબતનું મનદુ:ખ થતાં પતિ બપોરે જમ્યા વગર નોકરી પર જતા રહ્યા હતા. કોમલબેને તેમને જમવાનું કહેતાં પણ તેમણે જમવાનું લીધું ન હતું. સાંજે નોકરી પરથી પરત આવ્યા બાદ પણ બંને વચ્ચે વાતચીત થઈ ન હતી.

આ સમગ્ર બાબતનું મનમાં લાગી આવતાં કોમલબેને પોતાના ઘરે ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવી લીધું હતું. આ બનાવ અંગે મૃતકના પતિ આકાશ કાલીરામણે પોલીસને જાણ કરતા સીટી-સી પોલીસની ટીમ ઘટનાસ્થળર દોડી ગઈ હતી અને મૃતદેહનો કબ્જો સાંભળી બનાવ અંગે વધુ તપાસ પોલીસ સબ-ઈન્સ્પેક્ટર કે.એચ. ચાવડા દ્વારા હાથ ધરવામાં આવી છે.

# જામનગરના ચકચારી ગુજસીટોક પ્રકરણમાં કોર્પોરેટર અલ્તાફ ખફી સહિત ચાર આરોપીને હાઈકોર્ટમાથી મળ્યા શરતી જામીન



જામનગર : જામનગર મનપાના બે વિપક્ષી કોર્પોરેટર, તેના સાગરિતો સહિત બંને જુથના ૨૯ શખ્સો સામે તા. ૫ એપ્રિલના રોજ નોંધાયેલા ચર્ચાસ્પદ ગુજસીટોક કેસમાં જામનગરના કોર્પોરેટર સહિત ૪ આરોપીઓને હાઈકોર્ટમાંથી જામીન મળ્યા છે. ચાર આરોપીઓને શરતી જામીન મળતા હાઈકોર્ટના આ હુકમથી આરોપી પક્ષને રાહત મળી છે.

જામનગર પોલીસે અગાઉ સંગઠિત ગુનાખોરી નિયંત્રણ ધારા (ગુજસીટોક) કેસમાં સંડોવાયેલા જામનગર વોર્ડ નંબર ૧૨ ના કોર્પોરેટર અલ્તાફ ખફી ઉપરાંત ઓસમાણ ખફી, સુફિયાન પટણી અને શાહિદ ઈમ્તિયાઝ ખફી સહિતનાઓની ધરપકડ બાદ હાલ આરોપીઓ જુદી જુદી જેલમાં બંધ હતા ત્યારબાદ આરોપીઓ દ્વારા જામીન મેળવવા માટે અદાલતમાં અરજી કરવામાં આવી હતી. નીચલી અદાલતમાં રાહત નહીં મળતાં ચારેય આરોપીઓએ ગુજરાત હાઈકોર્ટમાં જામીન અરજી કરી હતી. હાઈકોર્ટ સમક્ષ બચાવ પક્ષના વકીલો દ્વારા કરવામાં આવેલી રજૂઆતો અને દલીલોને ધ્યાને લઈ અદાલતે ચારેય આરોપીઓને શરતી જામીન પર મુક્ત કરવાનો હુકમ કર્યો હોવાનું જાણવા મળે છે.

બચાવ પક્ષના વકીલની વિસ્તૃત દલીલો-રજુઆત સાંભળ્યા બાદ ચારેય આરોપીઓના હાઈકોર્ટે શરતી જામીન મંજુર કર્યા છે.

જેમાં પ્રાથમિક માહીતી મુજબ પાસપોર્ટ જમા કરાવવો, દર અઠવાડીયે પોલીસ મથકે હાજરી આપવી અને સાક્ષીઓને પ્રભાવિત ન કરવા જેવી કડક શરતો મુકાઈ હોવાનુ જાણવા મળ્યુ છે.

# ખંભાળિયા નજીક લલીયા ગામ પાસે બે કારના અકસ્માતમાં યુવતીનું મોત

### માતા - પિતાને ઈજા પહોચતા સારવાર હેઠળ: કેશોદના પરિવારને નડ્યો જીવલેણ અકસ્માત



ખંભાળિયા : ભાણવડ - ખંભાળિયા હાઈવે પર આવેલ લલીયા ગામ પાસે કેશોદ ગામના એકજ પરિવારના કારમાં સવાર માતા, પિતા અને પુત્રીને અકસ્માત નડ્યો હતો જેમાં સામેથી આવતી અન્ય કારના ચાલકે ઠોકર મારતા પુત્રીનું શરીરે ગંભીર ઈજાના કારણે મોત નિપજ્યું હતું જ્યારે માતા - પિતા ઈજાગ્રસ્ત થતા તેઓને હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. આ બનાવની જાણ થતા સ્થાનિક પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને મૃતક યુવતીના ભાઈની ફરિયાદ પરથી અન્ય કાર ચાલક સામે ગુન્હો નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

મળતી માહિતી અનુસાર ખંભાળિયા તાલુકાના કેશોદ ગામમાં રહેતા રામદેભાઈ આંબલીયા તેમજ તેઓના પત્ની હીરીબેન અને દીકરી ભાવનાબેન વિગેરે જી.જે. ૩૭. બી. ૨૧૮૪ નંબરની કારમાં ભાણવડ - ખંભાળિયા હાઈવે પર આવેલ લલીયા ગામના પાટીયા પાસેથી પસાર થતાં હોય દરમિયાન ત્યાં જી. જે. ૦૯. બી. પી. ૭૭૭૮ નંબરની સ્વિફ્ટ કારના ચાલકે પોતાનું વાહન પૂરઝડપે, બેફિકરાયથી અને ગફલતભરી રીતે ચલાવી સામેથી ઠોકર મારી અકસ્માત સર્જતા અલ્ટો કારમાં સવાર પરિવારના ભાવનાબેનનું માથાના ભાગમાં ગંભીર ઈજા પહોંચતા મૃત્યુ નિપજ્યું હતું

જ્યારે રામદેભાઈને છાતીના તથા બન્ને પગમાં ફેક્ચરની અને તેઓના પત્ની હીરીબેનને જમણા પગમાં ફેક્ચરની ઈજા પહોંચતા તેઓને તાત્કાલિક સરકારી ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા સારવાર અર્થે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા બીજીતરફ અકસ્માતના આ બનાવની ખંભાળિયા પોલીસ દફતરે રવિભાઈ રામદેભાઈ આંબલીયા દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવતા પોલીસે સ્વિફ્ટ કારના ચાલક સામે ગુન્હો નોંધી તેને ઝડપી લેવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. અકસ્માતના આ બનાવથી મૃતકના પરિવારમાં ભારે ગમગીની પ્રસરી ગઈ છે.

# જામનગરમાં પરેડ દરમિયાન આર્મી જવાન અચાનક ઢળી પડતા મોત નીપજ્યું

જામનગર : જામનગરના આર્મી એરિયામાં પીટી પરેડ દરમિયાન એક આર્મી જવાન અચાનક બેભાન થઈને ઢળી પડતા તેઓને તત્કાલિ હોસ્પિટલ લઈ ગયેલ જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતા.

પ્રાપ્ત વિગત મુજબ, જામનગરના આર્મી એરિયા, એમ.ટી. પાર્ક, ન્યુ જેલ રોડ ખાતે યશબીરસિંઘ નાથુસિંઘ યાદવ (ઉંમર ૪૭), જે આર્મી એરિયા ખાતે ૩૧ સિગ્નલ કંપનીમાં આર્મીમેન તરીકે ફરજ બજાવતા હતા, તેઓ પોતાની નિત્યક્રમ મુજબ પીટી પરેડ કરવા ગયા હતા. દરમિયાન તેઓ અચાનક બેભાન થઈને પડી જતાં પ્રથમ સારવાર માટે આર્મી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ત્યારબાદ વધુ સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં લઈ જવાયા હતા. જોકે સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નિપજ્યું હતું.

આ અંગે આર્મી એરિયામાં ફરજ બજાવતા વિજયકુમાર પરબતભાઈ કણેત દ્વારા પોલીસને જાણ કરવામાં આવતા સીટી-એ ડિવિઝન પોલીસ હોસ્પિટલ દોડી જઈ મૃતદેહનો કબ્જો સાંભળી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# ભાણવડમાં પાનના વેપારીના મકાનમાંથી ગેસ રિફલીંગનું નેટવર્ક ઝડપાયું


### ખાલી, ભરેલા ગેસના બાટલા અને અન્ય સાધન - સામગ્રી સહિત રૂ. ૧૭ હજારનો મુદ્દામાલ કબ્જે



ખંભાળિયા : ભાણવડ શહેરમાં પોલીસે બાતમીના આધારે દરોડો પાડી એક રહેણાંક મકાનમાંથી ગેસ રિફલીગનું નેટવર્ક ઝડપી લીધું હતું જેમાં પાન - મસાલાની દુકાન ચલાવતો શખ્સ માનવ જિંદગી જોખમાય તે રીતે ભરેલા ગેસના બા ખાલી બાટલામાં રિફલીંગ કરતા મળી આવતા તેની અટકાયત કરી ગેસના બાટલા તથા અન્ય સાધન - સામગ્રી સહિત રૂ. ૧૭ હજારનો મુદ્દામાલ કબ્જે લઈ આગળની કાર્યવાહી આરંભી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર ભાણવડ શહેરમાં ઘુમલી રોડ પર આવેલા દુધેશ્વર મંદિરની સામે રહેતા બટુકભાઈ જમનાદાસ ઠકરાર નામના શખ્સના રહેણાંક મકાનમાં એસ. ઓ. જી. પોલીસે બાતમીના આધારે દરોડો પાડ્યો હતો જ્યાં આ શખ્સ ફળિયામાં કોઈપણ પ્રકારના પરવાનાવગર ગેરકાયદેસર રીતે બેદરકારી દાખવી ગેસના ભરેલા બાટલમાંથી ગેસના ખાલી કોમર્શિયલ બાટલામાં રિફલીંગ કરી ગેરકાયદેસર વેંચાણ કરતો હોય આથી પોલીસે દરોડા દરમિયાન સ્થળપરથી ગેસના ભરેલા બે તથા ખાલી બે બાટલા ઉપરાંત એસેમ્બલ કમ્પ્રેસર ફીટ કરેલ ઈલેક્ટ્રીક મોટર, પાઈપ, રેગ્યુલેટર, નોઝલ સહિત કુલમળી રૂ. ૧૭ હજારનો મુદ્દામાલ કબ્જે લઈ બટુકભાઈ જમનાદાસ ઠકરાર સામે વિસ્ફોટક અધિનિયમ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# જામનગરમાં બુધવારે વધુ ૯૩ ગણેશનજીની મૂર્તિઓને વિદાય




તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : ‘છોટી કાશી’ જામનગરમાં ગણેશોત્સવ અંતર્ગત ગઈકાલે ગણેશ વિસર્જનનો ૧૦મો દિવસ હતો. જામનગર મહાનગરપાલિકા દ્વારા ખંભાળિયા બાયપાસ તથા સરદાર રિવેરા ખાતે તૈયાર કરાયેલા બંને વિસર્જન કુંડમાં આજે વધુ ૯૩ ગણેશ મૂર્તિઓનું ભક્તિભાવપૂર્વક વિસર્જન કરવામાં આવ્યું હતું. મહાનગરપાલિકાના આંકડા મુજબ ગઈકાલે ખંભાળિયા બાયપાસ વિસર્જન કુંડમાં (૫૨) તથા સરદાર રિવેરા કુંડમાં (૪૧) મળી કુલ ૯૩ મૂર્તિઓનું વિસર્જન થયું હતું. આ સાથે દસ દિવસમાં ખંભાળિયા બાયપાસ કુંડમાં કુલ ૨૯૭૭ અને સરદાર રિવેરા કુંડમાં ૮૯૦ મળી બંને કુંડમાં કુલ ૩૮૬૭ ગણેશ મૂર્તિઓનું વિસર્જન થયું છે. બંને કુંડ ખાતે ગણેશ ભક્તો દ્વારા ‘ગણપતિ બાપા મોરિયા’ના જયઘોષ સાથે પોતાના આરાધ્ય દેવને શ્રદ્ધાપૂર્વક વિદાય આપવામાં આવી રહી છે.

# સિક્કામાં ડ્રાઈવરનો મોબાઈલ આપમેળે અપડેટ થઈ જતા ખાતામાંથી ૫૦ હજાર ઉપડી ગયા

જામનગર : જામનગર નજીક સિક્કા ગરીબ નવાઝ ચોક વિસ્તારમાં રહેતા અને ડ્રાઈવિંગ કામ કરતા ફારુખભાઈ જુનસભાઈ ચમડીયા પોતાના મોબાઈલમાં ફેસબુક પર ટિકટોક ડાઉનલોડ કરવાની પોસ્ટમાં આવેલી લિંક પર ક્લિક કરી એપ્લિકેશન ડાઉનલોડ કર્યા બાદ તેમના બેંક ખાતામાંથી રૂ.૫૦ હજાર અજાણ્યા ખાતામાં ટ્રાન્સફર થઈ ગયા અંગે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

પ્રાપ્ત વિગત મુજબ ફારુખભાઈ તા.૧૭ સપ્ટેમ્બરની રાત્રે તેઓ મોબાઈલમાં ફેસબુકનો ઉપયોગ કરી રહ્યા હતા ત્યારે ટિકટોકની એક પોસ્ટ જોવા મળી હતી. જે પોસ્ટમાં આવેલી લિંક પર ક્લિક કરતાં બતાવાયેલી એપ્લિકેશન તેમણે ડાઉનલોડ કરી હતી. બીજા દિવસે તેઓ ડ્રાઈવિંગના કામે વાડીનાર બહાર ગયા હતા. બપોરે તેમણે ગુગલ પે મારફતે એક દુકાન પર રૂ.૫૫ નું પેમેન્ટ કર્યું હતું. પેમેન્ટ કર્યાના થોડા સમય બાદ તેમનો મોબાઈલ આપમેળે બે વખત અપડેટ થયો અને ત્યારબાદ રીસ્ટાર્ટ થયો હતો.

દરમિયાન બપોરે ૨.૫૧ વાગ્યાના અરસામાં તેમના મોબાઈલ પર બેંક ખાતામાંથી રૂ.૫૦ હજાર ઉપડી ગયાનો સંદેશ આવ્યો હતો. તેમણે યુપીઆઈની લેવડદેવડની વિગતો તપાસતાં રૂ.૫૦ હજાર અજાણ્યા ફેડરલ બેંકના ખાતામાં ટ્રાન્સફર થયેલા હોવાનું જાણવા મળ્યું હતું. આ અંગે સાયબર છેતરપિંડી થયાની જાણ થતાં તેમણે સાયબર ક્રાઈમ હેલ્પલાઈન ૧૯૩૦ પર સંપર્ક કરી ફરિયાદ નોંધાવી હતી.

ત્યારબાદ જાણવા મળ્યું કે તેમની રકમ ફેડરલ બેંકના ખાતા નં. ૨૦૦૯૦૧૦૦૦૯૧૫૦૦માં ટ્રાન્સફર થઈ હતી. આ ખાતામાંથી ચેક મારફતે કુલ રૂ.૧.૯૦ લાખ ઉપાડવામાં આવ્યા હોવાનું પણ જાણવા મળ્યું છે. આ બનાવમાં ફ્રુકભાઈની ફરિયાદ પરથી સિક્કા પોલીસે ફેડરલ બેંકના એકાઉન્ટ નં. ૨૦૦૯૦૧૦૦૦૯૧૫૦૦ના ખાતા ધારક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# દ્વારકામાં પૂરઝડપે બાઈક ચલાવી સ્ટંટ કરતા પોલીસે પ્રૌઢના સીન વીંખી નાખ્યો

### સોશિયલ મીડિયામાં વીડિયો વાયરલ થયા બાદ પોલીસે ત્વરિત કાર્યવાહી કરી



દ્વારકા : દ્વારકા શહેરમાં પૂરઝડપે મોટરસાયકલ ચલાવી સ્ટંટ કરતા શખ્સનો સોશિયલ મીડિયામાં વિડિયો વાયરલ થયો હતો ત્યારબાદ પોલીસે ત્વરિત કામગીરી હાથ ધરી આખરે એક પ્રૌઢ કે જે આડેધડ મોટરસાયકલ ચલાવી સ્ટંટ કરતો હોઈ તેનો સીન વીંખી નાખ્યો હતો અને તેની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર હાલના જમાનામાં સોશિયલ મીડિયા પર રીલો નિહાળી લોકોને અવનવા પેતરા કરવાનું સુઝે છે જે ક્યારેક અન્ય નિર્દોષ લોકો માટે ઘાતકી પણ બની શકે તેવામાં દ્વારકામાંથી એક પ્રૌઢને પૂરઝડપે મોટરસાયકલ ચલાવી સ્ટંટ કરવાનું શૂરાતન ચડ્યું પરંતુ પ્રથમ સોશિયલ મીડિયામાં વિડીયો વાયરલ થયા બાદ ટ્રાફિક પોલીસની હડફેટે ચડી જતા તેનો સીન વિખાય ગયો હતો અને પોલીસ દ્વારા તેની અટકાયત કરવામાં આવી મોટરસાયકલ કબ્જે લઈ કાયદાનું ભાન કરાવ્યું હતું. હજુપણ પોલીસે કડક હાથે કામગીરી કરી છપરીવેડા કરતા શખ્સોને ખો ભુલાવી દેવી જોઈએ તેવી પ્રબળ લોક માંગણી ઊઠવા પામી છે.

# જામનગર શહેર-જિલ્લામાં ચાર વ્યક્તિના મૃત્યુ

### ઝેરી દવા પી લેતાં યુવકનું મોત, બીમારીથી આધેડે જીવ ગુમાવ્યો : તબિયત લથડતાં બે વ્યક્તિના મૃત્યુ

જામનગર : જામનગર શહેર અને જિલ્લામાં અલગ-અલગ ચાર બનાવમાં યુવાન, આધેડ સહિત ચાર વ્યક્તિના મૃત્યુ નિપજ્યા બનાવો પોલીસ મથકમાં નોંધાયા છે.

જામનગરના નજીક ધુવાવ ગામે રહેતા ૨૮ વર્ષીય જતીનભાઈ નરેન્દ્રભાઈ કણજારીયાએ આર્થિક રીતે પૈસાની જરૂરિયાત અને લગ્ન ન થયા હોવાની બાબત મનમાં લાગી આવતા તા.૧૨ ના રોજ ઝેરી દવા પી લેતા સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નિપજ્યું હતું. આ અંગે તેમના પિતા નરેન્દ્રભાઈ કણજારીયાએ પોલીસને જાણ કરી હતી.

આ ઉપરાંત જોડીયા તાલુકાના કેશીયા ગામે ૬૧ વર્ષીય રૂઘનાથભાઈ કુવરજીભાઈ ગોધાણીને મગજની બીમારી તથા પેરાલીસીસનું ઓપરેશન કરાવવામાં આવ્યું હતું. તબિયત ખરાબ થતાં અમદાવાદની હોસ્પિટલમાં સારવાર બાદ તેમને વતન કેશીયા લાવવામાં આવ્યા હતા. ત્યારબાદ તબિયત વધુ બગડતાં ધ્રોલની સરકારી હોસ્પિટલમાં લઈ જવાયા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા.

જ્યારે મેઘપર-પડાણા પોલીસ મથક હેઠળના કાનાલુસ ગામે ૫૪ વર્ષીય અજીતસિંહ ઉમેરસિંહ સોલંકી પોતાના ઘરના ગોડાઉનમાં કડિયા કામ કરતા હતા. દરમિયાન અચાનક તબિયત બગડતાં તેમને જામનગરની જી.જી. હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નિપજ્યું હતું.

ઉપરાંત શહેરના શંકર ટેકરીમાં વલ્લભનગર વિસ્તારમાં રહેતા ૫૦ વર્ષીય ગીરધરભાઈ શંકરભાઈ વાઘેલાની ઘરે તબિયત સારી ન રહેતાં તેમને જી.જી. હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાયા હતા. જોકે ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા.